Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી આત્માનંદ પ્રકાશ

આત્મ સં. ૮૩ (ચાલુ) વીર સં. ૨૫૦૪
વિક્રમ સં. ૨૦૩૪ ફાગણ-ચૈત્ર

વાર્ષિક લવાજમ રૂા. ૭

## મહાવીર જન્મકલ્યાણક વિશેષાંક

### શ્રી મહાવીર લગની લાગી

( ચાલ-રઘુપતિ રાઘવ રાજા... )

જય મહાવીર, જય મહાવીર, જય જય જય જય, જય મહાવીર. ૧
ત્રિશલાનંદ શ્રી મહાવીર, સિદ્ધારથના લાડલા વીર. ૨
ક્ષત્રિય કુળ જન્મ્યા શૂરવીર, ક્ષત્રિય કુંડ ઉપન્યા વડવીર. ૩
ભારત પુણ્ય પનોતા વીર, અહિંસાના અવતાર હે વીર. ૪
કરુણાનિધિ શમરસમન્દિર, સમતાના ભંડાર હે વીર. ૫
સાગર સમ જે છે ગંભીર, સુરગિરિ સમ જે છે ધીર. ૬
ભવ દાવાનળ શામક નીર, વિશ્વોદ્ધારક શ્રી મહાવીર. ૭
જ્ઞાન દીપક પ્રગટાવી સુચિર, જગના તારણહાર હે વીર. ૮
નમીએ નમાવી નિશદિન શિર, સુરનર હૃદયના હાર હે વીર. ૯
અહિંસા પયગમ્બર વીર, કાપો કીર્તિ કર્મ જંજીર. ૧૦

જૈન ધર્મના સિદ્ધાંતો મને ઘણા જ પ્રિય છે. મારી એ ઇચ્છા છે કે મૃત્યુ પછી હું જૈન પરીવારમાં જન્મ લઉં.

—જ્યોર્જ બર્નાર્ડ શૉ

જૈનદર્શન સ્વતંત્રદર્શન છે. હું મારો નિશ્ચય જણાવું છું કે જૈન ધર્મ એ મૂળ ધર્મ છે, સર્વ દર્શનોથી તદ્દન જુદો અને સ્વતંત્ર છે. પ્રાચીન ભારતવર્ષમાં તત્ત્વજ્ઞાન અને ધાર્મિક જીવનના અભ્યાસ માટે તે ઘણો અગત્યનો છે. —જર્મન ડૉ૰ હર્મન જેકોબી

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર

પુસ્તક : ૭૫ ] માર્ચ-એપ્રિલ : ૧૯૭૮ [ અંક : ૫-૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# : અનુક્રમણિકા :


| લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|
| ૐ અર્હં મહાવીર જિનેશ્વર ( કાવ્ય ) | આચાર્ય શ્રી બુદ્ધિસાગરસૂરી | ૬૯ |
| ભગવાન શ્રી મહાવીરસ્વામી | શાસ્ત્રી રમેશ લાલજી ગાલા | ૭૦ |
| અભિગ્રહ | શ્રી મણીલાલ વનમાળીદાસ શેઠ | ૭૩ |
| સદ્દાલપુત્રનો નિયતિવાદ | શ્રી અધ્યાયિ | ૭૭ |
| અપરિગ્રહનો આનંદ | ડૉ. કુમારપાળ દેસાઈ | ૭૯ |
| ' મતિ તેવી ગતિ ' અને ' સ્વભાવ તેવો પ્રભાવ ' | ડૉ. ભાઈલાલ એમ. બાવીશી | ૮૧ |
| ભગવાન મહાવીરનો ઔદાર્યવાદ | પં. શ્રી પૂર્ણાનન્દવિજય મહારાજ | ૮૩ |
| જીવન અને જગતને અમૃતમય કરનાર જ્ઞાનોપાસકની ચિર વિદાય | રતિલાલ દીપચંદ દેસાઈ | ૮૭ |
| ડૉ. નરોત્તમદાસ કાપડીયા | કુન્દનિકા કાપડીઆ | ૯૧ |
| અપૂર્વ અવસર એવો ક્યારે આવશે | શ્રીમદ્ રાજચંદ્ર | ૯૪ |
| શ્રીમદ્ રાજચંદ્રની સીદ્ધપદ ભાવના | સરયુબેન મહેતા | ૯૫ |
| સ્વ. પ્રિય મિત્ર રમણભાઈ શેઠ | શ્રી ગુલાબચંદ લલ્લુભાઈ | ૯૯ |
| સમાચાર સંચય | — | ૧૦૦ |


આ સભાના નવા આજીવન સભ્ય

## શ્રી હરીલાલ જેઠાલાલ લાખાણી (દીહોરવાળા) ભાવનગર

## એ આદર્શ સ્વામિવાત્સલ્ય અને સેવાભાવિ સ્વયંસેવકો

સ્વામિવાત્સલ્ય સંવત ૨૦૩૩ ના ભાદરવા સુદ ૫ ના રોજ શ્રીમતિ રંભાબેન ગુલાબચંદ આણંદજીના આત્મશ્રેયાર્થે શ્રી સંઘની ઉછામણીથી કરવામાં આવેલ હતું. આ સ્વામિવાત્સલ્ય બહુ રૂડી રીતે કરવામાં આવ્યું હતું.


શ્રી સંઘ જમાડવાની વ્યવસ્થા નાણાવટી શ્રી રમણિકલાલ માણેકચંદ તથા શ્રી નિર્મળાબેન રમણિકલાલ તથા સંઘની કમિટિ તરફથી શ્રેષ્ટ હતી અને તેમાં સ્વયંસેવકોની સેવા અનુપમ હતી.

આ સેવાભાવિ સ્વયંસેવકોની સેવા રસિકતા જોઈને વિચાર આવે છે કે આ ઉત્સાહી સ્વયંસેવકોની એક મોટી કમિટિદ્વારા સ્વય સેવા મંડળ જુથની રચના થાય તો તે દ્વારા સમાજોપયોગી ઘણા અગત્યના કાર્યો સંઘ જમણની સેવા ઉપરાંત થઈ શકે. આજના યુવાનો સાચી સેવા કરવા ઝંખે છે. જો તેઓ આ કાર્ય આનંદપૂર્વક ઉપાડી લે તો આપણા સમાજને ઘણો ફાયદો થશે આશા છે કે આવી એક જરૂરી શુભ પ્રવૃત્તિને હાથમાં લેવા આપણા સેવાભાવી બંધુઓ કટીબદ્ધ થશે.

卐

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




• તંત્રી : શ્રી ગુલાબચંદ લલ્લુભાઈ શાહ •

વર્ષ : ૭૫ | વિ. સં. ૨૦૩૪ ફાગણ–ચૈત્ર : માર્ચ–એપ્રિલ ૧૯૭૮ | અંક : ૫–૬

# ૐ અર્હં મહાવીર જિનેશ્વર




ૐ અર્હં મહાવીર જિનેશ્વર, જાપ જપું દિન રાત રે;
પ્રભુ વિણ બીજું કાંઇ ન ઇચ્છું, માત પિતા તું ભ્રાત રે. ૧
પરા પશ્યંતિ મધ્યમા વૈખરી, જાપે ટળે સહુ પાપ રે;
રાગ દ્વેષ ન પાસે આવે, જાપ જપંતા અમાપ રે. ૨
જ્યાં ત્યાં અંતર બાહિર ધારણા, ત્રાટક તુજ ઉપયોગ રે;
જીભ ન હાલે માનસ જાપે, પ્રગટે આનંદ ભોગ રે. ૩
જડ ચેતન સહુ વિશ્વમાં પ્રભુની, સત્તા ધારણા યોગ રે;
આત્મ મહાવીર સત્તા પ્રગટે, થાતો કર્મ વિયોગ રે. ૪
પ્રભુ તુજ જાપના ધૂપથી નાસે, દુર્બુદ્ધિ દુર્ગંધ રે:
ક્ષણ ક્ષણ આતમ શુદ્ધિ વૃદ્ધિ, આતમ થાય અબંધ રે. ૫
પ્રભુ જાપે પ્રભુ ઘટમાં પ્રકાશ્યા, પ્રકટી સુખની ખુમારી રે;
બુદ્ધિસાગર મહાવીર લગની, પ્રકટી ન ઉતરે ઉતારી રે. ૬

× × ×

સબસેં વીર પ્રભુ મુજ વ્હાલા; વીર પ્રભુ મુજ વ્હાલા સબસેં.
વીર વીર નિત્ય રટન કરૂં હું, પીવા પ્રભુ ગુણ પ્યાલા. સબસેં૦
વીરની સેવા મીઠા મેવા, વીર રટન ઘટ સાચું;
વીર વચનામૃત પીધું જેણે, લાગે સહુ તસ કાચું. સબસેં૦
વીરની ભક્તિમાં સહુ શક્તિ. ભક્તિ વિના સહુ મોળું;
વીર નામે ભય સઘળા નાસે, મનડું હોવે ધોળું. સબસેં૦
પ્રેમે પ્રભુની ભક્તિ કરૂં નિત્ય, ભક્તિ સુખકર સાચી;
બુદ્ધિસાગર હું તો વીરના, નામે રહિયો રાચી. સબસેં૦

રચયિતા : આચાર્ય શ્રી
બુદ્ધિસાગરસૂરિશ્વરજી મ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ભગવાન શ્રી મહાવીરસ્વામી

લેખક : શાસ્ત્રી રમેશ લાલજી ગાલા
ગામ-લાયની મોટા

ચૈત્ર સુદ તેરસનાં, જન્મ્યા વીર ભગવાન;
રાજા સિદ્ધાર્થના ઘેર વર્ત્યો જય જયકાર.

મધ્યદેશનાં ક્ષત્રિયકુંડ શહેરમાં આજથી ૨૫૭૬ વર્ષ પહેલા ભગવાન મહાવીરદેવનો જન્મ થયો. વીર ભગવાનના જન્મ વખતે ભારત ભૂમિમાં હિંસાનો પ્રવાહ વહી રહ્યો હતો. આ હિંસા જ ધર્મના નામને છુપાવી રહી હતી. કોઇ ધર્મને જાણનાર આ અવની પર ન હતો. માણુસ માણુસને, પશુ પશુને ખાય એવો સમય તે વખતે હતો. પણ હિંસારૂપ મહા સર્પિણીને નાશ કરવા વીર ભગવાને ભારતભૂમિ ઉપર અવતાર લીધો.

કોઈ પણ માતા મહાન પુરુષને જન્મ આપે ત્યારે ચૌદ સ્વપ્ન જુએ છે. રાજા સિદ્ધાર્થપત્નિ ત્રિશલાની કુક્ષિએ પણ જ્યારે મહાવીરસ્વામીનો જીવ આવે છે ત્યારે તે ચૌદ મહાસ્વપ્ન જુએ છે. પ્રભાતે ઊઠી સ્વપ્નોની વાત તે પોતાના પતિ સિદ્ધાર્થ રાજાને કહે છે. રાજા સિદ્ધાર્થ પણ મહાન જ્યોતિષીને બોલાવી ત્રિશલાએ નિરખેલા સ્વપ્નોનું ફળ પૂછાવે છે. ત્યારે જ્યોતિષી કહે છે કે, હે મહાનુભાવ! આપના કુળને તો શું પણ ત્રિભુવનમાં પ્રકાશ ફેલાવનાર મહાન વિભૂતિનો જન્મ આપના ઘેર થવાનો છે. આ વાતની રાણીને ખબર પડે છે, તે પણ આનંદથી દિવસો પસાર કરે છે. સમય જતાં વાર લાગતી નથી, જોતજોતામાં રંગરંગીલી વસંતઋતુ આવી પહોંચી. આ મહાન વસંતઋતુ તેમાં પણ ચૈત્ર સુદ તેરસનો દિવસ. તે દિવસે ભગવાન મહાવીર સિદ્ધાર્થના ઘેર જન્મ લે છે.

ભગવાનનો જન્મ મહોત્સવ કરવા ચોસઠ ઇન્દ્રો, છપ્પન દિગ્કુમારીઓ અને બીજા અસંખ્ય દેવો સુરગિરી ઉપર આવે છે, અને ભગવાનનો જન્મોત્સવ કરે છે. જ્યારે વીરનો જીવ ત્રિશલા માતાની કુક્ષિમાં આવ્યો ત્યારથી સિદ્ધાર્થને ઘેર ધન-ધાન્ય વગેરેમાં વૃદ્ધિ થવા લાગી. આ કારણથી માતાપિતાએ પુત્રનું નામ "વર્ધમાન" રાખ્યું. વર્ધમાન નાનપણથી માયાળુ હતા. એટલું જ નહિ, પણ તેઓ નિડર તથા વીર હતા. હવે વર્ધમાન ચંદ્રની કળાની જેમ વૃદ્ધિ પામવા લાગ્યા. વર્ધમાન જ્યારે આઠ વર્ષના થાય છે, ત્યારે માતાપિતા તેને નિશાળે ભણવા મોકલે છે. વર્ધમાન તો જ્ઞાનયુક્ત હતા, તેથી તેમને કોઈ જ્ઞાનની જરૂર ન હતી. વર્ધમાન જ્યારે નિશાળમાં ભણતા હતા, ત્યારે ઇન્દ્ર તેમની પરીક્ષા કરવા એક બ્રાહ્મણનું રૂપ ધારણ કરી વર્ધમાનની પાસે આવે છે અને જુદા જુદા પ્રશ્નો પંડિતોને પૂછવા લાગ્યો. કોઈ જવાબ આપી શક્યા નહિ. જ્યારે વર્ધમાને તરત જ તે પ્રશ્નોનાં ઉત્તરો આપી દીધા. આ પ્રમાણે જોઈ લોકો નવાઈ પામવા લાગ્યા.

દિવસો જતાં વર્ધમાન યૌવનવયમાં પ્રવેશે છે. વર્ધમાનના લગ્ન માટે ઠેકઠેકાણેથી માંગા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આવે છે, પણ વર્ધમાનનું મન સંસાર ભોગવવામાં રહેતું નથી. પણ માતા પિતાના આગ્રહથી યશોદા નામની કન્યા સાથે લગ્ન કરે છે. સમય જતાં વર્ધમાનને પ્રિયદર્શના નામે પુત્રી થઇ અને આ પ્રિયદર્શનાના લગ્ન જમાલિ નામના રાજકુમાર સાથે કર્યા.

હવે જયારે ભગવાનની ઉંમર ૨૮ વર્ષની થઇ ત્યારે તેમના માતપિતા સ્વર્ગે સિધાવ્યા, તેથી તેમનું મન દિક્ષા પ્રત્યે દોરાવા લાગ્યું. ભગવાને પોતાના મોટાભાઈ નંદિવર્ધન પાસે જઇ દીક્ષાની રજા માગી. પરંતુ વડીલબંધુ નંદિવર્ધને કહ્યું 'હે મારા વ્હાલા ભાઈ! એક તો માતાપિતાનો વિયોગ અને તેમાં તું દીક્ષા લેવા જાય તો એ કોનાથી સહન થાય? માટે હે ભાઇ! હું કહું છું કે હજી બે વર્ષ રહી પછી ભલે દીક્ષા લેજે.' આ પ્રમાણે મોટાભાઇના કહેવાથી વર્ધમાનસ્વામી બે વર્ષ આસક્તિરહિત વધુ સંસારમાં રહ્યા. આ બે વર્ષ દરમિયાન એક વર્ષ સુધી સતત દાન આપ્યું. ત્યાર પછી ભગવાને ત્રીસ વર્ષે પંચમુષ્ટિ લોચ કરી સંયમના માર્ગે પ્રસ્થાન કર્યું. વીર ભગવાને જયારે પાંચ મહાવ્રતનો સ્વીકાર કર્યો તે વખતે તેમને ચોથું મનઃપર્યવજ્ઞાન ઉત્પન્ન થયું.

શ્રી વીર ભગવાન એકલા જ પોતાના કર્મો ખપાવવા અનાર્ય દેશમાં ગમન કરે છે. અનાર્ય દેશમાં વિચરતા ભગવાન અસ્થિક ગામમાં આવ્યા, ત્યાં 'શૂલપાણી' નામના યક્ષના મંદિર પાસે આવ્યા. તે શૂલપાણી ભયંકર સ્વભાવનો હતો.

જયારે મહાવીર શૂલપાણીના મંદિર પાસે આવ્યા ત્યારે લોકોએ કહી દીધું કે વીર! તમે અહીંથી ચાલ્યા જાઓ, કારણ કે અહીંથી કોઇ જીવતો જતો નથી. ભગવાન તો નિડર હતા. તેઓ તો સમભાવ ધારણ કરી મંદિરમાં રહ્યા. હવે મધ્યરાત્રિએ ભયંકર રૂપને ધારણ કરી, નાચતો કુદતો યક્ષ ભગવાનને હેરાન કરવા લાગ્યો, પણ ભગવાન તો જરાપણ ચલાયમાન થયા નહિ ભગવાનને સ્થિર ઉભેલા જોઈ યક્ષે વિચાર કર્યો. આ તો કોઈ અલૌકિક વિભૂતિ છે એમ સમજી ક્રોધને શમાવી, માનવતાના રૂપમાં આવી, ભગવાનના ચરણમાં પડયો. અને કહ્યું કે હે વીર! આપ હવે અહીં જ ચાતુર્માસ કરો. ભગવાન છદ્મવસ્થામાં હોવાથી કાંઇ જવાબ આપ્યો નહિ પણ ત્યાં જ ચાતુર્માસ કર્યું. આવા ભયંકર ઉપસર્ગો સહન કરતા કરતા ઘાતી કર્મોનો ક્ષય કરી પાંચમું કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું.

ભગવાન મહાવીરદેવ કેવળજ્ઞાન મેળવ્યા પછી ગામ, નગર, વગેરે દેશોમાં વિચરી સતત ભવિક જનોને સમજાવવા વાણીધારા વર્ષાવવા લાગ્યા. આમ ૩૦ વર્ષ કેવળીપણે રહી ભાવિક જનોને બોધ આપતા સંસારની ભયંકરતા સમજાવતા પાવપુરી તિર્થે નિર્વાણ પામ્યા.

આજે વીર ભગવાનના નિર્વાણ દિવસને ૨૫૦૪મું વર્ષ ચાલી રહ્યું છે. આચાર્ય હેમચંદ્રે પોતાના "ત્રિષષ્ટિ શલાકા પુરુષ ચરિત્ર" ગ્રન્થમાં લખ્યું છે કે મહાવીરનો દેહવિલય જાણી બધા રાજાઓએ દ્રવ્યના દિપક કર્યા. ત્યારથી આપણે દિપોત્સવી [ દીવાળી ] પર્વ ઊજવીએ છીએ. ભગવાન મહાવીર આ અવસર્પીણીના છેલ્લા તીર્થંકર છે. ભગવાન મહાવીર દેવ વિદ્વાન બ્રાહ્મણોને દીક્ષિત કરી ગણધરો તરીકે જાહેર કર્યા. અનેક રાજાઓએ પણ અનુયાયિત્વ સ્વીકાર્યું. એમનું શાસન આજસુધી અવિચ્છિન્ન રહ્યું છે. ભગવાન મહાવીરે સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકાનો સંઘ સ્થાપ્યો. જે ચતુર્વિધ સંઘથી ઓળખાય છે. ભગવાન આપણને ઘણું સમજાવી ગયા છે;



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મહાવીરનો ઉપદેશ એ હતો કે સર્વ જીવો સુખને ઇચ્છે છે. દુઃખ કોઇને ગમતું નથી, પછી ભલે કીડી હોય કે હાથી, પણ સુખ સૌનો સાથી છે. દુઃખમાં કોઇને હેરાન ન કરવો તેમ સુખમાં કોઇની ઇર્ષ્યા ન કરવી. આત્માનો ઉદ્ધાર આત્મા પોતે જ કરી શકે છે. સ્ત્રી તથા પુરુષ બંનેને શાસ્ત્ર શ્રવણ તથા ધર્માચરણનો સરખો અધિકાર છે.

ભગવાન મહાવીરદેવ સંદેશો આપતા કહે છે કે કર્મ સિદ્ધાંતનું હાર્દ એ છે કે જગત અનાદિ અને અનંત હોવાથી જગત્કર્તા ઇશ્વર નથી. જુદા જુદા આત્માઓ છે અને તેમને કર્માનુસાર ફળ ભોગવવા પડે છે. કર્મ વડે જ જીવ ચાર ગતિમાં પરિભ્રમણ કરે છે અને કર્મ વડે જ જીવ મનુષ્ય, ઈશ્વર અને પરમેશ્વર થાય છે, અને કર્મથી જ આત્મા મહાત્મા તથા પરમાત્માને ધારણ કરે છે. મહાવીર કહે છે કે પરિગ્રહ એ મહા પાપ છે માટે કોઇ પણ વસ્તુ ખપ કરતા વધારે ન રાખવી. જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ ત્રણ મોક્ષમાર્ગના પગથિયા છે. એમ મહાવીર સંદેશે છે. આચાર્ય સમન્ત ભટ્ટે વીરની સ્તુતિ કરતાં કહ્યું છે કે, सर्वापदामन्तकरं निरन्तं, सर्वोदयं तीर्थमिदं तवैव। સર્વ આપત્તિઓનું અંત લાવનાર અને અનંત તારું આ તીર્થ સર્વોદય કરનાર છે.

આમ આ ચરમ તીર્થંકર મહાવીરસ્વામીના સંદેશે અનેક પાપી માણસોને મોક્ષગામી કર્યા છે અનેક ભવ્ય આત્માઓએ સિદ્ધપદ મેળવ્યું છે. આજે આપણે વીર પ્રભુના શાસનમાં છીએ. એ શાસન હંમેશા જયવંતુ વર્તે એવી ભાવના.

## * સુવાસિત પુષ્પો *

તાત્ત્વિક આનંદની પ્રાપ્તિ સમાધિની સિદ્ધિથી થાય છે, સમાધિની સિદ્ધિ ચિત્તની એકાગ્રતાથી થાય છે, ચિત્તની એકાગ્રતા યથાર્થ બોધ અને સ્થિરતાના અભ્યાસથી થાય અને તે સ્થિરતા ઇન્દ્રિયજય કરવાથી નિષ્પન્ન થાય છે. આ પ્રકારે તાત્ત્વિક આનંદનું કારણ સંયમની આરાધના છે માટે વિશિષ્ટ પ્રયત્ને કરીને પણ જિતેન્દ્રિય થવાનો અભ્યાસ દરેક મોક્ષાર્થીને માટે અનિવાર્ય બની જાય છે.

* * *

ક્રમે કરીને અભ્યાસેલા સુવિચારના બળથી સંકલ્પબળ વધે છે અને તે વધવાથી ચારિત્રબળ ખીલે છે. સાચું ચારિત્રબળ તેને જ કહી શકાય કે જેનાથી મનુષ્ય દૈનિક જીવનમાં અનેક પ્રકારના પ્રલોભનો અને પરીક્ષાઓમાંથી સફળતાપૂર્વક પાર ઉતરી શકે અને મોહને વશ થયા વગર પોતાના જીવનની સિદ્ધિને પ્રાપ્ત કરવા ભણી અડગ નિર્ધાર સહિત ઝઝૂમે.

* * *

ધર્મ સર્વશ્રેષ્ઠ મંગળ છે. કયો ધર્મ? અહિંસા, સંયમ અને તપ રૂપી ધર્મ. જે મનુષ્યનું ચિત્ત આવા ધર્મની આરાધનામાં નિરંતર લાગેલું રહે છે તે ધન્ય છે, તેને દેવતાઓ પણ નમસ્કાર કરે છે.

* * *

સર્વ પ્રકારના જ્ઞાનનું ફળ ચારિત્રની શુદ્ધિ થવી તે છે. શરીરને પાપકર્મો કરતું રોકવું, નહીં તો મન નિરંકુશ રહેશે. શરીરના સંયમ સાથે મનનો પણ સંયમ કરવો જરૂરી છે. આવા અંતરંગ અને બહિરંગ સંયમની સિદ્ધિ અર્થે દૃઢ પ્રતિજ્ઞા એક ગઢ જેવું કામ કરે છે. અને સર્વ પ્રકારના પ્રલોભનોથી બચાવીને આપણને સંયમના માર્ગમાં સ્થિર કરે છે.

(રાજપદ્મમાંથી ઉધ્ધૃત)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અભિગ્રહ

લેખક : મણિલાલ વનમાળી શેઠ બી.એ.

## ભગવાન મહાવીર અને ચંદનબાળા

ભગવાન મહાવીરે વિચરતાં કૌશામ્બી નગરીમાં પ્રવેશ કર્યો. ત્યાં શતાનિક નામે ભૂપાલ અને ચેટક મહારાજાની પુત્રી મૃગાવતી તેમની રાણી. સુગુપ્ત નામે પ્રધાન અને નંદા નામે પ્રધાનની ભાર્યા. એ જ શહેરમાં વેપારી આલમમાં નાક સમાન ધનાવહ નામે શ્રેષ્ઠી મૂળા નામની ભાર્યા સાથે વસતા હતા.

ભગવાને પોષ માસની વદી એકમે એવો દુષ્કર અભિગ્રહ ધારણ કર્યો કે, “પગો લોખંડી સાંકળથી બાંધેલ હોય, માથે મુંડન કરાવેલ, શોકભારથી આંખમાં આંસુ સાથે ગદ્ગદ્ વાણીથી રોતી હોય, એક પગ ઘરની અંદર અને બીજો બહાર હોય, ત્રણ દિવસની ભૂખી, પોતે રાજકન્યા હોવા છતાં દાસીપણાનું દુઃખ પામી હોય, બધા ભિક્ષુકો ભિક્ષા લઇ નિવૃત્ત થયા હોય એવા સમયે તેણી જો સુપડામાંના અડદના બાકળાથી મને પ્રતિલાભે તો મારે પારણું કરવું” આ પ્રમાણે અભિગ્રહ કરી ભગવાન ભમવા લાગ્યા.

આ રીતે ધારી ભિક્ષા નહિ મળવાથી ભગવાને ચાર માસ પૂર્ણ કર્યા અને એકદા સુગુપ્ત મંત્રીના ભવનમાં પ્રવેશ કર્યો. ભાર્યા નંદા હર્ષથી પુલકીત થઈ ગઇ. ભગવાનને ઓળખી લીધા અને ભાવથી ભિક્ષા ધરી પરંતુ ભગવાન લીધા વગર બહાર નીકળી ગયા. સુનંદા ખૂબ ગમગીન બની ગઈ, વિચાર કરતાં સુનંદાએ માન્યું કે જરૂર કોઇ અભિગ્રહ હોવો જોઇએ, નહીંતર આમ બને નહિ. મંત્રી આવતાં દુઃખાર્ત હૃદયે બોલી : “તમારા અમાત્યપણામાં ધૂળ પડી! જો ભગવાનનો અભિગ્રહ ન જાણી શકો તો!”

મંત્રી વિમાસણમાં પડ્યા. વાત વધતી રાણી મૃગાવતી પાસે આવી પહોંચી. રાણીએ રાજા શતાનિકને ભારે ઉપાલમ્ભ આપ્યો, “હે રાજન્! દુર્ગતિના મુળરૂપ આ રાજ્યભારથી વિવેક માત્ર ચુકી ગયા છો. જેથી એટલું પણ જાણવાની ફુરસદ નથી કે ભગવાન કયાં વિચરે છે”? પછી ભગવાનના અભિગ્રહની સાંભળેલી વાત જણાવી. સુગુપ્ત મંત્રીએ ધર્મશાસ્ત્રી પાઠક તત્ત્વવાદીઓને બોલાવ્યા અને થયેલ વ્યતિકર સંભળાવ્યો; પરંતુ ભગવાનના અભિગ્રહનો કોઇ તાગ પામી શકયા નહિ. છેવટે લોકો ભગવાનને ભાતભાતની ભિક્ષા ધરવા લાગ્યા પરંતુ ધારણા પ્રમાણે ભિક્ષા નહિ મળવાથી અમ્લાન અને અદીનભાવે ભગવંત કૌશાંબીમાં વિચરે છે.

“કયાં ચંપાનો રાજમહેલ અને કયાં ધનાવહ શેઠની આ અંધારી ઓરડી! કયાં ભાત ભાતના ભોજન અને કયાં આ અડદના બાફેલા બાકળા! બાકળા તો બાકળા, પણ અત્યારે કોઇ મુનિ કે અતિથિ આવી ચડે તો કેવું સારૂં! એમને વ્હોરાવ્યા પછી મુખમાં કોળીઓ મૂકવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત થાય તો દુઃખમાં પણ સુખની અવધિ જ ગણાય ને!”



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ તરફ ચરપુરૂષોએ શતાનિક રાજાને કહ્યું કે ચંપાપુરીનો દધિવાહન રાજા કમજોર થઈ ગયો છે. માટે વેર વાળવાની આ સુંદર તક છે. આ સાંભળી રણભેરી વગડાવી અને સૈન્ય ત્રાટક્યું ચંપા ઉપર અને નગરીને ઘેરી લીધી. દધિવાહન જીવ લઈને ભાગ્યો. રાજા શતાનિકે સૈન્યમાં ઉદ્‌ઘોષણા કરાવી કે "જેને જે જોઇએ તે લઇ શકે છે, કોઇની રોકટોક નહિ થાય."

નગરી લુંટાતા, સૌની સાથે નાસતા ભાગતા દધિવાહન રાજાની પટ્ટરાણી ધારિણી પોતાની પુત્રી વસુમતી સાથે આમતેમ પલાયન કરતાં એક રાજસેવકને હાથ ચડી. ધારિણીનું રૂપ લાવણ્ય જોતાં મોહ પામી માર્ગે જતાં લોકોને કહેવા લાગ્યો, "આ મારી પત્ની થશે અને કન્યાને વેચી નાખીશ" આવું પૂર્વે કદી નહીં સાંભળેલ રાણી વિચારવા લાગી. અરેરે હું ચેટકને ત્યાં કેમ જન્મી! દધિવાહન રાજાએ મને પટ્ટરાણીપદે શા માટે સ્થાપી! અરેરે અરેરે હું કેવી હીનભાગી! અરેરે હું શીલભંગને કેમ સહન કરી શકીશ! પાણી માંગતાં દૂધ મળતું એવી આ મારી તનયા પરહાથમાં જતાં જીવન કેમ ધારણ કરી શકશે! આ રીતે તીવ્ર દુઃખથી નિરાશ અને હતાશ થયેલ ધારિણીનો જીવ અકસ્માત હૃદય ભેદીને નીકળી ગયો.

રાણીનું અકાળ મૃત્યુ જોઇ રાજસેવકે વિચાર કર્યો "મારા દુર્ભાવનું આ પરિણામ! અરેરે ખુબ અનિષ્ટ થયુ, હવે વધારે કાંઈ નહિં બોલતાં કૌશાંબીના ચૌટામાં જઇ, કન્યાને વેચવા માટે ઉભી રાખી. ધર્મ કર્મ સંયોગે, પુણ્ય યોગે તે માર્ગે જતાં ધનાવહ શેઠની નજર પડી. અહો! આકૃતિથી જોતાં આ કન્યા કોઈ સામાન્ય દુહિતા નથી. ધનાવહ શેઠ નિઃસંતાન હોવાથી પુત્રી તરીકે પાળવા માટે અને વખત જતાં તેના સ્વજનોના હાથમાં સોંપી દેવાશે એમ ધારી બહુ દ્રવ્ય આપી શેઠ એ તનયાને ઘેર લઈ આવ્યા.

"કોની દીકરી! શું બન્યું! તારા મા-બાપ કોણ?" વગેરે ઘણા પ્રશ્નો કર્યા પરંતુ વસુમતિ મૌન જ રહી. ખૂબ ગભરાયેલ છે એમ માનીને શેઠે મૂળા શેઠાણીને બોલાવીને કહ્યું: "જો આ તનયાને આપણી પુત્રી તરીકે સંભાળીને રાખવાની છે, સમજી!"

વસુમતિ શેઠને ત્યાં સુખે રહેવા લાગી અને પોતાની સૌમ્ય પ્રકૃતિથી તેણીએ સૌના મન જીતી લીધા. કોઈ પૂછે ત્યારે પોતાનું નામ ચંદના છે એમ કહેતી-દિવસો વિતાવતા બાળા યૌવન વયને પામી. યુવાનીના યોગે ચંદનાનું લાવણ્ય ખુબ વિકસિત પામ્યું, કુવલય સમાન લોચન વિસ્તૃત થયાં તથા કાજળ સમાન કૃષ્ણ કેશપાશ દીર્ઘત્વને પામ્યો. સર્વાંગે રૂપવતી જોઇને મૂળા શેઠાણીના મનમાં દુર્ભાવ જનમ્યો "રખેને! જતે દહાડે શેઠ આ કન્યાને પરણીને મારી ઉપર શોકય તરીકે ઠોકી બેસાડે તો! માટે આ કાંટો કાઢયેજ છુટકો. એવું વિચારી છિદ્ર જોવા લાગી.

એકદા ધનાવહ શેઠ ગરમીની મોસમમાં બહારથી પરસેવાથી રેબઝેબ થઇને આવ્યા. સેવકની ગેરહાજરી હોવાથી, પાદ પ્રક્ષાલન કરવા વિનયી એવી ચંદના પાણીનો લોટો લઇને ગજગામિની ચાલે બહાર આવી. શેઠે નિવારવા છતાં પિતા સમાન શેઠના પગ ધોવા લાગી. દીર્ઘ કેશકલાપ, બંધન ઢીલું થતાં નીચે જમીન ઉપર પડ્યો. "કાદવમાં ન



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પડે" એમ ધારી હાથમાં રહેલ લાકડી વતી ઉંચો કરી નિર્વિકાર મનથી કેશ કલાપ શેઠે બાંધી દીધો. આ તરફ નિરંતર છિદ્ર જોવાના અભ્યાસવાળી મૂળાએ આ બનાવ નજરો નજર જોયો અને ચિંતવવા લાગી "પૂર્વે મેં જે તર્ક કર્યો હતો તે શંકા વિના હવે બિલકુલ સાચો ઠર્યો, હવે વાત આગળ વધે તે પહેલાં જ ઠેકાણું પાડી દેવું જોઈએ."

વિશ્રાંતિ બાદ શેઠ જેવા બહાર ગયા કે તરતમાં અદેખી મૂળાએ હજામને બોલાવી ચંદનાનું શિર મુંડાવી, બહુ તાડન કરી, પગે લોખંડની સાંકળ જડી એક દૂરના મકાનમાં પૂરી તેના કમાડ બંધ કર્યા અને પરિજનને આક્રોશપૂર્વક જણાવ્યું કે "આ બનાવની જાણ જો કોઈએ શેઠને કરી છે તો તેના આનાથી ભયંકર હાલ થશે." આવું કાળું કામ કરી મૂળા શેઠાણી પોતાના પીયર ચાલી ગઈ; પરંતુ 'પાપ છાપરે ચડીને પોકારે છે' એ કહેવત મૂળા જાણે ભૂલી જ ગઈ.

ત્રણ ત્રણ દિવસ થઈ ગયા. ચંદનાના કશા જ સમાચાર નહિ મળતાં શેઠ સમક્ષ એક મોટી સમસ્યા ખડી થઈ ગઈ. સૌના હોઠ જ જાણે સીવાઈ ગયા. શેઠની બુદ્ધિ જાણે બહેર મારી ગઈ. હવે શેઠનો પ્રકોપ જાગી ઉઠ્યો. જરા સખ્ત હાથે કામ લેવાની જરૂર જણાઈ. એક ડોશીમાએ હીંમત દાખવી. મૂળા શેઠાણીનો ભય તો હતો જ છતાં "મડાને વીજળીનો શો ભય" એમ માનીને શેઠની સમક્ષ ખરી હકીકત જાહેર કરી દીધી.

સાંભળતાં જ જે ઓરડામાં ચંદના એકાંતવાસ, ઉપવાસ અને પગ બેડીની વિના દોષે સજા ભોગવતી પડી હતી તે તરફ શેઠે દોટ મૂકી અને ચંદનાને દીન-મલીન વેષમાં બહાર લાવ્યા. બે દિવસ પહેલાંની ચંદના અને આજની ચંદના વચ્ચે જમીન આસ્માન જેટલો ફરક દેખાયો. પગમાં જંજીરની બેડી. દશ્ય જોયું જાય નહિ.

ત્રણ દિવસની ભૂખી તરસી ચંદનાને માટે બીજું કાંઈ સુલભ નહિં હોવાથી થોડા અડદના બાકળા એક સુપડામાં રાખી લોઢાની બેડીઓ તોડાવવા લુહારને બોલાવી લાવવા શેઠ લુહારની કોડ તરફ ગયા.

આ તરફ કૌશાંબી જેવી સમૃદ્ધિશાળી નગરીમાં આવો લોકમાન્ય, રાજમાન્ય, દેવપૂજ્ય મહા તપસ્વી મુઠી ધાન લીધા વગર ભૂખ્યોને ભૂખ્યો જ પાછો વળે તે જોઈને નગરવાસીઓને ઉંઘ અને આહાર પણ અકારા થઈ પડ્યા.

જયાં સુધી અભિગ્રહ પુરો ન થાય ત્યાં સુધી એ પ્રબળ તપસ્વી ઉપવાસ ઉપર ઉપવાસ ખેંચ્યે જ જાય છે. ચાર ચાર મહીનાના ભૂખ્યા અણાહારી તપસ્વીને જોઈને હજારો આ પુરુષોની આંખો ભીની બને છે. કોણ જાણે એને શું જોઈતું હશે.

ભગવાન મહાવીરનો અભિગ્રહ જાણવાની કોઈનામાં શક્તિ નહોતી અને કદાચ જાણવા મળે તો પણ તે પ્રમાણે યોજના થવી પ્રાયઃઅશક્ય હતી.

ધનાવહ શેઠના ઘરના ઉંબરામાં બેઠેલી, ત્રણ ત્રણ દિવસની ઉપવાસી ચંદના, રંક ઓશીયાળી વદનવાળી ચંદના પોતાની પરિસ્થિતિનો વિચાર કરતી હોય એમ લાગે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ચંદના આવી ભાવના ભાવતી હતી તેટલામાં ભિક્ષા માટે ફરતા તપોનિધિ ભગવાન મહાવીર સમીપ આવતાં દેખાયા.

ચંદના ભક્તિભાવથી ઉભી થવા ગઈ, પરંતુ ત્રણ દિવસની ઉપવાસી અને વધુમાં લોખંડી બેડીઓના ભારથી તે માત્ર એક જ ડગલું ભરી શકી, વાસ્તવિક ત્યાં જ થંભી ગઇ. સુપડામાં રહેલ બાકળા જેવા તુચ્છ આહાર આપવાની હિમ્મત નહોતી ચાલતી, પરંતુ બીજું બની પણ શું શકે! એટલે ભગવંતને ઉદ્દેશીને બોલી “હે પ્રભો! આ ભોજન જો કે આપને યોગ્ય નથી છતાં અનુગ્રહની ખાતર પણ સ્વીકારશો ?”

પ્રભુને લીધા વિના પાછા ફરતાં જોઇને ચંદનાની આંખમાં ખળખળ આંસુ આવી ગયા. એને થયું કે અરેરે! હું કેટલી દુર્ભાગી! વિશ્વવંદ્ય પ્રભુ સાવ નજીક આવ્યા અને આહાર લીધા વિના જ પાછા ફરી ગયા! છાતીફાટ આક્રંદ કરતી ચંદના સામે ભગવાને ફરી દૃષ્ટિપાત કર્યો. પોતાનો અભિગ્રહ બરાબર ફળતો જોઇ, ભગવાન પાછા ફર્યા અને ચંદનબાળાના હાથથી પ્રભુએ બાકળા વ્હોર્યા.

આ વખતે અંતરીક્ષમાં દેવદુદુંભી ગડગડી, શોકમાં ડુબેલી કૌશાંબી કોઈ જાદુગરની કળાથી અચાનક જાગી ઉઠે તેમ કલ્લોલ કરતી થઈ ગઈ. ભગવાને પારણું કર્યું જાણી ઘેર ઘેર શરનાઇઓ બજી, ગામમાં ઉત્સવો મંડાયા.

જેના સંયમ ધૈર્યના પ્રતાપે જગતના તારણહારને લગભગ છ મહીનાના ઉપવાસ અંતે અડદના બાકુળ જેવું અન્ન મળ્યું. એ ચંદનબાળાને રાણી રાજાએ ઓળખી. એ સહોદરા દુહિતા ફરી રાજમહેલમાં જઇ વસી.

સાડાબાર વર્ષની ઘોર તપશ્ચર્યા અને ઉપસર્ગોની ઝડી બાદ ભગવાન મહાવીરને જ્યારે કેવળજ્ઞાન ઉપજ્યું ત્યારે ભગવાને અગીઆર વેદાનુયાયી પંડિતોને પ્રબોધી દીક્ષા આપી ગણધર પદે સ્થાપ્યા અને ત્યારે આર્યા ચંદનબાળાએ સાધ્વી સંઘનું સૂત્ર હાથ ધર્યું. સાધ્વી સંઘની પ્રવર્તિની તરીકેનો ભાર ચંદનબાળાના શિરે આવ્યો. સફળતાપૂર્વક ભાર વહન કરી છેવટે અક્ષયપદ સાધ્યું.


જ્ઞાનનો દીપક પ્રગટાવશો તો
હતાશાનો અંધકાર હટીને દિવાળી પ્રગટી રહેશે.

દરેક પ્રકારના...



સ્ટીલ તથા વુડન ફર્નીચર માટે

મહાલક્ષ્મી સ્ટીલ કોર્પોરેશન

શો રૂમ :— ગોળ બજાર □ ભાવનગર □ ફોન નં. 4525




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સદ્દાલપુત્રનો નિયતિવાદ

લેખક : અધ્યાયિ

ગ્રામાનુગ્રામ વિહરતા ભગવાન શ્રી મહાવીરસ્વામી એકવાર પોલ્લાસપુર નગરને વિષે પધાર્યા. આ ગામમાં એક શ્રીમંત કુંભાર વસતો હતો. તે ઘણો શ્રીમત હતો, એટલું જ નહીં પણ સારા બુદ્ધિમાન પુરૂષોમાં પણ તેની ગણતરી થતી. કુંભારના ભાવભર્યા આમંત્રણથી મહાવીરસ્વામી તેને ત્યાં ઉતર્યા. પ્રભુને આ ઉચ્ચ કે આ નીચ એવો ભેદ ન હતો. જ્યાં જ્યાં ઋજુતા, નમ્રતા, વિનય-વિવેક જણાય અને જ્યાં વસવાથી ધર્મનો પ્રચાર થાય ત્યાં તેઓ ગમે તે ભોગે જતા અને રહેતા.

મહાવીરસ્વામીના સમયમાં ગોશાળાનો મતવાદ ખૂબ જોરથી પ્રવર્ત્તતો. જો કે તે એક-વાર મહાવીર પ્રભુનો જ આજ્ઞાધારી શિષ્ય હતો, પણ પાછળથી તેણે પોતાનો જૂદો મત પ્રવર્ત્તાવ્યો અને પોતે જ સર્વજ્ઞ છે એમ કહી ભદ્રિક જનોને ભોળવતો. આ સદ્દાલપુત્ર પણ ગોશાળાનો જ એક અનુયાયી હતો.

તડકામાં સુકવેલાં માટીનાં નવાં વાસણો સામે દૃષ્ટિ કરી મહાવીરે સદ્દાલપુત્રને પૂછયું : " આવાં સરસ વાસણો તમે શી રીતે તૈયાર કરો છો ? "

" પહેલાં તો ચીકણી માટી લાવી, તેની અંદર પાણી નાખી ખૂબ કેળવું છું, પછી પીંડ બાંધી ચાક ઉપર ચઢાવી, તેનાં મરજી પ્રમાણે ઘાટ ઉતારૂં છું. " કુંભારે પોતાની કળાનું વિસ્તારથી વર્ણન કર્યું.

" ત્યારે એમાં પુરૂષાર્થ અથવા ઉદ્યમ તો જરૂર કરવો પડતો હશે. " મહાવીર પ્રભુએ બીજો પ્રશ્ન કર્યો.

બુદ્ધિમાન કુંભાર એ પ્રશ્નનો આશય તરત જ સમજી ગયો. પોતે ગોશાળાનો મતાનુ-યાયી હતો અને જે કાળે જે થવું જોઇએ તે જ થાય, એ પ્રકારના નિયતિવાદને માનનારો હતો અને એટલા જ માટે શ્રી મહાવીર પ્રભુ ઉલટાવી ઉલટાવીને આ પ્રકારના પ્રશ્ન પૂછી રહ્યા હતા એમ તે કળી ગયો.

કુંભારે સ્હેજ ફેરવી તોળવાની યુક્તિ કરી. તેણે કહ્યું:-" એમાં પુરૂષાર્થ જેવું કંઇ જ નથી હોતું. જયારે જેવા ઘાટ ઉતરવાના હોય ત્યારે તેવા જ ઘાટ ઉતરે. "

પ્રભુના મુખ ઉપર મંદ હાસ્ય રમી રહ્યું. તેમને થયું કે કુંભાર બુદ્ધિશાળી હોવા છતાં કેવો કદાગ્રહ રાખી રહ્યો છે ? પોતાનો મત ખંડિત થશે એવા ભયથી કેવી કુતર્કજાળ ગુંથે છે ?

" પણ ધારો કે કોઈ અનાડી માણસ તમારો આ આખો નીંભાડો ભાંગીને ભૂકો કરી નાખે તો તમને કંઇ દુઃખ થાય ખરૂં ? "



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

"એવા અનાડીને હું સાજો-તાજો તો ન જ જવા દઉં, તેનું એકે એક હાડકું ખોખરૂં કરી નાખું." કુંભારના શબ્દોમાં તેનો રોષ દેખાઈ આવ્યો.

"નિયતિવાદીને આટલો રોષ શોભે? જે કાળે જે બનવા યોગ્ય હોય તે જ બને એમ માનનારને વળી રોષ કે ક્રોધ જેવું સંભવે જ શી રીતે? વસ્તુતઃ તમે વાણીમાં જ નિયતિવાદને સ્વીકારો છો, તમારૂં અંતઃકરણ પુરૂષાર્થને માન્યા વિના રહી શકતું નથી. ધર્મજીજ્ઞાસુ પુરૂષોને એવો દંભ ન છાજે."

સદ્દાલપુત્ર શરમાયો. તે મહાવીરના ચરણકમળમાં નમી પડ્યો અને પોતાના અભિનિવેશ બદલ નિર્મળ ચિત્તે ક્ષમા યાચી.

પ્રભુએ તેને સવિશેષ પ્રતિબોધ આપવા કહ્યું:–"પુરૂષાર્થ વિના કોઈ ક્રિયા ન સંભવે. એકલો પુરૂષાર્થ માનવો કે એકલો નિયતિવાદ માનવો એ બંને એકાંતવાદ હોઇ મિથ્યા છે. એકાંતવાદી કોઈપણ વસ્તુનો યથાર્થ નિશ્ચય કરી શકતો નથી. સ્યાદ્વાદ એ જ યથાર્થ સિદ્ધાંત છે. અનેકાંતવાદ વિના સત્યનું સ્પષ્ટ દર્શન ન થાય."

ગોશાળાનો ઉપદેશ કેટલો એકાંત મતવાદી હતો અને પ્રભુશ્રી મહાવીરના સિદ્ધાંતો અનેકાંતવાદના કેવા અચળ પાયા ઉપર સુસ્થિત હતા તે સદ્દાલપુત્રના સમજવામાં આવ્યું. તેણે ગોશાળાના એકાંતવાદને તિલાંજલી આપી, અનેકાંત મત સ્વીકાર્યો અને પોતે પોતાની સ્ત્રી સાથે શ્રાવકના બાર વ્રત અંગીકાર કર્યા. પછી મહાવીરપ્રભુ પણ ત્યાંથી અન્યત્ર વિહાર કરી ગયા.

ગોશાળાને આ વાતની જાણ થઈ. તે કેટલાક દિવસ પછી પેલા સદ્દાલપુત્રને ત્યાં આવ્યો અને પૂછ્યું:—"અહીં મહામાહન આવ્યા હતા?"

"આપ મહામાહન કોને કહો છો?" કુંભારે પ્રતિપ્રશ્ન કર્યો.

"અહિંસા અને દયાની સાક્ષાત્ મૂર્તિસ્વરૂપ શ્રી મહાવીરને હું મહામાહન તરીકે ઓળખું છું. એટલું જ નહીં પણ "મહા ગોપ" "મહા સાર્થવાહ" અને "મહા નિર્યામક" રૂપે પણ હું તેમને સન્માનું છું." ગોશાળાના મુખે મહાવીર ભગવાન્‌ની આ પ્રકારની પ્રશંસા સાંભળી સદ્દાલપુત્રના રોમેરોમ વિકસ્વર થયા.

તેણે ગોશાળાને સારો આદર-સત્કાર આપ્યો અને આહાર, પાણી કે વસ્ત્ર પાત્રાદિ જે જે કંઈ જોઈતું હોય તે પોતાના ભંડારમાંથી લેવાની વિનતિ કરી.

"પણ હું તો મહાવીરનો સમોવડીયો! અને તું મહાવીરનો અનુયાયી! મારૂં આટલું બધું સ્વાગત શા સારૂ?" ગોશાળે જાણવા માગ્યું.

"તમે મહાવીરના સમોવડીયા હો કે ગમે તે હો. તમે મહાવીરનો યશોવાદ ગાઓ છો એ જ મારે મન બસ છે. તમારૂં સ્વાગત પણ એ યશોવાદનેજ આભારી છે. મહાવીર પ્રભુના ગુણગાન ગાનાર ગમે તે હોય, તેને માટે મારા ભંડાર સદા ખુલ્લાજ રહેવાના."

સદ્દાલપુત્રની આ પ્રકારની ભક્તિ અને શ્રદ્ધા જોઇ ગોશાળનું હૃદય ભરાઇ આવ્યું. તેનાથી બોલાઇ જવાયું:—"ધર્માનુયાયી હો તો આવા જ ઉદાર અને વિવેકી હોજો!"



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અપરિગ્રહનો આનંદ



લેખક : ડૉ. કુમારપાળ દેસાઈ

શ્રાવણ મહિનો.

અમાવાસ્યાની કાળી ઘનઘોર રાત,

આકાશમાંથી ભારે મેઘ વરસે, વીજળીના ચમકારા થાય, ધરણી ધ્રુજાવી નાખે એવી ગર્જના થાય, જોશભેર પવન ફુંકાય.

આવા સમયે રાજા શ્રેણિકની રાણી ચેલણા એકાએક જાગી ગઈ.

નદીમાં ઘોડાપુર ઘુઘવતું હતું. રાણી ચેલણાએ રાજમહાલયની એક બારી ખોલીને નદી ભણી નજર કરી.

વીજળીના ઝબકારામાં એણે તોફાની નદીને કિનારે એક માનવીને દીઠો. એ માનવીએ માત્ર લંગોટી પહેરી હતી, ટાઢથી થરથર ધ્રુજતો હતો. આમ છતાં પુરમાં તણાતા લાકડાને એકલે હાથે દોરડા વડે ખેંચતો હતો.

પવનનો સપાટો આવે અને પગ ધ્રુજવા માંડે. વરસાદની હેલી આવે અને આંખે કશું દેખાય નહિ. આમ છતાં એ વારંવાર પાણીમાં તણાતાં લાકડાને દોરડાથી ખેંચતો હતો. પૂરમાં તણાતી વસ્તુઓને મેળવવા મથતો હતો.

દયાળુ રાણી ચેલણાને અનુકંપા જાગી. એને થયું કે આ તે કેવો માણસ? આટલા ધોધમાર વરસાદમાં, ફુંકાતા પવનમાં, આ તોફાને ચડેલી નદીમાંથી લાકડાં ખેંચે છે?

રાણીએ રાજા શ્રેણિકને જગાડ્યા અને બારીએથી આકાશમાં ચમકતી વીજળીના પ્રકાશમાં પેલા માનવીને બતાવતાં કહ્યું :

"જુઓ મહારાજ! આપણા રાજ્યમાં કેવા કંગાલ માણસો વસે છે! આવા ધોધમાર વરસાદમાં જાનનું જોખમ ખેડીનેય પેટનો ખાડો પૂરવા કેવી જહેમત ઉઠાવે છે! આવા દુઃખી માનવીઓનું દુઃખ દૂર કરવું તે આપણો રાજધર્મ છે."

રાજા શ્રેણિકે પેલા માણસને બોલાવવા માટે રાજસેવકને મોકલ્યો. રાજાએ તેને પૂછ્યું,

"તને એવું તે શું દુઃખ છે કે આવી કાળી અને ભયાનક રાતે જાનનું જોખમ ખેડે છે?"

પેલા માણસે કહ્યું, "મહારાજ! મારે બળદની જોડી જોઈએ છે. મારી પાસે એક બળદ છે, બીજો મળે એ માટે આ મહેનત કરું છું."



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રાજા શ્રેણિકે એને સવારે પોતાની રથશાળામાંથી બળદ પસંદ કરવા કહ્યું, પરંતુ સવારે તે માણસને એકે બળદ પસંદ પડ્યો નહિ.

રાજાએ પૂછયું : "કેમ ભાઈ, બળદ લીધા વિના પાછો ફરે છે? તને રથશાળામાંનો એકે બળદ પસંદ ન પડ્યો"

પેલા માણસે જવાબ આપ્યો, "મહારાજ, એકે બળદ પસંદ પડે તેવો નથી. આપ મારા ઘેર પધારો અને મારા બળદને જુઓ. તેવો બળદ મારે જોઇએ છે."

રાજા શ્રેણિક એના ઘેર ગયા. તદ્દન સાદું ઘર. આ માણસ લંગોટી સિવાય કશું પહેરતો ન હતો. બાફેલા ચોખા સિવાય કશું ખાતો ન હતો.

પેલા માણસે બળદ પર ઓઢાડેલું કપડું લઈ લીધું. "મારે તો આવો બળદ જોઇએ."

રાજા તો બળદ જોઇને સ્તબ્ધ થઈ ગયો. એ તો સોનાનો રત્નજડિત બળદ હતો. રાજા શ્રેણિકે કહ્યું :–

"ભાઈ, આવો બળદ તો મારું આખું રાજ્ય વેચી નાખું તો પણ બની શકે નહીં. આવો સોનાનો રત્નજડિત બળદ તારી પાસે છે; છતાં વધુ સોનાની આશાએ તમે અંધારી રાતે પ્રાણનીય પરવા કર્યા વિના કંઈ મળે એની શોધ કરતા હતા. તારા જેવી સંગ્રહવૃત્તિ તો મેં ક્યાંય જોઇ નથી."

સોનાનો રત્નજડિત બળદ ધરાવનાર એ માનવીનું નામ હતું મમણશેઠ.

આ કથા કહે છે કે મમણશેઠે જીવનમાં ભોગ-વિલાસ કર્યા નહોતા. એનું જીવન તદ્દન સાદું હતું. પરંતુ સંગ્રહવૃત્તિને કારણે એને નરકાવાસના અગણિત દુઃખો સહન કરવા પડ્યા.

પરિગ્રહ એ સઘળા અનર્થોનું મૂળ છે. સજીવ પ્રાણી કે નિર્જીવ વસ્તુ પરિગ્રહ કરનાર અથવા એમ કરવામાં અન્યને સંમતિ આપનાર કદીય દુઃખમાંથી છુટી શકતો નથી. પરિગ્રહ એ અશાંતિનું મૂળ છે, એટલું જ નહિ પણ અનાવશ્યક સંગ્રહ સામાજિક અપરાધ ગણાયો છે. ભગવાન મહાવીરે તો તેલ, ઘી, ગોળનો જ નહિ પરંતુ પોતાના વચનમાં શ્રદ્ધા રાખનારને તો દરિયાઈ મીઠાનો સંચય કરવાની પણ મનાઈ કરી છે.

પરંતુ આજે હકીકતમાં તો દરેક ક્ષેત્રમાં પરિગ્રહ આપણો માપદંડ બનેલો જોવામાં આવે છે. લક્ષ્મીના પલ્લામાં ધર્મ તોળાય છે. ત્યાગ, સંયમ કે ન્યાયોપાર્જિત દ્રવ્યને બદલે લક્ષ્મી જ આપણા મૂલ્યાંકનનો માપદંડ બની ગઈ છે. શ્રીમંતાઈ પર સેવાનું મૂલ્ય અંકાય છે. પૈસો અને પ્રશંસા ધર્મની ભાવનાને ઘેરી વળ્યા છે.

**આજે સૌથી મોટી જરૂર તો અપરિગ્રહના રોપને અંતરમાં વાવીને જીવનમાં ઉગાડવાની છે.**

卐



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભગવાન મહાવીરે કહ્યું—

# 'મતિ તેવી ગતિ' અને 'સ્વભાવ તેવો પ્રભાવ'

( લેખક : ડૉ. ભાઈલાલ એમ. બાવીશી–પાલીતાણા )

આ સંસારમાં અનેક પ્રકારના અને સ્વભાવના મનુષ્યો જન્મે છે અને કંઈક રીતે જીવન વિતાવે છે. માનવ–જીવનના ધર્મ કર્મને મર્મને સમજી–વિચારી જીવતાં શુભાશુભ ગતિ પામે છે. કેટલાક અહિંસા, સંયમ, તપ, સત્ય ને સદાચાર આદિ સદ્ગુણોને જીવનમાં ઉતારી, સમાજમાં આદર–સન્માન પામે છે. જ્યારે કેટલાક ભોગોપભોગમાં રાચતા અને અનીતિ, ભ્રષ્ટાચાર અને મનસ્વી વર્તન આચરતા, લોકોમાં તિરસ્કૃત બને છે.

કુદરતે માનવીને સદ્બુદ્ધિ ને કુબુદ્ધિ બન્ને આપેલ છે, જેનો જેવો ઉપયોગ તેવું તેનું ફળ મેળવે છે. સ્વભાવાનુસાર કોઇપણ જેવા સુકૃત્યો–કુકૃત્યો કરે છે તેવી શુભાશુભગતિ આ લોકમાં ને પરલોકમાં પામે છે. 'પાપ–પુણ્ય'નો તો એ સનાતન નિયમ છે કે માનવી વ્યવહારમાં કે વ્યવસાયમાં જેટલી પ્રામાણિક, સદાચારી, નિષ્કલંક ને નિષ્ઠાવાન પ્રવૃત્તિ કરે છે તેટલી પુણ્ય–રાશિ મેળવી આદરપાત્ર બને છે ને અંતે સદ્ગતિ પ્રાપ્ત કરે છે અને જો ભ્રષ્ટાચાર કુડ–કપટ, અનીતિ ને અસત્યમાં રચ્યો–પચ્યો રહે છે તો પાપાધિકારી બની સમાજમાં ધિક્કાર પામે છે ને અધોગતિમાં જાય છે' એ જ રીતે માનવી સરળ, સ્નેહાળ ને સહૃદયી સ્વભાવનો હોય તો સમાજમાં સચોટ ને અસરકારક પ્રભાવ પાડે છે, લોકપ્રિય બને છે અને જીવનને અનુકરણીય બનાવે છે. જ્યારે જો માનવી ક્રોધી, કુસ્વભાવનો, કપટી ને વિલાસી હોય છે તો તે જ્યાં જાય છે ત્યાં તે અનાદર ને ધિક્કાર પામે છે ને જીવન વેડફી નાંખે છે.

ભગવાન મહાવીરે આપેલ એક દૃષ્ટાંત યાદ આવે છે.

પૂર્વ વિદેહમાં એક રાજા મહાપદ્મને પુંડરિક અને કંડરીક નામે બે કુંવરો છે. એક સમયે પાટનગરમાં એક પ્રભાવિક આચાર્ય પધારતા, તેમનો ધર્મોપદેશ સાંભળી રાજાને વૈરાગ્ય–ભાવ જાગ્યો એટલે પુંડરીકને ગાદી સોંપી પોતે દીક્ષા લઈ ગુરૂ સાથે વિહાર કરી ગયા. રાજા પુંડરીક સદાચારી, સત્યનિષ્ઠ ને ધર્મરત હોઈ પ્રજામાં લોકપ્રિય બન્યો. કુંડરિક વડીલબંધુને અનુરતો ધર્મકાર્ય કરે છે. કોઈ શુભ ઘડીએ રાજા પુંડરીક એક પ્રભાવશાળી આચાર્યશ્રીને પોતાના પાટનગરમાં પધારવા વિનંતી કરતાં પૂજ્યશ્રી પધાર્યા. પુંડરિક ને કંડરીક બન્ને ભાઇઓ હમેશાં આચાર્યશ્રીનો ધર્મોપદેશ સાંભળવા જાય છે, વૈરાગ્યપૂર્ણ વ્યાખ્યાન સાંભળતા બન્ને ભાઇઓને સંસાર પ્રત્યે અણગમો જાગ્યો. પરિણામે પુંડરીકે ગૃહસ્થ ધર્મના વ્રત લીધાં અને કંડરીકે તો દીક્ષા લઇ લીધી.

સ્થવિર કંડરીકે વૈરાગ્યસભર બની દીક્ષા લીધી હોઈ, શ્રમણુજ વનમાં તીવ્ર ભાવે શીલ, સંયમ, સત્ય, તપ આદિ આચરતો, રસવૃત્તિનો ત્યાગ કરી લુખો–સુકો આહાર વાપરે છે, અને આયંબીલ–ઉપવાસ, અઠ્ઠાઈ આદિ તપ સતત કર્યા કરે છે. પરીણામે આધ્યાત્મિક ઉન્નતિ મેળવે છે. પરંતુ ક્રમે ક્રમે શરીર ઘણું જ કૃશ ને ક્ષીણ બની જાય છે અને વિષમ–જ્વર લાગુ પડે છે. વિહાર કરતા કરતા મુનિ કંડરીક આચાર્યશ્રી સાથે પોતાના



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વતનમાં આવે છે. રાજા પુંડરીકને જાણ થતાં પૂજ્ય આચાર્યશ્રી અને મુનિને વંદન કરવા આવે છે. પોતાના સંસારી બંધુનું શરીર નબળું હોઇ તેમજ તાવ લાગુ પડેલ હોઈ પૂ. આચાર્યશ્રીને સ્થિરતા કરવા વિનતિ કરે છે જેથી કંડરીકના વિશિષ્ટ ઉપચારો થઈ શકે. વિનતિ સ્વીકારાતાં કંડરિકના રોગના યોગ્ય ઉપચારો થવા લાગ્યા. પૌષ્ટિક આહાર પણ અપાવા લાગ્યો અને ધીમે ધીમે શરીર તંદુરસ્ત બની ગયું. કંડરીકને સ્વાદિષ્ટ વાનગીઓ અને મિષ્ટાનો તેમ જ સારી સારી સગવડો મળતાં એવો રસ લાગ્યો કે હવે વિહાર કરવા તો વિચારતો જ નથી, જ્યારે અન્ય સાધુ મહારાજો આચારાનુસાર વિહાર કરી ગયા.

રાજા પુંડરીક સમજુ ને શાણો હતો. પોતે સમજતો હતો કે, 'સાધુ તો ચલતા ભલા' સાધુ સંતોએ સ્થિર ન રહેતા વિહાર કરવો જોઈએ. એટલે એક બે વાર આડકતરી રીતે કંડરિકને વિહાર કરવા સુચવ્યું. પરંતુ કંડરીકને મિષ્ટ આહાર ને ઉપલબ્ધ સુવિધાઓ છોડવી ન ગમી. પુંડરીકે છેવટ સીધો ને સ્પષ્ટ પ્રશ્ન કર્યો કે 'ભગવંત, આપ ત્યાગાર્થી છો કે ભોગાર્થી? કંડરીકને સ્વાદેન્દ્રિયે એવો લોલુપ બનાવી દીધો હતો કે હવે આ રાજાશાહી સગવડો છોડવી ગમી નહિ. એટલે સ્પષ્ટ પ્રત્યુતર આપી દીધો કે 'રાજન્ હવે હું ત્યાગ-સંયમ પાળી શકું તેમ નથી એટલે ભોગાર્થી બની ગયો છું.'

એટલે રાજા પુંડરીક–જે સદાચારીને સંયમી હતો અને સંસારમાં પણ બારવ્રતધારીને તપસ્વી બની ગૃહસ્થધર્મ પાળતો હતો–તેણે પોતાના ભાઈ કંડરીકને ગાદીનશીન કર્યો અને પોતે સ્થવિર કંડરિકનો સાધુ-વેશ પહેરી સ્વયં દીક્ષા સ્વીકારી વિહાર કરી ગયો.

સંજોગો ને સમય પણ માનવીને કયાં છોડે છે? કંડરીક રાજા બન્યા પછી ભોગ–વિલાસ ને વૈભવમાં એટલો ડૂબી ગયો કે પરિણામે અજીર્ણ થયું, તાવ લાગુ પડયા અને છેવટ સુધી ભોગવિલાસમાં અંત સુધી આસક્ત રહેનાર કંડરીક ભોગોપભોગના અશુભ પરિણામો રટતો મૃત્યુ પામ્યો અને અધોગતિમાં ગયો. જ્યારે પુંડરીક તો સ્વેચ્છાએ અને શુભવૃત્તિથી સંયમ સ્વીકારેલ હોઇ વૈરાગ્યવૃત્તિમાં દઢ હતો. સાધુના આચાર–અનુસાર તપ–જપ વ્રત પચ્ચક્ખાણ અને મોટી તપશ્ચર્યાઓ પણ કરવા લાગ્યો અને પારણે પણ લુખો–સુકો આહાર લેતો. કઠીન તપશ્ચર્યા અને નિરસ ખોરાકને કારણે શરીર નબળું પડી ગયું. ખુબ જ કૃશ ને ક્ષિણ થઇ ગયો અને વિષમ જ્વરમાં સપડાયો છતાં સંયમી ને વ્રતધારી પુંડરીકે અનાસકત ભાવમાં રહી દુઃખ પણ ન દાખવ્યું.

મનને સ્થિર કરી, એકાગ્ર ચિત્તે અરિહંત ભગવાનનું અને ઉપકારી આચાર્ય ભગવંતોનું સ્મરણ કરી રહ્યો. છેવટ પોતાનો અંત નજીકમાં જાણી પ્રસન્ન ભાવે ગુરુદેવને અને શ્રમણ વર્ગને નમસ્કાર કરી 'मिच्छामि दुक्कडम्' દઈ, દરેક પદાર્થ વોસીરાવી અનસન કર્યું અને નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરતા કરતા સમાધિમરણને પામ્યો અને દેવગતિમાં ગયો.

એટલે ભગવાન મહાવીરે કહ્યુ કેઃ—

જે આત્માઓ 'કંડરીક'ની જેમ સંયમ સ્વીકાર્યા પછી આચાર વિચારમાં શિથિલતા-મંદતા સેવે છે અને સંયમથી ભ્રષ્ટ બને છે. તેઓ અખરે લોકમાં તિરસ્કૃત બની સંસાર-અટવીમાં સદાકાળ દુઃખી થતાં ભટકયા કરે છે. જ્યારે પુંડરીકની જેમ જે સંયમી આત્માઓ શીલ, સંયમને સત્યમાં દઢ રહે છે અને વિષમ વિલાસ ને ભોગોપભોગોને ઠોકરે મારે છે તેઓ લોકોમાં પૂજનીય વંદનીય બની સંસાર તરી જાય છે અને મોક્ષગામી બને છે. સારાંશ કે આત્માના શુભાશુભ પરિણામો અને મનની ઉચ્ચનીચ પરિસ્થિતિ અનુસાર 'મતિ તેવી ગતિ' અને 'સ્વભાવ તેવો પ્રભાવ'એ કહેવતને ચરિતાર્થ કરે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ભગવાન મહાવીરનો ઔદાર્યવાદ

ન્યાયવ્યાકરણ પૂ. પંન્યાસશ્રી પૂર્ણાનંદવિજયજી મહારાજ
(કુમારશ્રમણ)

સમાજમાં એક વ્યક્તિનો બીજા-ત્રીજા-સેંકડો-હજારો તથા લાખો વ્યક્તિઓથી સંબંધ હોવો આવશ્યક છે અને પૂરો સમાજ ભગવત્-તત્ત્વ સાથે સંબંધિત હોવો અત્યંત જરુરી છે. "સંબંધનો અર્થ છે-એક બીજા સાથે સત્ય, સભ્ય, સદાચારમય, નૈતિક, અહિંસક, પૂર્ણ-અહિંસક તથા પ્રેમપૂર્ણ વ્યવહાર."

ધર્મ (Religion)નો અર્થ પણ એ જ છે કે દાનધર્મ દયાધર્મની સાથે સાથે બીજાના અપરાધોને માફ કરીને, મનુષ્ય માત્ર, બીજા મનુષ્ય સાથે યાવત પૂરા દેશ સાથે આત્મીય સંબંધ સ્થાપિત કરે.

'ધર્મ' શબ્દનો પણ આ જ અર્થ છે. "धारयतीति धर्मः" અર્થાત્ દાન, પ્રેમ તથા આત્મીય સંબંધથી એક બીજાને મદદગાર બનવું, પોતાના સ્વાર્થોનું બલિદાન દઇને બીજાને પોતાના જેવા બનાવવા."

'यज्ञ' શબ્દ यज् ધાતુથી બન્યો છે, જેનો અર્થ છે, પૂજા કરવી, સેવા કરવી, દાન કરવું વગેરે. એક મનુષ્ય બીજા મનુષ્યને પોતાના સમાન સમજીને તેનો સત્કાર કરે, ગરીબો, અનાથો તથા દરિદ્રોની સેવા કરે અને પોતાની વસ્તુ, સત્તા તથા શ્રીમંતાઈ બીજાને આપીને બધાને પોતાના જેવા બનાવે.

આ બધાનું તાત્પર્ય એ થયું કે એક મનુષ્ય, બીજા મનુષ્યને બગાડવા માટે, દુઃખી કરવા માટે કે વેર-ઝેર કરવા માટે અવતરિત થયો નથી; પરંતુ પ્રેમ, મૈત્રીભાવ, ઔદાર્ય, સરળતા તથા દાનધર્મની ગંગા પ્રવાહિત કરવા માટે જ જન્મ્યો છે. આવી પરિસ્થિતિમાં સમાજ, ગામ તથા દેશમાં એક બીજાને સહાયક થનાર ઇન્સાન જ મૈત્રીભાવની વીણા વગાડનારો બની શકે છે. અન્યથા ભગવત્-તત્ત્વની અવગણના કરી અને સામાજિક જીવનને લાત મારી મનુષ્ય જ્યારે સ્વયં પોતાના સ્વાર્થ, ક્રોધ, લોભ તથા માયાવશ બનીને બીજા મનુષ્યથી જુદો પડે છે, ત્યારે સમાજ તથા દેશમાં વેર, વિરોધ, હિંસા તથા પ્રપંચ વધે છે, જેનાથી આખા દેશમાં વિનાશ થવાનાં લક્ષણોની શરૂઆત થાય છે. પરિણામસ્વરુપ દેશમાં પ્રાકૃતિક પ્રકોપ, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, ભૂખમરો, નગ્નતા, શઠતા તથા જુદા જુદા અસાધ્ય રોગોની વૃદ્ધિ થવી સ્વાભાવિક છે.

આ એક અનુભવસિદ્ધ વસ્તુ છે કે જે દેશ, ગામ તથા સમાજમાં એક શ્રીમંત બીજા શ્રીમંતથી; એક સત્તાધારી બીજા સત્તાધારીથી તથા એક ધર્માચાર્ય બીજા ધર્માચાર્યથી; વાગ્યુદ્ધ તથા દંડાદંડીના યુદ્ધમાં જીવન યાપન કરી રહ્યા હોય, તો તે દેશ, ગામ તથા સમાજ કોઈ પણ સ્થિતિમાં પોતાની આઝાદીનું રક્ષણ કરી શકતો નથી.

ફળસ્વરૂપ "પાડા-પાડાની લડાઇમાં પખાલીને દંડ"-એ કહેવતની જેમ સ્વાર્થાંધ બનેલા શ્રીમંત, સત્તાધારી તથા ધર્માચાર્યોની લડાઈ પણ દેશ તથા સમાજને રસાતલમાં પહોંચાડવાનું કારણ બને છે.

ભગવાન મહાવીર સાચા અર્થમાં ભગવત્-



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તત્ત્વના માલિક હતા, જન્મ, જરા તથા મૃત્યુથી સર્વથા પર હતા. મોહજન્ય રાગ–દ્વેષ–કામ–ક્રોધ–માયા–લોભ આદિ અંતરંગ શત્રુઓ પર જેણે વિજય પ્રાપ્ત કર્યો છે–એવા હતા અને કર્મકલેશોથી દુઃખી થતા સંસારનો ઉદ્ધાર કરવામાં પૂર્ણ સમર્થ હતા. એથી અનંતજ્ઞાનના સ્વામી ભગવાન મહાવીરસ્વામીએ દુઃખી સંસારને સુખી બનાવવા માટે ચતુર્વિધ સંઘની સ્થાપના કરી છે તથા સામાજિક જીવનને ઉચ્ચતર બનાવવાના ઉદ્દેશ્યથી 'દાનધર્મ'ને સમાજવાદનું મૂળ કારણ કહ્યું છે.

સંસારને વેર–વિરોધથી ભડકાવનારી તથા સામાજિક જીવનને બગાડનારી 'વિષમતા' છે. જ્યાં પણ વિષમતા ફેલાય છે, ત્યાં આંતર તથા બાહ્ય જીવન કલુષિત બન્યા વિના રહેતું નથી.

કારણ કે 'વિષમતા'નું આ જ એક વિષચક્ર છે કે એક સ્થાન પર અગણિત ધન–રાશિ છે, તો લાખો કરોડોનાં ઘરમાં સૂકો રોટલો પણ નથી. એકને ત્યાં સુંદર તથા રંગીન વસ્ત્રોનો ઢગલો છે, તો અન્યત્ર ફાટેલાં–તૂટેલાં કપડાં પણ નથી. એકની પાસે રહેવા માટે આલીશાન બંગલો છે, તો બીજા પાસે તૂટી ફૂટી ઝૂંપડી પણ નથી.

એકને ત્યાં જગમગાટ રોશનીની બોલબાલા છે, તો બીજા પાસે દીવો સળગાવવા તેલ પણ નથી.

તદુપરાન્ત, વિષમતાનો એ અભિશાપ છે કે આખી દુનિયાને ભૂખી મારવાની બદદાનત રાખનારા એક શ્રીમંતને બીજા શ્રીમંતથી તથા એક સત્તાધારીને બીજા સત્તાધારીથી પણ પરસ્પર મેળ નથી. આજનો સંસાર જ આપણી સામે પ્રત્યક્ષ છે.

થોડા વધુ આગળ વધીએ તો માનવું જ પડશે કે આ શ્રીમંત તથા સત્તાધારીઓના હાથમાં જીવન યાપન કરનારા એક આચાર્યનું બીજા આચાર્યથી, એક પંડિતનું બીજા પંડિતથી, એક શિક્ષકનું બીજા શિક્ષકથી, એક સન્યાસીનું બીજા સંન્યાસીથી અને એક નેતાનું બીજા નેતાથી–રામ તથા રાવણનું માનસિક યુદ્ધ અત્યંત વેગથી પોતાનો પ્રભાવ દર્શાવી રહ્યું છે.

ભલે સત્યયુગ હોય કે કલિયુગ, આ સંસારમાં પાપ–પુણ્ય, હિંસા–અહિંસા, અસત્ય–સત્ય, મૈથુન–બ્રહ્મ, પરિગ્રહ–સંતોષ આદિ દ્વન્દ્વોની બહુલતા ક્યારેય પણ મટવાની નથી; એ જ કારણ છે કે અનાદિકાલીન મોહકર્મની ચેષ્ટાઓમાંથી જ્યારે મનુષ્યના દિમાગમાં હિંસા–જૂઠ–ચોરી–મૈથુન તથા પરિગ્રહના પાપોની ભાવના વધી જાય છે, ત્યારે વિષમતાવાદ, મારપીટ, વેર–વિરોધ, નિર્દયતા, કૃપણતા આદિ પણ પોતાની મર્યાદા છોડીને સમસ્ત સંસારમાં વિષમતાનું વાતાવરણ ઉપસ્થિત કરી દે છે, ત્યારે સંસારની સમસ્યાઓ પણ એવી જટિલ, વિચિત્ર તથા દુર્ભેદ્ય બની જાય છે કે જેનું સમાધાન કરવામાં રાજસત્તા, સૈનિકસત્તા, પંડિતસત્તા તથા સાધુસત્તા પણ સફળ થઈ શકતી નથી.

તથાપિ ભગવાન મહાવીરસ્વામીને આપણે સમજી લઈએ તથા એમણે આપેલાં વ્રતોનું પાલન કરીએ તો જ વિષમતાવાદ દૂર થઈને દેશમાં સમતાવાદ, સમાજવાદ, શાન્તિ તથા સમાધિ પ્રાપ્ત થશે.

"धम्मस्स जणणी दया" અર્થાત્ ધર્મની માતા દયા છે. આન્તરજીવનમાં દયા અને વિવેકની પ્રાપ્તિ વિના ધર્મની ઉત્પત્તિ સર્વથા અશક્ય છે.

આનો સીધો સાદો અર્થ એ છે કે ધાર્મિક બનવા માટે પોતાના જીવનના પ્રત્યેક રોમમાં દયા તથા વિવેક લાવવાં જ પડશે.

ભાવદયા તથા દ્રવ્યદયામાં સર્વશ્રેષ્ઠ ભાવદયા છે, કારણ કે આ દયાના પ્રભાવથી જ જીવમાત્રનાં જીવન સુન્દરતમ બને છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

"આ પ્રમાણે સામાજિક જીવનની સુંદરતા જ સમાજવાદ છે."

ભગવાન મહાવીરસ્વામીએ પોતાના અદ્વિતીય પુરુષાર્થ દ્વારા ચતુર્વિધ સંઘની સ્થાપના કરી, જેનાથી સાધુ-સાધ્વીઓના ધર્મની મર્યાદા સંપૂર્ણ પાપોથી મુક્ત થઈ અને

**(૧) જગત્ જીવો પ્રત્યે મૈત્રીભાવ. (૨) ગુણવંત જીવો પ્રત્યે પ્રમોદભાવ, (૩) દીન-દુઃખી જીવો ઉપર કારુણ્યભાવ, (૪) પાપી-અત્યાચારી પ્રત્યે ઉપેક્ષાભાવ.**

ઉપરોક્ત સદ્ભાવનાઓથી સાધુ-સાધ્વીના આત્માઓ જગતભરના પ્રાણીઓને સંયમધર્મ, તપોધર્મ તથા અહિંસક માર્ગનું અનુદાન કરનારા થયા.

તીર્થંકર પરમાત્મા શ્રી મહાવીરસ્વામીનું પુણ્ય-કર્મ અતિ ઉત્કૃષ્ટતમ હોવાથી તેઓનાં ચરણોમાં સંસારની વિષમતાઓને વધારનારા મુખ્ય ઠેકેદાર, હિંસક, દુરાચારી, પરિગ્રહના પરમ પૂજારી શ્રીમંતો, ભોગવિલાસમાં મસ્ત બનેલા ધનવાનો તથા રાજાઓનાં પુત્ર-પુત્રીઓ, અર્જુનમાળી જેવા પ્રતિદિન સાત-સાત મનુષ્યોને ઘાત કરનાર, દઢપ્રહારી જેવા મહા-હિંસક, ચિલાતીપુત્ર જેવા પ્રત્યક્ષ હિંસક, મેતારજ જેવા હરિજન, હરિકેશી જેવા ચંડાલ, આનંદ, કામદેવ જેવા કોટ્યાધિપતિ, શ્રેણિક, ચંડપ્રદ્યોત જેવા કામદેવના અતિશય ભક્ત, મહારાજા ચેટક (વૈશાલી ગણતંત્રના અધિનાયક) જેવા રાજર્ષિ, અભયકુમાર જેવા બુદ્ધિ કુબેર પ્રધાન મંત્રી, શાલીભદ્ર તથા ધન્ય શેઠ જેવા દેશસેવક ધનાઢ્ય, મૃગાવતી જેવી રુપવતી રાજરાણીઓ, જયંતી જેવી મહાશ્રાવિકાઓ, ચંદનબાળા જેવી યૌવનવતી બ્રહ્મચારિણીઓ, પુણ્ય શ્રાવક જેવા ગરીબ ગૃહસ્થો તથા સુદર્શન જેવા પુણ્યપ્રભાવી શિયળસંપન્ન ગૃહસ્થો વગેરે સંખ્યાત-અસંખ્યાત, માનવ સમુદાય ભગવાન પાસે વ્રતધારી-સંયમી, મહાતપસ્વી તથા બ્રહ્મચારી બની શકયા.

ભગવાનનાં પાંચ મહાવ્રતોએ, પાંચ અણુવ્રતોએ, ત્રણ ગુણવ્રતોએ તથા ચાર શિક્ષા-વ્રતોએ જગતની વિષમતાઓને સમાપ્ત કરી એક સંઘ સ્થાપનના માધ્યમથી આખા સંસારને દયા, દાન, સમતા, અહિંસા, સંયમ તથા તપોધર્મના અપૂર્વ સંદેશ આપેલ છે.

ભગવાનની હયાતીમાં જ ૭૦૦ મહાપુરુષોએ તથા સંપૂર્ણ પરિગ્રહત્યાગીની શિયળસંપન્ન ૧૪૦૦ સાધ્વીજી મહારાજોએ પોતાનાં બધાં કર્મોનો નાશ કરી, જન્મ-જરા તથા મૃત્યુથી છુટકારો પ્રાપ્ત કરી, મોક્ષગતિ પ્રાપ્ત કરી છે. બીજા પણ અગણિત ભાગ્યશાળીઓ પૂર્ણ અહિંસક, સત્યવાદી, બ્રહ્મચારી તથા સંસારમાં ભયંકરમાં ભયંકર પાપોની વૃદ્ધિ કરાવવાનું મૂળ કારણ તથા લાખો, કરોડો મનુષ્યોને ભૂખ્યા મારવાનું આદ્ય કારણ-એવા પરિગ્રહના સંપૂર્ણ ત્યાગી બન્યા છે.

પોતાના પ્રબળ પુરુષાર્થ દ્વારા સાત મહા-પુરુષોએ તીર્થંકર ગોત્ર ઉપાર્જિત કર્યું છે, જેથી આગામી કાળમાં એ ભાગ્યવાન તીર્થંકર-પદ પ્રાપ્ત કરી, અગણિત મનુષ્યોને હિંસા, જૂઠ, ચૌર્ય, મૈથુન તથા પરિગ્રહ આદિ પાપોથી મુક્ત કરાવવામાં સમર્થ થશે.

આ પ્રમાણે ભગવાન મહાવીરસ્વામીની જ્ઞાન-જ્યોતે અસંખ્ય જીવોને જ્ઞાનનો પ્રકાશ અર્પ્યો છે અને લાંબા સમય સુધી આ જ્યોત પોતાનું કાર્ય કરતી રહેશે.

આજના આ ભૌતિકવાદના જમાનામાં પણ જૈન સાધુ તથા જૈન સાધ્વી પોતાનાં વ્રત-નિયમ-તપશ્ચર્યા-સંયમ-સમતા આદિથી સંસા-રની સામે પ્રત્યક્ષ ઉદાહરણરૂપ છે.

સંપૂર્ણ ત્યાગી નહિ બનેલા ગૃહસ્થોને ઉપદેશ આપતાં ભગવાને ફરમાવ્યું છે કે :—



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૧) પોતાના ગૃહસ્થાશ્રમને નિભાવવા સિવાય મન, વચન તથા કાયાથી કરેલું હિંસક કાર્ય હિંસા છે.

(૨) અસત્ય ભાષણ, ખોટી સાક્ષી તથા મૃષા ઉપદેશને ત્યાગવો એ જ સામાજિક જીવનને સુંદર બનાવવાનું લક્ષણ છે.

(૩) વ્યાપાર–નીતિને બગાડવી, માલમાં સેળભેળ કરવો, રાજ્ય વિરુદ્ધ વ્યાપાર કરવો, ખોટાં તોલ તથા માપ રાખવાં, વ્યાજમાં તથા હિસાબમાં ગોટાળા કરવા એ જ સામાજિક જીવનને કદરૂપું બનાવવા જેવું છે.

(૪) વિધવા, સધવા, કન્યા તથા વેશ્યા આદિના સંસર્ગનો ત્યાગ કરી, પોતાની સ્ત્રી સાથે પણ ભદ્ર તથા ધર્મ્ય વ્યવહાર કરવો એ જ મનુષ્યજીવનની પવિત્રતા છે.

(૫) પરિગ્રહી આત્મા પાપી છે, દુર્ગતિગામી છે, પુણ્યકર્મોને બરબાદ કરનારો છે, કારણ કે હદ કરતાં વધારે પરિગ્રહ, હિંસા, જુઠ, ચોરી તથા મૈથુન કર્મની વૃદ્ધિ કરનાર હોવાથી ત્યાજ્ય છે.

(૬) પ્રાપ્ત કરેલાં ધન–વૈભવનો ઉપયોગ પહેલાં પોતાનાં આશ્રિતોને દાળ–રોટી આપવા માટે, ત્યાર પછી પોતાના સગાસંબંધીને સમૃદ્ધ બનાવવા માટે કરવો એ જ દાનધર્મ છે.

(૭) એવા પાપી વ્યાપાર પણ ન કરવા જેથી અગણિત માનવો તથા પશુઓની નિર્દય હત્યા થવાનો અવસર આવે.

(૮) મરી રહેલાં અથવા માર્યા જતાં જીવોને બચાવવા એ જ ઇશ્વરીય કર્તવ્ય છે.

મહાવીરસ્વામીના ધર્મને પ્રાપ્ત કર્યા પછી, જીવમાત્રે સરલ–પરિણામી, નિરારંભી, પરિગ્રહ–પરિમાણી બનવાનું ધ્યેય રાખવું ખાસ જરૂરી છે.

## ભગવાન મહાવીરસ્વામીના પંચ કલ્યાણક

| | |
|---|---|
| ૧ ચ્યવન કલ્યાણક | અષાડ શુદ ૬ |
| ૨ જન્મ કલ્યાણક | ચૈત્ર શુદ ૧૩ |
| ૩ દીક્ષા કલ્યાણક | કારતક વદ ૧૦ |
| ૪ કેવળજ્ઞાન કલ્યાણક | વૈશાખ શુદ ૧૦ |
| ૫ નિર્વાણ કલ્યાણક | આસો વદ ૦)) |

卐

## પ્રેરક વચન સુવાસ

પાપનું મૂળ લોભ છે, રોગનું મૂળ રસલોલુપતા છે, દુઃખનું મૂળ સ્નેહ છે; તે ત્રણેનો ત્યાગ કરીને સુખી થવાય છે.

× × ×

જે અતિશય છે, આત્માથી જ ઉત્પન્ન થયેલું છે, વિષયોની ઇચ્છાથી રહિત છે, ઉપમારહિત છે, અનંત છે અને અવિચ્છિન્ન (છેદ–આંતરા વગરનું) છે તેને બુધ પુરૂષો સાચું સુખ કહે છે અને તેવું સુખ મુક્ત પુરૂષોને જ સંપૂર્ણપણે પ્રાપ્ત થઇ શકે છે, માટે મુક્તિનો પ્રયત્ન કર્તવ્ય છે.

× × ×

જ્યાં સુધી વિષયભોગમાં પ્રીતિ અને પ્રવૃત્તિ છે ત્યાં સુધી આકુળતા જ રહ્યા કરે છે, અને શાંત ભાવની પ્રાપ્તિ થતી નથી; તેથી સાચા આનંદની પ્રાપ્તિ માટે અતીન્દ્રિય આહ્લાદરૂપી સ્વભાવવાળા આત્માનો અનુભવ કરવાના ઉદ્દેશ્યથી વિષયભોગ પ્રત્યેની પ્રીતિ અને પ્રવૃત્તિનો ત્યાગ કરવો જોઇએ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આંખોના અંધકાર પર જ્ઞાનજ્યોતિથી
વિજય મેળવનાર પુરુષાર્થી વિભુતિ

# જીવન અને જગતને અમૃતમય કરનાર જ્ઞાનોપાસકની ચિર વિદાય



લે. રતિલાલ દિપચંદ દેશાઈ

પ્રજ્ઞાચક્ષુ પંડિતવર્ય શ્રી સુખલાલજી સંઘવી.

તેઓશ્રીનું જીવન અને કાર્ય એટલે–

અંધપણાની લાચારી સામે પુરૂષાર્થના, મુસીબતોની સામે આત્મવિશ્વાસના અને વિરોધના ઝંઝાવાતની સામે દૃઢ મનોબળના પ્રશાંત વિજયની અમર શૌર્યકથા.

એ મૂક વિજયનાં એમના અહિંસક અસ્ત્ર–શસ્ત્રો હતાં, સ્ફટિક સમું નિષ્કલંક શીલ; મર્મગ્રાહી, સર્વગ્રાહી અને સારગ્રાહી પ્રજ્ઞા; સત્યને જીવી જાણવાની સમર્પણ ભાવના; કપરામાં કપરા સંયોગોમાં પણ હીનતાના ભોગ નહીં બનવાની અણનમ વૃત્તિ, અને ગમે તેવી મોટી જવાબદારી કે આપત્તિ આવી પડે ત્યારેય પલાયન–પીછેહઠ કરવાને બદલે, એને વધાવી લેવાની આંતરિક અસીમ તાકાત.

પણ આવો વિજય મેળવવાની પાછળ અને આવા અમોઘ અને અનોખાં અસ્ત્ર–શસ્ત્રોની સિદ્ધિ મેળવવા માટે એમણે જીવનભર સતત જાગૃતિપૂર્વક, કેવું આકરું જ્ઞાનતપ અને ચારિત્ર-તપ કર્યું હતું! રણશૂરા યોદ્ધાની જેમ તેઓ આ માટે આજીવન ઝૂઝતા જ રહ્યા હતા, અને પોતાની ૯૮ વર્ષ જેટલી સુવિસ્તૃત જિંદગીને કૃતાર્થતાનું અમૃતપાન કરાવીને મહાયાત્રાએ સંચરી ગયા!

એ મહાપુરૂષની થોડીક જીવનકથા જાણીએ.

સૌરાષ્ટ્રના ઝાલાવાડ જિલ્લાનું નાનું સરખું લીમલી ગામ તેઓનું વતન. પિતાનું નામ સંઘજીભાઈ. જૈન કુટુંબમાં તા. ૮–૧૨–૧૮૮૦ ના રોજ એમનો જન્મ.

કુમાર અવસ્થા પૂરી થઇ અને યૌવનનું પરોઢ ખીલવા લાગ્યું. સુખલાલે પોતાના ગામની નિશાળમાં સાત ધોરણનો અભ્યાસ પુરો કર્યો અને ૧૪–૧૫ વર્ષની ઉંમરે વાણિયાનો દિકરો દુકાને બેસીને વેપાર વણજમાં પોતાની અક્કલ અને હોંશિયારીનો ઉપયોગ કરવા લાગ્યો. એના હાથમાં એવી યશરેખા અંકિત થયેલી હતી કે, એ જે કામ હાથ ધરે એમાં એના પાસા પોબાર થતા! એમનું સગપણ પણ આ અરસામાં થઈ ગયું હતું. અને હવે તો લગ્નની વાતો પણ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

થવા લાગી હતી. ત્યારે ૧૫–૧૬ વર્ષની ઉંમર લગ્ન માટે પરિપક્વ વય લેખાતી.

પણ કુદરતનો સંકેત કંઈક જુદો જ હતો. આવો ખમીરદાર તેજસ્વી અને ચેતનવંત યુવાન એકાદ કુટુંબ, ગામ કે જિલ્લાનું ધન બની રહે એ જાણે કુદરતને મંજુર ન હતું. સોળ વર્ષની ઉંમરે સુખલાલને બળિયાનો ભયંકર ઉપદ્રવ થઈ આવ્યો. એ ઉપદ્રવ એમના માટે જીવલેણ તો ન બન્યો, પણ એણે એમની આંખોના પ્રકાશનો સદાને માટે ભોગ લઈ લીધો! કુટુંબની બધી આશાઓ અસ્ત થઈ ગઈ અને એ સમયે તો સુખલાલને પણ પોતાનું જીવન હતાશ, લાચાર અને અંધકારભર્યું બની ગયેલું લાગ્યું.

આવી અસાધારણ આપત્તિ વખતે અંતર સાથે એકરૂપ બનેલ હીર સુખલાલની સહાયે આવ્યું અને થોડાક મહિનાઓમાં જ આ મહાન આઘાતની એમને કળ વળી ગઈ. અને એક મંગળ ચોઘડિયે સુખલાલે પોતાનું જીવન સર્વ કલ્યાણકારી માતા સરસ્વતીની ઉપાસના માટે સમર્પિત કરવાનો દ્રઢ સંકલ્પ કર્યો. આ શુભ સંકલ્પનો જ એ પ્રતાપ હતો કે સુખલાલજી લીમલી, ઝાલાવાડ. સૌરાષ્ટ્ર, ગુજરાતના મટીને ભારતની એક વિરલ વિદ્યાવિભૂતિ તરીકેનું ગૌરવ પામ્યા, અને ભારતીય વિદ્યા અને ભારતીય દર્શનોની વિવિધ શાખાઓના નિપુણ અને અધિકૃત પંડિત તરીકે એમની ખ્યાતિ વિદેશમાં પણ વિસ્તરી.

આંખોનું તેજ ખોયા પછી સુખલાલે પોતાના ગામમાં આવતાં સાધુ–સંતો અને મહાસતીઓ પાસેથી ખૂબ ખંત, ઉત્સાહ અને રસપૂર્વક ધર્મશાસ્ત્રોની જાણકારી મેળવવા માંડી. એમની સ્મરણશક્તિ એટલી તેજ હતી કે જે કંઇ જાણવા મળતું તે જાણે સદાને માટે હૃદયમાં સંઘરાઈ જતું!

છએક વર્ષ એ રીતે પસાર થયાં એની સાથે સાથે એમની તત્ત્વજિજ્ઞાસા વધુ ને વધુ તીવ્ર થતી ગઇ. એને સંતોષવા તેઓ થોડોક વખત મહેસાણામાં રહ્યા અને પછી તો, ભારતના વિખ્યાત ધામ છેક કાશી સુધી જઇ પહોંચ્યા. અને એટલાથી સંતોષ ન થયો તો પહોંચી ગયા મિથિલા પ્રદેશના દરભંગા વગેરે સ્થાનોમાં. આંખોના પ્રકાશના અવરોધની અને આર્થિક અગવડની ય અવગણના કરીને આવા લાંબા લાંબા પ્રવાસો ખેડવાનું સાહસ કરનાર પંડિતજીની જ્ઞાનપિપાસા કેટલી ઉત્કટ હશે એનો જાતે આ બોલતો પુરાવો જ છે! આમાંથી પંડિત સુખલાલજી જેવી વિભૂતિની ભારતને પ્રાપ્તિ થઈ હતી એમ કહેવું જોઇએ.

પછી તો પંડિતજીએ ગુજરાત વિદ્યાપીઠ, શાંતિનિકેતન, બનારસ હિંદુ યુનિવર્સિટી, ભારતીય વિદ્યાભવન, ગુજરાત વિદ્યાસભા જેવી નામાંકિત સંસ્થાઓમાં રહીને અધ્યાપન–સંશોધનનું કામ કર્યું, અનેક પ્રાચીન કઠિન ગ્રંથોનું સંપાદન–સંશોધન તથા ભાષાંતર કર્યું, કેટલાક સ્વતંત્ર પુસ્તકો લખ્યા તથા અનેક વિદ્વાનો પણ તૈયાર કર્યા.

આ તો પંડિતજીની અતિ વિરલ વિદ્યાસિદ્ધિની થોડીક વાત થઈ પણ એમના વિરાટ અને વિશેષ કલ્યાણકર વ્યક્તિત્વના યથાર્થ દર્શન તો એમની વ્યાપક અને આત્મલક્ષી જીવનસાધનામાં થાય છે.

એમના નિકટના પરિચયમાં આવનારને ક્યારેક એવો મધુર સવાલ થઈ આવવો સ્વાભાવિક હતો કે તેઓની જ્ઞાનોપાસના વધે કે જીવનસાધના?

પંડિતજીની પ્રજ્ઞા એટલી વ્યાપક અને સર્વસ્પર્શી હતી કે તેઓ ધર્મ, સમાજ અને રાષ્ટ્રના જીવન સાથે તેમજ શિક્ષણ, સાહિત્ય કે સંસ્કૃતિનાં ક્ષેત્ર સાથે સંકળાયેલ બધી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બાબતોનું મહત્વ પિછાની શકતા હતા, મૂલ્યાંકન કરી શકતા હતા અને પ્રગતિરોધક તત્ત્વોને પારખી જઇને એની સામે જાગ્રત રહેવાનું સમાજને નિર્ભયપણે કહેતા રહેતા હતા. આમ કરવા જતાં ક્યારેક જનસમૂહની ઈતરાજી કે કનડગત વેઠવાનો વખત આવતો તો પણ તેઓ જરાય વિચલિત થયા વગર, પોતાનાં સિદ્ધાંત અને કાર્યને મક્કમતાપૂર્વક વળગી રહેતા હતા.

આ દ્રષ્ટિએ તેઓ મહાત્મા ગાંધીજીના જીવન અને કાર્યથી ખૂબ પ્રભાવિત થયા હતા. એટલું જ નહી એના લીધે પંડિતજીની દીન–દુઃખી જનતાના કલ્યાણની ભાવના તથા રાષ્ટ્રીયતા દ્રઢ બની હતી અને રચનાત્મક કાર્ય અને વિચારનું મહત્વ તેઓ વિશેષ રૂપે સમજી શકયા હતા. સાથે સાથે ગાંધીજી પણ પંડિતજીની સત્ય પરાયણ અને સેવા પરાયણ વિદ્વત્તાનું મહત્વ સમજી શકયા હતા તથા તેથી જ તેઓએ ગુજરાત વિદ્યાપીઠમાં પંડિજીતની દર્શનોના અધ્યાપક તરીકે નિમણૂંક કરી હતી. પંડિતજીની આવી ઉચ્ચ કોટીની અને આદર્શ જીવન-સાધનાને સમજવાનો નમ્ર પ્રયાસ કરીએ.

એમ લાગે છે કે અંધપણાના અવરોધની સામે ઝઝુમીને જીવનવિકાસના નવા સીમાડા સર કરવાનું બળ જે વિદ્યાપ્રીતિએ પંડિતજીને પૂરૂં પાડયું હતું, એ વિદ્યાસાધના કરતાં કરતાં તેઓને સત્યનો મહિમા વધુને વધુ સમજાતો ગયો હશે અને કયારેક કયારેક સત્યને પામ્યાની અપૂર્વ આનંદઅનુભૂતિ પણ તેઓને થઇ હશે.

પરિણામે સત્યની શોધની ઝંખના, સત્યનો ગમે તે ભોગે સ્વીકાર કરવાની તત્પરતા અને સત્યને જીવી જાણવાની તાલાવેલી એમનામાં ઉત્તરોત્તર વધુને વધુ સક્રિય થતી ગઈ. આને લીધે તેઓ કેવળ ધર્મશાસ્ત્રોના નિષ્ણાત પંડિત બનવા ઉપરાંત ધર્મમય આચરણથી પોતાનાં જીવન અને વ્યવહારને નિર્મળ, નિખાલસ અને પ્રામાણિક બનાવવાનો પુરૂષાર્થ કરનાર સાચા પંડિત તરીકેનું ગૌરવ પામ્યા હતા. આ રીતે તેઓનું જીવન સત્ય અને ધર્મની જીવંત ભાવનાથી વિશેષ ઉન્નત અને પુનિત બન્યું હતું.

પણ સત્યની આવી આરાધના કરવી એ કંઈ સહેલી વાત નથી એ કામ તો તલવારની ધાર ઉપર ચાલવા જેવુ કપરૂં છે. એ માટે કેટલીય જુની નકામી રૂઢ માન્યતાઓ અને પ્રવૃત્તિઓને તજી દેવાની અને લોકોપકારક અને પ્રગતિપ્રેરક નવી વિચારસરણી અને કાર્યવાહીને આવકારવાની સાધકે તૈયારી રાખવી જોઇએ. અને આ કામ ત્યારે જ થઇ શકે જયારે સાધકના હૃદયમાં સમતા, સહનશીલતા અને સમન્વયદષ્ટિનું ગજવેલ ભરેલું હોય. પંડિતજીનું જીવન કહે છે કે તેઓ આ બધી કસોટીએ સત્યના સાચા ઉપાસક પૂરવાર થયા હતા. અને અસત્ય, અધર્મ, અનાચાર, અત્યાચાર કે અનીતિની સામે એમણે કયારેય નમતું તોળ્યું ન હતું કે અનિષ્ટ વિચાર કે કાર્ય સાથે કયારેય સમાધાન કર્યું ન હતું. આ રીતે તેઓએ એક સાચા આત્મસાધક ધર્માત્મા જેવું સતત જાગ્રત અને અપ્રમત્ત જીવન જીવી બતાવ્યું હતું અને સ્યાદવાદ કે અનેકાંતવાદનું રચનાત્મક રૂપ કેવું હોઈ શકે એનું ઉત્તમ ઉદાહરણ પૂરૂં પાડયું હતું.

પંડિતની આવી જીવનસ્પર્શી ધર્મપરાયણતા, એમના વિશ્વ સાથેના વ્યવહારમાં અહિંસા, કરૂણા અને વાત્સલ્ય એ ત્રણ રૂપે જોવા મળતી હતી.

માનવ માત્રની સમાનતા, ન કોઈ ઊંચ કે કે ન કોઇ નીચ. સ્ત્રી પુરૂષોની સમાનતા, અંધપણા જેવી પરાધીન સ્થિતિમાં પણ બીજાની ઓછામાં ઓછી સહાય લેવી પડે અને બીજાને ઓછામાં ઓછી તકલીફ આપવી પડે એ રીતે ખુમારીભર્યું જીવન જીવવાની કળા વગેરે દ્વારા તેઓએ અહિંસાની ભાવનાને જીવી બતાવી હતી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પંડિતજીની કરૂણાની વાત કરીએ તો દીન દુખિયારી બહેનોને સુખી અને પગભર બનાવવા માટે, અસહાય વિદ્યાર્થીઓના શિક્ષણ અને રક્ષણ માટે તેમજ અન્ય સંકટગ્રસ્ત વ્યક્તિઓના સંકટ નિવારણ માટે તેઓ પોતાની મર્યાદિત આવકમાંથી પણ અવારનવાર સાવ ગુપ્તપણે, સહાય આપતા રહેતા હતા. તેમજ આવી બહેનો તથા વિદ્યાર્થીઓ સારી રીતે આગળ વધે એ માટે હમેશાં સલાહ અને માર્ગદર્શન આપ્યા કરતા હતા. આવી સહાય આપવા જતાં પોતાની ઓછામાં ઓછી જરૂરિયાત ઉપર પણ કાપ મૂકતાં તેઓ સંકોચ અનુભવતાં નહીં. કરકસર એ તો પંડિતજીનો સહજ ગુણ હતો, અને જરૂર લાગે ત્યારે પોતાના માટે ખર્ચ કરવામાં તેઓ લોભ પણ કરતા, પણ પોતાના પરિચારકો અને સાથીઓની સંભાળ રાખવા માટે પૂરી ઉદારતા દાખવતા. વળી જાણ્યે-અજાણ્યે પોતાથી કોઇનું દિલ દુભાઇ ન જાય એની સતત સાવચેતી રાખતા. અને જ્યારે પણ આવી ભૂલ થઈ ગયાનો એમને ખ્યાલ આવતો ત્યારે માફી માગવામાં નાનપ ન માનતા.

વાત્સલ્યનો તો પંડિતજી જાણે વિશાળ વડલો જ હતા. નાનું મોટું જે કોઈ એમની પાસે જતું એને તેઓ હેત-પ્રીતથી આવકારતા, એને એવી મમતા દર્શાવતા કે જેથી સામી વ્યક્તિના અંતરના કમાડ આપોઆપ ઊઘડી જતાં અને આશ્વાસનનું અમૂલ્ય ભાતું જાણે એને મળી જતું.

જીવન સાથે એકરૂપ બનેલ અહિંસા, કરૂણા અને વાત્સલ્યને લીધે પંડિતજી કેટલી બધી વ્યક્તિઓના હૃદયમાં શિરછત્ર, વડીલ કે પિતા જેવું આદર-ભક્તિભર્યું સ્થાન મેળવી શકેલ.

અન્યાય, અધર્મ કે અત્યાચાર સામેનો એમનો પુણ્યપ્રકોપ જાણીતો હતો. છતાં એ પ્રકોપ રાગદ્વેષ કે ક્રોધ ક્લેશનો પોષક ન બને એની તેઓ સતત સાવચેતી રાખતા. વળી નિંદા અને ખુશામત જેવા દુર્ગુણોથી સત્યનું વ્રત ખંડિત થયા વગર નથી રહેતું એ તેઓ બરાબર સમજતા હતા અને એથી સદા અળગા જ રહેતા હતા.

મન, વચન અને કાયાની વૃત્તિઓ અને પ્રવૃત્તિઓમાં એકરૂપતા અને મુલાયમતા સાધીને પંડિતજીએ પોતાની વિદ્વત્તા અને ધર્મશીલતાને વિશેષ ચરિતાર્થ કરી હતી અને જીવનમાં બુદ્ધિ અને હૃદયનો અર્થાત્ તર્ક અને સદ્ભાવનાનો સમાન વિકાસ સાધી જાણ્યો હતો.

સંસારને અસાર ગણીને એની નિરર્થક વગોવણી કરવાનું એમને બિલકુલ પસંદ ન હતું. અનાસક્તિ કે નિર્મોહવૃત્તિ કેળવી જાણીએ તો સંસારમાંથી સાર જરૂર પામી શકીએ કારણ કે જીવનને અમૃતમય બનાવવાનો પુરૂષાર્થ સંસારમાં રહીને જ થઈ શકે છે.

વળી આવા મોટા જ્ઞાનોપાસક અને જીવનસાધક પુરૂષ જે વ્યવહારદક્ષતા અને કાર્યસૂઝ ધરાવતા હતા તે ખરેખર અતિ વિરલ, આશ્ચર્યકારક અને એમના પ્રત્યેના આદરભાવમાં વધારો કરે એવી હતી.

વધુ શું કહીએ અને કેટલું કહીએ? એ મહાન આત્માએ આંખોના અંધકાર ઉપર જ્ઞાનની જ્યોતિથી વિજય મેળવીને અંતરને પ્રકાશમય અને આત્મમંથન દ્વારા જીવનને અમૃતમય બનાવવાનો પરમ પુરૂષાર્થ કરીને પોતાના જીવનને કૃતાર્થ કર્યું હતું.

એ જીવનસાધક વિદ્યાપુરૂષને આપણા પ્રણામ હો! એમના પગલે પગલે ચાલવાની બુદ્ધિ અને શક્તિ આપણામાં પ્રગટે એવી આપણી પ્રાર્થના હો!

('ગુજરાત સમાચાર'માંથી સાભાર)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ડૉ. નરોત્તમદાસ કાપડીઆ

મારા પૂજ્ય પિતાશ્રી ડૉ. નરોત્તમદાસ ચુનીલાલ કાપડિયાનું જીવન ઘણા લોકો માટે કલ્યાણ માર્ગનું પ્રેરક બન્યું હોવાથી આ લખવા પ્રેરાઈ છું.

[ કુન્દનિકા કાપડીયા ]

તેમના જીવનની મુખ્ય ધારા શ્રીમદ્ રાજચંદ્ર પ્રત્યેની ભક્તિની હતી. છેક યૌવનકાળથી, ડૉક્ટર તરીકે તેમણે પોતાનો વ્યવસાય શરૂ કર્યો ત્યારથી તેમને અધ્યાત્મની દિશામાં અનુરાગ પેદા થયો હતો અને પછી શ્રીમદ્‌નાં લખાણોનું વાંચન કરતાં ઉત્તરોત્તર એ વલણનો વિકાસ થયો હતો. છેલ્લાં વર્ષોમાં તો તે શ્રીમદ્ પ્રત્યેની ભક્તિનું મૂર્તિમંત રૂપ બની રહેલા. એક સાચો ભક્ત કેવો હોય તે, શ્રીમદ્‌ના ચિત્ર સમક્ષ તેઓ પ્રણામ કરતા ત્યારે અતિ સ્પષ્ટપણે દેખાઈ આવતું. યુવાન વયે તેમનામાં કેટલાક સિદ્ધાંતો માટેનો કઠોર આગ્રહ અને તેમાંથી નીપજતી ઉગ્રતા, અસહિષ્ણુતા વ.નાં તત્ત્વો હતાં; પણ પ્રખર આત્મનિરીક્ષણ, આંતર-જાગૃતિ તેમજ સતત પ્રયત્નોને પરિણામે તે તત્ત્વો ઘસાતાં ગયાં અને તેનું સ્થાન ઉદાર માયાળુતા અને મૌન ધીરજે લીધું હતું. માણસ પુરુષાર્થથી પોતાની પ્રકૃતિ કેવી આમૂલ બદલી શકે છે તેનું ઉત્તમ દૃષ્ટાંત તેમણે પૂરું પાડ્યું હતું.

લાંબો સમય ડૉક્ટરી વ્યવસાય તેમણે કર્યો. પણ તે દરમિયાન શ્રીમદ્‌નાં સ્થાનો-વડવા, વવાણિયા-એ તેઓ અવારનવાર જઇને રહેતા અને વધુમાં વધુ સમય ત્યાં ગાળવાને ઉત્સુક રહેતા. છેલ્લાં બાર-તેર વર્ષથી તો તેમણે વવાણિયાના આશ્રમને પોતાનું જીવન સમર્પિત કરી દીધું હતું. આશ્રમના સંચાલનમાં તેમનું મુખ્ય માર્ગદર્શન રહેતું. શ્રીમદ્‌નાં પુત્રી પૂ. જવલબાની તબિયત નરમ રહેતી હોવાને કારણે પૂ. પિતાજીનું ત્યાં રહેવું તેમને ઘણું સહાયરૂપ હતું. શ્રીમદ્ પ્રત્યે અનન્ય ભક્તિ હોવા છતાં તે પોતે વિચક્ષણ બુદ્ધિના પ્રગતિશીલ અને સ્વતંત્ર વિચારક હતા અને શ્રીમદ્-સાહિત્ય ઉપરાંત અન્ય ધર્મસાહિત્યનું પણ તેમણે સારું એવું વાચન કરેલું. આને કારણે તેમનું મન ખુલ્લું હતું અને તેમની સમજ વિશાળ બની હતી. અને એના પ્રકાશમાં શ્રીમદ્‌નાં વચનામૃતોનું અર્થઘટન કરવાને લીધે, કેવળ ભક્તિ જ પ્રધાન હોય તેવું વાતાવરણ ઊર્મિલ થઇ જવાનો ભય રહે છે, તેમાં તેમણે જ્ઞાનનિષ્ઠાનું તત્ત્વ સ્થાપિત કર્યું હતું.

જિંદગી આખી ડૉક્ટરી વ્યવસાય કર્યા પછી આશ્રમ તરફથી ચાલતા મફત દવાખાનામાં પણ તેમણે પોતાની ડૉક્ટર તરીકેની સેવાઓ મૃત્યુના છેક છેલ્લા દિવસ લગી આપી હતી. એલોપથીના ડૉક્ટર હોવા છતાં ગામડાંના લોકોને પોસાઇ શકે એ હેતુથી તેમણે બાયો-કેમિક દવાઓનો ઊંડો અભ્યાસ કર્યો હતો અને એમાં તેમને સારી એવી 'ઇન્સાઈટ' મળી હતી. તેમની સૌમ્ય ચિંતનશીલ મુખમુદ્રા, સર્વ પ્રત્યે સમાનભાવ અને દરદીઓ પ્રત્યેની સહાનુભૂતિથી દવા લેવા આવતા લોકો તેમ જ આશ્રમમાં આવતાં અન્ય ભાઇ બહેનોને પણ તેમની પાસે ઘણું સાંત્વન મળતું. તેમના નિખાલસ હાસ્ય અને વિનોદમાં, હળવી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રીતે મર્માળુ વચનો કહી તથ્યોનું ઉદ્ઘાટન કરવાની તેમની રીત આકર્ષક હતી; અને ઘણા લોકો તેમની પાસે પોતાની અંગત સમસ્યાઓમાં તેમનું ઠરેલ અને પરિપક્વ માર્ગદર્શન મેળવતા. સેવાભાવના, નમ્રતા, સાદાઈ તથા પોતાનાં માન-અપમાન પ્રત્યેની નિસ્પૃહતા તેમની સાધક અવસ્થાનાં લક્ષણો હતાં. ૮૨ વરસની ઉંમરે પણ તેમની શારીરિક સ્ફૂર્તિ સારી હતી અને બુદ્ધિશક્તિ સતેજ હતી. શ્રીમદ્નાં લખાણોના અર્થનો ઊંડો મર્મ સમજી સરળ શબ્દોમાં અન્યને તે સમજાવવાની તેમની આવડત ઘણા માટે ઉપકારી બની હતી. તેમના આ બધા ગુણોને કારણે, તેમની વિદાયથી અમને સ્વજનોને તો બરોબર, પણ વવાણિયા-આશ્રમના અંતેવાસીઓને, અતિથિઓને તથા આજુબાજુનાં ગામનાં લોકોને, એક અડગ ઊભેલું છાયા આપતું ઘટાદાર વૃક્ષ ઢળી પડયું હોવાની લાગણી થઈ છે, તેની પ્રતીતિ તેમના અવસાન નિમિત્તે આવેલા અનેક પત્રો પરથી મળે છે.

પણ આથીયે મહત્ત્વની બાબત તેમની આંતરયાત્રાની છે. આપણે ત્યાં પ્રવૃત્તિ અને નિવૃત્તિ વચ્ચે એક ભેદરેખા દોરવાની પ્રથા છે અને એ બન્નેને ભિન્ન ઉપરાંત, પરસ્પર-વિરોધી માનવાનું વલણ રહ્યું છે. પણ પૂ. પિતાજીના જીવનમાં આ બન્નેનો સરસ સમન્વય થયો હતો. પ્રવૃત્તિનો સક્રિય સમાજ-ઉપયોગિતા અને નિવૃત્તિની નિઃસંગતાને લીધે તેમનું બાહ્ય અને આંતર-બન્ને પ્રકારનું જીવન સમૃદ્ધ બન્યું હતું. વૃદ્ધાવસ્થા આદર્શ રીતે કેમ વિતાવી શકાય તેનું તેઓ ઉદાહરણ હતા. તેમની અંગત નોંધમાં બે વાકયો ખાસ ધ્યાન ખેંચે એવાં હતાં :

લવ ઈઝ એન અનેએરિંગ લાઈટ, જોય ઈઝ વન્સ ઓન સિક્યુરિટી.

(પ્રેમ એ કદી ભૂલથાપ ન ખાય તેવો પ્રકાશ છે, આનંદ એ આપણી જ પોતાની સુરક્ષા છે.)

મારાં પૂ. બાના બે વર્ષ પહેલાં થયેલા મૃત્યુ પછી, બાના ત્રણ મુખ્ય ગુણો-પ્રેમ, સેવા અને આનંદ-ને તેમણે પોતાનો જીવનમંત્ર બનાવ્યો હતો. પ્રેમને નામે ઘણી વાર આસક્તિ-ભલેને આધ્યાત્મિક ક્ષેત્રમાં-પણ ઊભી થતી હોય છે અને નિજાનંદને નામે શુષ્કતા અને બેદરકારી પણ આવતાં હોય છે, પણ તેઓ આ બાબતમાં અત્યંત સજાગ હતા અને એવી જાગૃતિને પૂ. બાને ભક્તિભરી પ્રેમાંજલિ લેખતાં. બાના મૃત્યુ પછીનાં બે વર્ષમાં તેમની સાધનામાં ઘણો બધો વેગ આવ્યો હતો અને એ રીતે નિકટના સ્વજનનું મૃત્યુનું દર્શન તેમને માટે મંગલ પ્રેરણા સમાન બન્યું હતું.

શ્રીમદ્ રાજચન્દ્ર પ્રત્યેની અસીમ ભક્તિ તેમનામાં સર્વાત્મભાવરૂપે પાંગરી હતી. તેમની નોંધમાં તેમણે લખ્યું છે; "ભક્તિ એ મહાન પુરુષાર્થ છે. તેનું મુખ્ય સાધન શરણાગતિ છે અને તેનું મુખ્ય ફળ સર્વાત્મભાવ છે." આવડી ઉંમરે પણ વહેલી સવારના આછા અંધારામાં લાંબા સમય સુધી ધ્યાનમાં બેઠેલી તેમની ટટ્ટારમૂર્તિ સેંકડોવાર જોઈ છે. બહાર ફરવા જાય તો ત્યાં એકાંત શોધી ધ્યાનમાં બેસતા. ઘેર પણ એકાંત ખૂણે બેસી કલાકો સુધી વાંચ્યાં કરતા. પ્રકાશ ઓસરી જાય, સંધ્યાનું ઝાંખું અંધારું ફેલાય ત્યારે પણ ખુરશીમાં બેસી તે વાંચતા જ હોય. રાતે મોડે સુધી તેમની રૂમનો દીવો બળતો હોય ને તેમનું મન



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પુસ્તકમાં તલ્લીનપણે પરોવાયેલું હોય. વૃદ્ધાવસ્થામાં સામાન્ય રીતે નડતી સમસ્યાઓ તેમને ખાસ સ્પર્શી નહોતી. સમય વીતતો ગયો તેમ તે વધુ સુદૃઢ પગલે, નિશ્ચિત ચિત્તે પોતાના ધ્યેયધામ ભણી ગતિ કરી રહ્યા હતા. તેમની સમજમાં એટલું ઊંડાણ અને વૃત્તિમાં એટલી સ્થિરતા અને અસંગતા આવ્યાં હતાં અને અહંકારનો ભાવ એટલો પાતળો પડતો જતો હતો કે આત્મદર્શન માટે અહીં હવે સુયોગ્ય ભૂમિકા બંધાઈ રહી છે એમ સૂક્ષ્મતાથી અવલોકનારને લાગ્યા વિના ન રહે

પોતાના પ્રિય જન વિશે અને તેમાં યે જેને માટે ખૂબ આદર ને પ્રેમ હોય તેવા પિતા વિશે લખતાં અતિશયોક્તિ આવી જવાનો ભય છે, પણ શક્ય તેટલી તટસ્થતા રાખીને કહી શકું કે પિતાજી શબ્દોને આચરણમાં વધુમાં વધુ કેમ મૂકવા, તેને જ મહત્ત્વ આપતા હતા અને તેથી તેમની વિદ્વતા કેવળ બૌદ્ધિક બની રહી નહોતી. મૌનને જ તેઓ સર્વોત્તમ વાણી ગણતા. સત્સંગમાં કોઈ નિમિત્તે તેમને ભાગે જે કાંઈ કહેવાનું આવે, તેના કરતાં રોજના નાના નાના પ્રસંગો દ્વારા ગ્રહણશીલ માનસ માટે તે ઘણું કહી જતા. શ્રીમદ્‌નાં મૂલ્યવાન લખાણો સમજાવવાનો લાભ તેમણે અન્ય લોકોને આપ્યો તે કરતાં પોતે વધુ લીધો. એક મુમુક્ષુએ પોતાને માટે કંઈક સંદેશ આપવા કહ્યું ત્યારે તેમણે માત્ર એટલું જ કહ્યું: "સમજ સમજરૂપ કામ કરે તો મૌનને ધારણ થતું જુઓ." મૌન ધારણ કરો એમ નહિ, પણ 'ધારણ થતું જુઓ' કર્તા તરીકેના અહંકારને ભૂંસી નાખવાને પ્રયત્નશીલ માણસ જ આવું કહી શકે.

તેમનાં છેલ્લાં વર્ષોની આ જાગૃત અખંડ સાધનાએ તેમના જીવનને ધન્ય ને મૃત્યુને ભવ્ય બનાવ્યું. છેલ્લી ઘડી સુધી તે વાત કરતા સ્વસ્થ, જાગૃત હતા. હાર્ટએટેક આવ્યો, પણ પીડા બહુ આકરી નહોતી. પેથેડિનનું ઈન્જેકશન સુદ્ધાં આપવું નહોતું પડયું. સહેજ ચક્કર આવ્યાં ને હંમેશ માટે પોઢી ગયા. શરીરની કોઈ પરાવલંબીતા ભોગવ્યા વિના, આકરી દેહપીડા વેઠયા વિના, કોઈને સેવાચાકરીનું કષ્ટ આપ્યા વિના શાંતભાવે તે ઈષ્ટ સ્મરણમાં લીન થઈ ગયા. તેમની ઇચ્છા હતી કે વવાણિયામાં જ તેમનો દેહ પડે, અને તે પ્રમાણે જ થયું. મારાં બાની પણ એ જ ઈચ્છા હતી ને તે પૂરી થયેલી. બન્ને પુણ્યાત્મા હતાં. તેમનાં સંસર્ગમાં આવનાર દરેકને તેમનાં એ પુણ્ય–અમીનો સ્પર્શ થયેલો. પોતાના જીવન દ્વારા તેમણે વિશાળ સમુદાયને ઘણું આપ્યું. તેમનાં બન્નેના આત્મા શાંતિમાં, પ્રકાશમાં, ઊર્ધ્વ-ગતિમાં હશે એમાં મને સહેજે શંકા નથી.

('પ્રબુદ્ધ જીવન'માંથી સાભાર.)

કલ્યાણની પરંપરાઓને સાધનાર ધર્મ જેવી અન્ય વસ્તુ નથી; ધર્મ જ આનંદરૂપી વૃક્ષોનું મૂળ છે, હિતરૂપ છે, પૂજ્ય છે અને મોક્ષદાયક છે, તેથી અતીન્દ્રિય આનંદના અભિલાષી, વિવેક કરવામાં નિપુણ અને ધીર પુરૂષોએ આળસનો ત્યાગ કરી સ્વકલ્યાણમાં પરમ આદરથી વર્તવું જોઇએ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અપૂર્વ અવસર એવો ક્યારે આવશે

શ્રીમદ્ રાજચંદ્ર

**અપૂર્વ** અવસર એવો ક્યારે આવશે ?
ક્યારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો ?
સર્વ સંબંધનું બંધન તીક્ષ્ણ છેદીને,
વિચરશું કવ મહત્ પુરુષને પંથ જો અ૦ ૧

સર્વ ભાવથી ઔદાસીન્ય વૃત્તિ કરી,
માત્ર દેહ દેહ તે સંયમ હેતુ હોય જો;
અન્ય કારણે અન્ય કશું કલ્પે નહીં,
દેહે પણ કિંચિત્ મૂર્છા નવ જોય જો. અ૦ ૨

દર્શનમોહ વ્યતીત થઈ ઉપજ્યો બોધ જે,
દેહ ભિન્ન કેવળ ચૈતન્યનું જ્ઞાન જો;
તેથી પ્રક્ષીણ ચારિત્રમોહ વિલોકીએ,
વર્તે એવું શુદ્ધ સ્વરૂપનું ધ્યાન જો. અ૦ ૩

આત્મસ્થિરતા ત્રણ સંક્ષિપ્ત યોગની,
મુખ્યપણે તો વર્તે દેહપર્યંત જો;
ઘોર પરીષહ કે ઉપસર્ગ ભયે કરી,
આવી શકે નહી તે સ્થિરતાનો અંત જો. અ૦ ૪

સંયમના હેતુથી યોગપ્રવર્તના,
સ્વરૂપલક્ષે જિન આજ્ઞા આધીન જો;
તો પણ ક્ષણ ક્ષણ ઘટતી જાતિ સ્થિતિમાં,
અંતે થાયે નિજસ્વરૂપમાં લીન જો. અ૦ ૫

પંચ વિષયમાં રાગદ્વેષ વિરહિતતા,
પંચ પ્રમાદે ન મળે મનનો ક્ષોભ જો;
દ્રવ્ય ક્ષેત્ર ને કાળ ભાવ પ્રતિબંધ વણ,
વિચરવું ઉદયાધીન પણ વીતલોભ જો. અ૦ ૬

ક્રોધ પ્રત્યે વર્તે તો ક્રોધ સ્વભાવતા,
માન પ્રત્યે તો દીનપણાનું માન જો;
માયા પ્રત્યે માયા સાક્ષી ભાવની,
લોભ પ્રત્યે નહીં લોભ સમાન જો. અ૦ ૭

બહુ ઉપસર્ગકર્તા પ્રત્યે પણ ક્રોધ નહીં,
વંદે ચક્રિ તથાપિ ન મળે માન જો;
દેહ જાય પણ માયા થાય ન રોમમાં,
લોભ નહીં છો પ્રબળ સિદ્ધિ નિદાન જો. અ૦ ૮

નગ્નભાવ, મુંડભાવ સહ અસ્નાનતા,
અદંતધોવન આદિ પરમ પ્રસિદ્ધ જો;
કેશ, રોમ, નખ કે અંગે શૃંગાર નહીં,
દ્રવ્યભાવ સંયમમય નિર્ગ્રંથ સિદ્ધ જો. અ૦ ૯

શત્રુ મિત્ર પ્રત્યે વર્તે સમદર્શિતા,
માન અમાને વર્તે તે જ સ્વભાવ જો;
જીવિત કે મરણે નહીં ન્યુનાધિકતા,
ભવમોક્ષે પણ વર્તે શુદ્ધ સ્વભાવ જો. અ૦ ૧૦

એકાકી વિચરતો વળી સ્મશાનમાં,
વળી પર્વતમાં વાઘ સિંહ સંયોગ જો;
અડોલ આસન જે મનમાં નહીં ક્ષોભતા,
પરમ મિત્રનો જાણે પામ્યા યોગ જો. અ૦ ૧૧

ઘોર તપશ્ચર્યામાં પણ મનને તાપ નહીં,
સરસ અન્ને નહીં મનને પ્રસન્ન ભાવ જો;
રજકણ કે રિદ્ધિ વૈમાનિક દેવની,
સર્વે માન્યા પુદ્ગલ એક સ્વભાવ જો. અ૦ ૧૨

એમ પરાજય કરીને ચારિત્રમોહનો,
આવું ત્યાં જ્યાં કરણ અપૂર્વ ભાવ જો;
શ્રેણી ક્ષપક તણી કરીને આરૂઢતા,
અનન્યચિંતન અતિશય શુદ્ધ સ્વભાવ જો. અ૦ ૧૩

મોહસ્વયંભૂરમણ સમુદ્ર તરી કરી,
સ્થિતિ ત્યાં જ્યાં ક્ષીણમોહ ગુણસ્થાન જો;
અંત સમય ત્યાં પૂર્ણ સ્વરૂપ વીતરાગ થઈ,
પ્રગટાવું નિજ કેવળજ્ઞાન નિધાન જો. અ૦ ૧૪

ચાર કર્મ ઘનઘાતી તે વ્યવચ્છેદ જ્યાં,
ભવના બીજ તણો આત્યંતિક નાશ જો;
સર્વભાવ જ્ઞાતા દૃષ્ટા સહ શુદ્ધતા,
કૃતકૃત્ય પ્રભુ વીર્ય અનંત પ્રકાશ જો. અ૦ ૧૫



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વેદનીય આદિ ચાર કર્મ વર્તે જહાં,
બળી સીંદરીવત્ આકૃતિ માત્ર જો;
તે દેહાયુષ આધીન જેની સ્થિતિ છે,
આયુષ પૂર્ણે મટિયે દૈહિક પાત્ર જો. અ૦ ૧૬

મન, વચન, કાયા ને કર્મની વર્ગણા,
છૂટે જહાં સકળ પુદ્ગલ સંબંધ જો;
એવું અયોગી ગુણસ્થાનક ત્યાં વર્તતું,
મહાભાગ્ય સુખદાયક પૂર્ણ અબંધ જો. અ૦ ૧૭

એક પરમાણુ માત્રની મળે ન સ્પર્શતા,
પૂર્ણ કલંકરહિત અડોલ સ્વરૂપ જો;
શુદ્ધ નિરંજન ચૈતન્યમૂર્તિ અનન્યમય,
અગુરુ લઘુ અમૂર્ત સહજપદ રૂપ જો. અ૦ ૧૮

પૂર્વ પ્રયોગાદિ કારણના યોગથી,
ઉર્ધ્વગમન સિદ્ધાલય પ્રાપ્ત સુસ્થિત જો;
સાદિ અનંત અનંત સમાધિ સુખમાં,
અનંત દર્શન જ્ઞાન અનંત સહિત જો. અ૦ ૧૯

જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,
કહી શકાય નહીં પણ તે શ્રી ભગવાન જો;
તેહ સ્વરૂપને અન્યવાણી તે શું કહે?
અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો. અ૦ ૨૦

એહ પરમપદ પ્રાપ્તિનું કર્યું ધ્યાન મેં,
ગજા વગર ને હાલ મનોરથ રૂપ જો;
તો પણ નિશ્ચય રાજચંદ્ર મનને રહ્યો
પ્રભુ આજ્ઞાએ થાશું તે જ સ્વરૂપ જો. અ૦ ૨૧

# શ્રીમદ્ રાજચંદ્રની સિદ્ધપદ ભાવના

[ 'અપૂર્વ અવસર' કાવ્યપર વિવેચન ]

સરયુબેન આર. મહેતા એમ. એ. પી. એચ. ડી.

અનેક જાતની સાંસારિક સુખ-સગવડ હોવા છતાં જીવ શાંતિ પામતો નથી, તેમ બનતું સંસારમાં અનેક વખત જોવા મળે છે. તે પરથી સમજાય છે કે બાહ્ય સાધનો નિરંતર સુખ આપી શકતાં નથી; અંતમાં દુઃખ આપે છે. તેથી આત્મસાધકોએ સાચું સુખ અંતરમાં જ વસે છે, એવો નિર્ણય કર્યો છે. અને અમુક જાતનો આધ્યાત્મિક અધિકાર મેળવવાથી જીવ સાચું શાશ્વત સુખ મેળવી શકે છે. આ અધિકાર મેળવવા જીવે કયા પ્રકારનો આધ્યાત્મિક વિકાસ સાધવો જોઈએ તે વિશેનો પોતાનો આદર્શ **શ્રી**મદે ૨૧ ગાથા કે કડીના આ કાવ્યમાં આપ્યો છે.

આધ્યાત્મિક રીતે જીવને પોતાના લક્ષસ્થાન-મોક્ષ સુધી પહોંચવાનો વિકાસક્રમ શ્રીમદે જૈન આગમોની પરિપાટી અનુસાર દર્શાવ્યો છે. જૈનધર્મમાં જીવની નીચામાં નીચી ભૂમિકા મિથ્યાત્વથી શરૂ કરી ઊંચામાં ઊંચી ભૂમિકા સિદ્ધપદ સુધીની દશાના જીવની યોગ્યતા પ્રમાણે ૧૪ વિભાગ પાડેલા છે. તે પ્રત્યેકને ગુણસ્થાન કહેવામાં આવે છે. આ કાવ્યમાં ૪થા ગુણસ્થાનથી શરૂ કરી ૧૪મા ગુણસ્થાને વર્તતા જીવની સ્થિતિનું વર્ણન કરવામાં આવ્યું છે. પ્રસંગોપાત પોતાની આધ્યાત્મિક સ્થિતિનો તેમજ અભિલાષાનો ખ્યાલ પણ **શ્રી**મદે આ કાવ્યમાં આપ્યો છે. તેથી આ કાવ્ય **શ્રી**મદ્‌ના જીવન-કવનના તેમ જ આત્મિક વિકાસના અભ્યાસમાં ઘણું અગત્યનું બની રહે છે.

૨૧ કડીના આ કાવ્યના પૂર્વ અને ઉત્તર એમ બે વિભાગ પાડી શકાય. પૂર્વ ભાગ ૧૨ કડીનો અને ઉત્તર ભાગ ૯ કડીનો. પહેલા ભાગમાં નિર્ગ્રંથ થવાની ભાવના, નિર્ગ્રંથનાં લક્ષણો, સમ્યગ્દર્શન અને નિર્ગ્રંથના આત્મચારિત્રનું વર્ણન આપેલું છે. ઉત્તર વિભાગમાં



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ક્ષપકશ્રેણી, કેવળજ્ઞાન અને મોક્ષનું વર્ણન આપેલું છે. આ કાવ્યમાં ૪થા થી ૧૪મા ગુણસ્થાનનો સમાવેશ કરેલો છે.

"અપૂર્વ અવસર એવો ક્યારે આવશે? એ કવિતા ઘણી રસિક છે, તેમાં રાગ અને તાલનો મેળ છે, અને બરાબર વાંચતા કોઈ પણને હૃદય ઉપર સારી અસર કરે તેવી છે. આ કવિતા જ્યારે શ્રીમદે લખી હશે ત્યારે તેઓ ઘણા ઉચ્ચ વિચારમાં ડૂબી ગયા હશે, એમાં સંશય નથી. કવિતાની કડીઓ એક પછી એક વાંચતાં એમ અનુભવ થાય છે કે જાણે જીવ પોતાના સ્થાનકના સોપાન પર ચઢતો હોય. તે પદ્ધતિએ તે કવિતા તેઓએ રચી છે. આ કવિતામાં તેઓએ આત્મસ્વભાવ જીવ-સ્થાનકક્રમ, ને મોહનીય પ્રકૃતિના ક્રમવાર વિલયનાં યથાતથ્ય સ્વરૂપો બતાવ્યાં છે. મન, વચન ને કાયાના સંબંધની વર્ગણા છૂટે, આત્મા સ્વસ્વરૂપમાં આવે એવી દશાનું ક્રમવાર તેઓએ વર્ણન ત્યાં કર્યું" છે.

૨૯ વર્ષની યુવાન વયે ઉચ્ચ આધ્યાત્મિક દશાનું આ કાવ્ય રચનાર શ્રીમદ્દની અંતરંગ સ્થિતિ કેટલી ઉચ્ચ હશે તેનો ખ્યાલ આપણને અહીં આવે છે. એક જ બેઠકે અપૂર્વ ગણાય તેવું કાવ્ય રચનાર શ્રીમદ્ ગૃહસ્થાવસ્થામાં હોવા છતાં કેવી ઉચ્ચ કક્ષાએ વિરાજતા હશે કે ઠેઠ સિદ્ધ સુધીની દશાનો તેઓ યથાતથ્ય ખ્યાલ આ કાવ્યમાં આપી શક્યા છે! મહાત્મા ગાંધીજીને આ કાવ્ય અતિશય પ્રિય હતું અને તેનું સ્થાન આશ્રમ ભજનાવળીમાં આપ્યું છે.

આ કાવ્યની સમજણ પામવા માટે જૈન-ધર્મની ગુણસ્થાનક વિશેની તત્ત્વવિચારણાની સમજ હોવી આવશ્યક બને છે. ૧૪ ગુણસ્થાનકનાં નામ આ પ્રમાણે છે: ૧. મિથ્યાત્વ, ૨. સાસ્વાદન, ૩. મિશ્રમિથ્યાત્વસમ્યકત્વ, ૪. અવિરતિ સમ્યગ્દ્રષ્ટિ, ૫ દેશવિરતિ સમ્યગ્દ્રષ્ટિ, ૬. પ્રમત્તસંયત, ૭. અપ્રમત્તસંયત, ૮. અપૂર્વકરણ, ૯. અનિવૃત્તિબાદર, ૧૦. સૂક્ષ્મસંપરાય, ૧૧. ઉપશાંતમોહ, ૧૨. ક્ષીણમોહ, ૧૩. સયોગી, અને ૧૪. અયોગી કેવળી.

ગુણ એટલે આત્માની જ્ઞાન, દર્શન, વીર્ય આદિ શક્તિઓ, અને સ્થાન એટલે તે શક્તિઓની તરતમ ભાવવાળી અવસ્થા. આત્મા પર રહેલાં કર્મનાં પડલ જેમ જેમ દૂર થતાં જાય છે તેમ તેમ તેના ગુણનો વિકાસ થતો જાય છે, અને જીવ એક પછી એક ગુણસ્થાન ચડતો જાય છે. એ ગુણસ્થાનો વિશેની પારિભાષિક ટૂંકી સમજણ આ પ્રમાણે છે—

(૧) મિથ્યાત્વ—આ ગુણસ્થાને વર્તતા જીવમાં દર્શનમોહનીય અને અનંતાનુબંધી કષાયની પ્રબળતા હોવાને લીધે તેને આત્મા તરફ રુચિ થતી જ નથી. તેને વીતરાગવાણીમાં શ્રદ્ધા હોતી નથી. મિથ્યાત્વી ત્રણ પ્રકારના છે. (૧) અભવ્ય—જેના મિથ્યાત્વને આદિ કે અંત નથી. (૨) ભવ્ય—જેનાં મિથ્યાત્વને આદિ નથી પણ અંત છે. (૩) પડવાઈ—જે જીવ સમકિત પ્રાપ્ત કર્યા પછી પતન પામ્યો છે.

(૨) સાસ્વાદન—સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યા પછી પતન પામતો જીવ પહેલે ગુણસ્થાને જતાં પહેલાં અહીં જરા વાર અટકે છે, અને તત્ત્વરુચિના સ્વલ્પ આસ્વાદ વાળી ભૂમિકા પ્રાપ્ત કરે છે, તે સાસ્વાદન ગુણસ્થાન ચડતી વખતે જીવ પહેલેથી ત્રીજે ગુણસ્થાને જાય છે.

(૩) મિશ્ર—મિથ્યાત્વમાંથી નીકળી સમ્યગ્દર્શન પામતાં પહેલાં જે મનોમંથનવાળી ભૂમિકા જીવને પ્રાપ્ત થાય છે તે મિશ્ર ગુણસ્થાન.

(૪) અવિરતિસમ્યગ્દ્રષ્ટિ—આત્મા અસંદિગ્ધપણે સત્યદર્શન, સમ્યગ્દર્શન પ્રાપ્ત કરે તે. અહીં આત્મા પહેલવહેલો આધ્યાત્મિક શાંતિ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અનુભવે છે. અહીં અનંતાનુબંધી કષાયની ચોકડીનો વેગ નથી રહેતો, પણ ચારિત્રશક્તિને રોકનાર સંસ્કારોનો વેગ રહે છે તેથી અંતરંગમાં વિરક્ત હોવા છતાં બાહ્યમાં વિરતિ–ત્યાગવૃત્તિ ઉદય પામતી નથી. આ ગુણસ્થાને જીવ વ્રત, પચ્ચખાણ આદિ જાણે ખરો, પણ પૂર્વકર્મના ઉદયે બાહ્યમાં પાળી ન શકે.

(૫) દેશવિરતિસમ્યગ્દૃષ્ટિ—અહીં અલ્પાંશે વિરતિ ઉત્પન્ન થાય છે. તેથી દેશવિરતિ કહેવાય છે. એક પચ્ચખાણથી માંડીને બાર વ્રત અને શ્રાવકની ૧૧ પ્રતિમા સુધીમાંનું જેટલું પાળી શકે તેટલું આદરે. અહીં ઇચ્છા અલ્પ હોય. તે જીવ અલ્પારંભી, અલ્પપરિગ્રહી, સુશીલ, ધર્મિષ્ઠ, ઉદાસીન વૈરાગ્યવંત હોય

(૬) પ્રમત્તસંયત—વૈરાગ્યમાં જીવ વધુ દૃઢ બનતાં સર્વવિરતિ ગ્રહણ કરે છે. તેની ત્યાગવૃત્તિ ઉદય પામે છે. તેને પૂર્વાધ્યાસથી થતી ભૂલોનો પશ્ચાત્તાપ થાય છે. અહીં સાધક દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી નવ તત્ત્વને જાણે છે, ૧૭ ભેદે સંયમ પાળે છે, ૧૨ ભેદે તપશ્ચર્યા કરે છે. પણ અપ્રમાદી રહેવાની ઈચ્છા છતાં કયારેક તેને પ્રમાદ આવતો હોવાથી આ ભૂમિકાને 'પ્રમત્તસંયત ગુણસ્થાન' કહેવાય છે.

(૭) અપ્રમત્તસંયત—અહીં જીવ પ્રમાદનો ત્યાગ કરે છે. બીજી બાજુ પૂર્વવાસનાઓ પોતા તરફ ખેંચે છે, તેથી જીવ છઠ્ઠા અને સાતમા ગુણસ્થાન વચ્ચે ઝોલાં ખાયા કરે છે.

(૮) અપૂર્વકરણ—આમાં પૂર્વે કદી નહીં અનુભવેલો એવો આત્મશુદ્ધિનો અનુભવ થાય છે. સાધક બાદર કષાયથી નિવર્તે છે. આ ગુણસ્થાને સ્પષ્ટ બે શ્રેણી પડી જાય છે: ઉપશમશ્રેણી અને ક્ષપકશ્રેણી. આઠમાથી બારમા ગુણસ્થાન સુધીની ભૂમિકા ફક્ત એકાગ્ર ચિત્તની વિચારધારા નિરૂપે છે, તેથી તેની સ્થિતિ જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્તની હોય છે. અને બારમે ગુણસ્થાને ન પહોંચે ત્યાં સુધી સાધકની સાધના ચડતી–પડતી પામ્યા કરે છે.

ઉપશમશ્રેણીવાળો સાધક મોહનીય કર્મની પ્રકૃતિના દળને ઉપશમાવતો (દબાવતો) ક્રમે ક્રમે ૧૧મા ગુણસ્થાન સુધી પહોંચે છે, પણ ત્યાં કર્મનું જોર વધતાં તેનું પતન અવશ્ય થાય છે. કયારેક તે પડતાં પડતાં તે છઠ્ઠે ગુણસ્થાને તો કયારેક ચોથે ગુણસ્થાને અટકે છે; તો વળી કયારેક તે છેક પહેલે ગુણસ્થાને ઊતરી જાય છે. ત્યાંથી તેને ફરી ચડવાનું રહે છે. ક્ષપકશ્રેણી માંડતો સાધક મોહનીય કર્મની પ્રકૃતિના દળને મૂળમાંથી ક્ષય કરતો કરતો ૯ મે તથા ૧૦ મે ગુણસ્થાને થઇ સીધો ૧૨ મે ગુણસ્થાને પહોંચે છે. તે વચલા ૧૧મા (ઉપશાંતમોહ) ગુણસ્થાનને સ્પર્શતો જ નથી, તેથી તેના પતનને અવકાશ રહેતો નથી.

(૯) અનિવૃત્તિબાદર—મોહનીય કર્મના શેષ રહેલા અંશનો ઉપશમ કે ક્ષય અહીંથી ચાલુ થાય છે. માયા ભાવ અહીં છૂટે છે.

(૧૦) સૂક્ષ્મસંપરાય—અહીં ૯મા કરતાં વિશુદ્ધ દશા પ્રાપ્ત થાય છે. નિર્મોહીપણું, નિરભિલાષા, અવિભ્રમ વગેરેનો આ સ્થાનમાં વિકાસ થાય છે.

(૧૧) ઉપશાંતમોહનીય—ઉપશમશ્રેણી માંડેલા સાધક માટે જ આ ગુણસ્થાન છે. મોહનીયની બાકી રહેલી સંજ્વલન પ્રકૃતિ અહીં ઉપશાંત થાય છે અને ત્યાંથી આત્માનો વિકાસ અટકે છે, અને જીવનું અવશ્ય *પતન થવાથી તે નીચેના ગુણસ્થાને ઊતરી જાય છે.

*આટલે સુધી ઉપશમશ્રેણી ચડ્યા પછી પદભ્રષ્ટ થયેલો જીવ કંઇ સાધારણ હોતો નથી.

—('સિદ્ધિપદના સોપાન')



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

( ૧૨ ) ક્ષીણમોહ—અહીં દર્શન મોહનીય અને ચારિત્ર મોહનીયની કુલ ૨૮ પ્રકૃતિઓ ક્ષય થાય છે. તેથી તે ક્ષીણમોહ ગુણસ્થાન કહેવાય છે. અહીંથી અંતર્મુહૂર્ત જેટલા સમયમાં જીવ કેવળજ્ઞાન પ્રગટાવે છે.

( ૧૩ ) સયોગી કેવળી—આ ગુણસ્થાને ૪ ઘનઘાતીકર્મ મોહનીય, જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાયનો ક્ષય થઇ સર્વજ્ઞપણું પ્રગટે છે, પણ આ સ્થાનમાં મન, વચન, અને કાયાના યોગ હોય છે, તેથી તે સંયોગી કેવળી કહેવાય છે.

( ૧૪ ) અયોગી કેવળી—આ ગુણસ્થાને આત્મા મન, વચન અને કાયાના યોગને રૂંધીને બાકીનાં ચાર અઘાતી કર્મોનો પણ ક્ષય કરી, મુક્તિ પામે છે; એક સમયમાત્રમાં ઉર્ધ્વગતિએ સિદ્ધક્ષેત્રે જઇ જ્ઞાનના ઉપયોગે સિદ્ધ થાય છે અહીં જીવ યોગરહિત અને કેવળજ્ઞાન સહિત હોય છે, તેથી અયોગી કેવળી કહેવાય છે.

સમકિત થયા પછીથી ક્રમે ક્રમે આગળ વધતાં વધતાં જીવ કેવા ગુણો પ્રગટાવી સિદ્ધ થાય છે તેનો ચિતાર શ્રીમદે આપણને આ કાવ્યમાં આપ્યો છે.

## હંસવૃત્તિ

રચયિતા : મણિભાઇ પાદરાકર

(મરાઠી સાખી)

હંસવૃત્તિના હશે સજ્જનો, પય અમૃત પીનારા,
કાક સમા કો કુટિલ દુર્જનો, ઉકરડે ઠરનારા;
જ્ઞાની–અજ્ઞાની દોઉ ન્યારા.

શુષ્ક પંડિતો ટીકાકાર મટી, ટીકાખોરી કરનારા,
પ્રખર ગ્રીષ્મ તાપે જ જવાસા, નવપલ્લવ થાનારા;
એના સ્વભાવ નવ ફરનારા.

પરમ પ્રેમ પરબ્રહ્મ પ્યાસી, ગલીગલીમાં નહિ ફરનારા,
હર્યાં હરાયાં ઢોરની પેઠે, ઉખર ન મુખ ધરનારા;
નિજના નિજત્વને ધરનારા.

પ્રભુના ભક્ત હશે સજ્જન, બકવાદ નહિ કરનારા,
જીભ લપાલપ મૂલ્ય કોડીનું, મૌન મોતી ચરનારા;
સરિતા સંસ્કારે સરનારા.

ઊંડા ઊતરી જરા વિચારો, કોણ છો? કયાં જનારા?
કયાંથી આવ્યા શાં કર્તવ્યો, શું અમૃત પી મરનારા?
દ્રષ્ટા સ્રષ્ટા ગમ પીનારા.

ફરક માનવી માનવી માંહે, કો દુષ્ટો, કો સારા,
પ્રભુને વ્હાણા કોઈ કહે, કોઈ પ્રભુપથ સંચરનારા;
કોઇ ડૂબે ને કોઇ તરનારા.

તમે અનંતી શક્તિવંતને આત્માને ધરનારા,
નવીન સૃષ્ટિ ને નવીન જીવનના સર્જનને કરનારા;
મણિ માનવકુલ દિવ્ય સિતારા.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સ્વ. પ્રિય મિત્ર રમણભાઇ શેઠ

તંત્રીસ્થાનેથી : શાહ ગુલાબચંદ લલુભાઈ

શહેર ભાવનગરના પ્રતિષ્ઠિત નાગરિક, જૈન સમાજના અગ્રણી કાર્યકર અને શ્રી જૈન આત્માનંદ સભાના ટ્રેઝરર શેઠશ્રી રમણભાઇનું તા. ૧૪–૨–૭૮ને મંગળવારના રોજ હાર્ટ-ફેઇલથી અવસાન થયું તેની નોંધ લેતા અમે ખૂબ ઊંડા દુઃખ અને આઘાતની લાગણી અનુભવીએ છીએ.

શેઠશ્રી રમણભાઈ એક કુશળ ઉદ્યોગપતિ હતા.ઉદ્યોગ ક્ષેત્રે તેમણે પોતાની કુશળતા અને પુરૂષાર્થથી ખૂબજ આગવું સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

તેઓશ્રી પોતાના ઉદ્યોગના વિકાસમાં ધ્યાન આપવાની સાથોસાથ એક ધર્મનિષ્ઠ અભ્યાસી હતા. ધાર્મિક અને આધ્યાત્મિક પુસ્તકો અને લેખોમાં તેઓ ઊંડો રસ લેતા અને તેના વાંચન અને મનન દ્વારા તેમણે પોતાનું જીવન ધર્મના રંગે રંગ્યુ હતું. તેમના બધા કાર્યોમાં તેમની ધાર્મિકતાના દર્શન થતા હતા.

તેમની ધર્મની સાચી સમજણને કારણે તેમનું જીવન સેવાપરાયણ બન્યું હતું. સમાજના દરેક ક્ષેત્રે તેમણે કંઈકને કંઈક સેવા કરી છે. જૈન દાદા સાહેબ બોર્ડીંગ, સુખડીયા બોર્ડીંગ, વિગેરે શૈક્ષણિક ક્ષેત્રમાં પોતાની સેવા આપી શિક્ષણ સંસ્થાઓને સારૂં અને સાચું માર્ગદર્શન આપ્યું છે. અને જયાં જયાં જરૂર લાગે ત્યાં તેઓએ પોતાની લક્ષ્મીનો સારો સદ્ઉપયોગ કર્યો છે. તેઓએ સુખડીયા જૈન બોર્ડીંગને પોતાની જ ગણી હતી.

સામાજીક ક્ષેત્રે પણ શ્રી સમાજનો ઉત્કર્ષ, સામાજીક સંસ્થાઓનો વિકાસ, શ્રી આણંદજી પુરૂષોત્તમ જૈન સાર્વજનિક દવાખાનું, શ્રી કે. જે. મહેતા હોસ્પીટલ, રાહત સેવા નિધિ વગેરે સંસ્થાઓ દ્વારા જનતાની વિશાળતા પૂર્વક તનસેવા કરી છે

શહેરની ઘણી ખાસ કરીને જૈન સંસ્થાઓના મકાન બાંધકામના આયોજનમાં તેમની ઇજનેરી કુશાગ્ર બુદ્ધિ, આયોજનની આવડત અને સેવા-પરાયણતાના તેમજ કલાપ્રેમના દર્શન થાય છે.

સંસ્થા કોંગ્રેસમાં રહીને તેમણે કરેલી રાષ્ટ્ર-ભક્તિ પણ તેમની સર્વતોમુખી પ્રતિભાની ઝાંખી કરાવે છે

અમારી આ સંસ્થા શ્રી જૈન આત્માનંદ સભાના તેઓ અગ્રણી કાર્યકર હતા અને જીવનના અંત સુધી આ સંસ્થાના કોષાધ્યક્ષ તરીકે રહી સંસ્થાને નાણાકીય તેમજ અન્ય માર્ગદર્શન આપી સંસ્થાનો વિકાસ કરવામાં તેમનો ફાળો ઘણો પ્રસંશનીય છે. તેમની ગંભીરતા અને સમજભરી સલાહ સૂચન સંસ્થાને ભારે ઉપયોગી થતા હતા. ખરેખર તેમણે જૈન તેમજ જૈનેતર સંસ્થાના વિકાસમાં આપેલ ફાળો કદી ભુલી શકાશે નહિ.

તેઓ મારા તો એક સજ્જન સ્નેહી હતા. તેઓ કોઈ પણ વાત મંડણાત્મક શૈલીથી જ કરતા. તેઓ દિર્ઘદૃષ્ટિવાળા અને વહેવારકુશળ હતા. પરોપકારવૃત્તિ અને સેવાભાવ તેમના દિલમાં સ્વાભાવિક રમી રહેલ હતા. ભોગ અને ત્યાગને કળાકૌશલ્ય પૂર્વક એક રીતે મિત્ર બનાવી શકયા હતા, એટલે કે પ્રવૃત્તિ અને નિવૃત્તિને સમતોલ રાખી ગ્રહસ્થ જીવન કેમ જીવવું તેનો આદર્શ પુરો પાડયો હતો.

અમો તેમના આત્માને પરમ શાંતિ ઇચ્છીએ છીએ, અને તેમના કુટુંબ પર આવી પડેલ આ દુઃખમાં સમવેદના પ્રગટ કરીએ છીએ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સમાચાર સંચય

## ભાવનગરને આંગણે ઐતિહાસિક અભૂતપુર્વ અજોડ દીક્ષા મહોત્સવ

પરમ શાસન પ્રભાવક પરમ પૂજ્ય આચાર્ય વિજયમેરૂપ્રભસૂરીશ્વરજી મહારાજની નીશ્રામાં ભાવનગરના ઇતિહાસમાં સૌ પ્રથમવાર એકીસાથે છ મુમુક્ષુઓનો ભવ્ય દીક્ષા મહોત્સવ સં. ૨૦૩૪ના ફાગણ સુદ ૩ ને શનીવાર તા. ૧૧-૩-૭૮ના રોજ ભાવનગરને આંગણે ઉજવાયો. પરમોપકારી પરમ પાવની પરમાત્માએ પ્રરૂપેલ પરમપદની પ્રાપ્તિ અર્થે છ મુમુક્ષુ ભાઇ-બહેનોએ પારમેશ્વરી પ્રવ્રજ્યાના પુનિત પંથે પ્રયાણ કરેલ છે. આ મહા મંગલકારી પ્રસંગે શ્રી શાંતિસ્નાત્ર સહિત અષ્ટાહ્નિકા મહોત્સવ રાખવામાં આવેલ. દરરોજ પૂજા, પ્રભાવના, પ્રભુજીને ભવ્ય અંગરચના વગેરે કરવામાં આવેલ. ફાગણ સુદ ૨ ને શુક્રવારના રોજ છએ દીક્ષાર્થીઓનો ભવ્ય રથયાત્રાનો વરઘોડો નીકળેલ અને શહેરના રાજમાર્ગો ઉપર ફરેલ. ફાગણ સુદ ૩નો દિવસ જાણે ભાવનગરને આંગણે સંયમનો સોનેરી સૂરજ ઉગ્યો હોય તેમ વહેલી સવારથી દરેક દિક્ષાર્થીઓના નિવાસ સ્થાને હજારોની સંખ્યામાં દર્શનાભિલાષીઓ ઉમટી પડ્યા હતા. અને જ્યારે છએ દિક્ષાર્થીઓનો ભવ્ય વરસીદાનનો વરઘોડો શહેરના રાજમાર્ગ ઉપર આવ્યો ત્યારે શહેરનો રાજમાર્ગ માનવ મેદનીથી ખીચોખીચ ભરેલો હતો. અને દિક્ષાર્થીઓના જયનાદ અને જૈન શાસનના જયનાદથી ગગન ગુંજી રહ્યું હતું. વરસીદાનનો ભવ્ય વરઘોડો જોઈ ઉલ્લાસ અને ઉમંગથી લોકો દીક્ષાર્થીઓને નિહાળી રહ્યા હતા. જ્યારે છએ દિક્ષાર્થીઓ દીક્ષાસ્થળ શાસન સમ્રાટ દીક્ષાનગર (દાદા સાહેબ) આવ્યા ત્યારે દાદા સાહેબના પટાંગણમાં વિશાળ જૈન સમુદાય આ ભવ્ય પ્રસંગને નિહાળવા ગોઠવાઈ ગયો હતો અને માનવ મેદનીથી ખીચોખીચ દાદા સાહેબનું પટાંગણ ભરાઇ ગયું હતું. આચાર્ય ભગવંત વિજયમેરૂપ્રભસૂરીશ્વરજી જાતે જ દીક્ષાની દરેક વિધિ ખૂબ જ ઉલ્લાસથી કરાવી રહ્યા હતા અને વિશાળ જૈન સમુદાય તે વિધિ ખૂબ જ રસપૂર્વક નિહાળી રહ્યો હતો. દીક્ષાની દરેક વિધિ પૂર્ણ થતાં લગભગ બપોરના બે-ત્રણ વાગ્યા હતા. સૌના અપૂર્વ ઉલ્લાસ અને આનંદથી દિક્ષા મહોત્સવ પૂર્ણ થયો હતો. આ પ્રસંગે સાકરના પાણી તથા પતાસાની પ્રભાવના કરવામાં આવેલ.

## દીક્ષાર્થીઓનો ટુંક પરિચય

બા. બ્ર. બીપીનકુમાર નેમચંદ શાહ તથા બા. બ્ર. કુ. ઇન્દિરાબહેન નેમચંદ શાહ. પિતાશ્રીનું નામ નેમચંદ નાનચંદ શાહ, માતાનું નામ પ્રભાવતી બહેન. આખું કુટુંબ સંયમની સોનેરી સુગંધથી મહેકે છે. અને ધર્મભાવનાથી રંગાયેલું છે. બે ભાઇઓએ સં. ૨૦૩૨માં મુલુન્ડ મુકામે પ. પૂ. આ. વિજય મેરુપ્રભસૂરીશ્વરજીની નીશ્રામાં દીક્ષા અંગીકાર કરેલ છે. તેઓશ્રીના નામ પૂ. મુનિ હર્ષસેન અને પૂ. મુનિ મુક્તિસેન રાખેલ છે. એક બહેને સં. ૨૦૨૭માં દીક્ષા અંગીકાર કરેલ છે. તેઓશ્રીનું નામ શ્રી પીયુષપૂર્ણાશ્રીજી છે. આમ એક જ કુટુંબનાં પાંચ સભ્યો પારમેશ્વરી પ્રવ્રજ્યાના પુનિત પંથે પ્રવાસ કરી રહ્યા છે. કુટુંબના



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બાકી રહેના સભ્યો પણ સંયમના અભિલાષી છે. શાહ બિપીનકુમારનો ધાર્મિક અભ્યાસ અર્થ સહિત પાંચ પ્રતિક્રમણ, ચાર પ્રકરણ, ત્રણ ભાષ્ય, છ કર્મગ્રંથ, સંસ્કૃત બે બુક, હેમલઘુ પ્રક્રિયા અમરકોષ ઇત્યાદિ. શ્રી બીપીનભાઈ પૂ. આ. ભ. વિજય મેરુપ્રભસૂરીશ્વરજીના શિષ્ય પૂ. ઇન્દ્રસેન વિ. મ.ના શિષ્ય થયા છે. અને તેમનું નામ શ્રી વિશ્વસેનવિજય આપવામાં આવેલ છે. શ્રી ઈન્દિરાબહેનનો ધાર્મિક અભ્યાસઃ–પંચ પ્રતિક્રમણ, ૪ પ્રકરણ, ૩ ભાષ્ય, ૬ કર્મગ્રંથ, તત્ત્વાર્થસૂત્ર, સંસ્કૃત બે બુક હેમલઘુ પ્રક્રિયા ઈત્યાદિ. તેઓશ્રી શ્રી સૌભાગ્યશ્રીજી મ. સા.ના સમુદાયમાં છે અને તેઓનું નામ શ્રી અમીરત્નાશ્રીજી રાખવામાં આવેલ છે.

બા. બ્ર. કુ. નયનાબહેન ગીરધરલાલ દોશી. પિતાશ્રીનું નામ (સ્વ.) દોશી ગીરધરલાલ ગોરધનદાસ (તલ્લીવાળા). માતાનું નામ રંભાબેન. જેમના એક બહેને (ભારતીબેને) સં. ૨૦૩૧ની સાલમાં ભાવનગરમાં થયેલ અંજનશલાકા સમયે દીક્ષા અંગીકાર કરેલ છે. અને હાલ પૂ. સા. ભાવધર્માશ્રીજી નામ છે. બહેનના પુનિત પગલે પ્રયાણ કરવાની એક જ દૃઢ ભાવના નયનાબેનમાં હતી. રાત દિવસ એક જ રટણ. કયારે રત્નત્રયીની આરાધનામાં તન્મય બનું. તેઓશ્રી પૂ. સા. ચારિત્રાશ્રીજીના સમુદાયમાં છે, અને તેમનું નામ શ્રી નંદીધરાશ્રીજી રાખવામાં આવેલ છે. તેઓશ્રીનો ધાર્મિક અભ્યાસ પંચ પ્રતિક્રમણ, નવ સ્મરણ, ત્રણ ભાષ્ય, છ કર્મગ્રંથ, બૃહત્‌ સંગ્રહણી, ક્ષેત્રસમાસ, તત્ત્વાર્થ, વૈરાગ્ય શતક, ઇન્દ્રિય પરાજય, સંબોધસત્તરી, વિતરાગ સ્તોત્ર, જ્ઞાનસાર, દશવૈકાલીકના ચાર અધ્યયન, સંસ્કૃત પહેલી બુક ઈત્યાદિ.

બા. બ્ર. કુ. સુધાબહેન અમૃતલાલ (ઘેટીવાળા). પિતાશ્રીનું નામ–મહેતા અમૃતલાલ ધરમશીભાઇ (ઘેટીવાળા), માતાનું નામ–શાંતાબેન. વિશાળ કુટુંબ અને બહોળો પરિવાર ધર્મ ભાવનાના રંગે રંગાયેલું છે. છેલ્લા ઘણા જ સમયથી સંયમની ભાવના, દૃઢ નિર્ધાર અને મનની મક્કમતા, સંયમ એક જ અભિલાષા. તેઓ પૂ સા. ચારિત્રાશ્રીજીના સમુદાયમાં છે અને તેમનું નામ શ્રી શુચિધરાશ્રીજી રાખવામાં આવેલ છે. તેઓશ્રીનો ધાર્મિક અભ્યાસ–પાંચ પ્રતિક્રમણ, નવ સ્મરણ, ચાર પ્રકરણ, ત્રણ ભાષ્ય, છ કર્મગ્રંથ, બુહત સંગ્રહણી, વૈરાગ્ય શતક, તત્ત્વાર્થ સૂત્ર, ઇન્દ્રિય પરાજય શતક, સંબોધ સત્તરી, ચાર અધ્યયન અને સંસ્કૃત પહેલી બુક ઇત્યાદિ.

બા. બ્ર. કુ. કૌમુદીનીબહેન ત્રીભોવનદાસ શાહ. પિતાશ્રીનું નામ–શાહ ત્રિભોવનદાસ મોહનલાલ, માતાનું નામ–વસંતબેન. છેલ્લા ઘણા જ સમયથી સંયમની ભાવના, વિવિધ તપશ્ચર્યા દ્વારા આત્માને વિતરાગ માર્ગે કેળવી સંયમ પંથે પ્રયાણ કર્યું. તેઓશ્રી પૂ. સા. શ્રી કમળપ્રભાશ્રીજીના સમુદાયમાં છે. તેમનું નામ શ્રી કૃતિરત્નાશ્રીજી રાખવામાં આવેલ છે. તેઓશ્રીનો ધાર્મિક અભ્યાસ–પાંચ પ્રતિક્રમણ, નવસ્મરણ, ચાર પ્રકરણ ઈત્યાદિ.

બા. બ્ર. કુ. જયશ્રીબેન ભોગીલાલ શાહ. પિતાશ્રીનું નામ–શાહ ભોગીલાલ ભાણજીભાઇ, માતાનું નામ–મધુકાન્તાબેન. ઘણા ટુંકા સમયમાં સંયમના રંગે રંગાઈ દૃઢ મનોબળ અને મક્કમતાથી કુટુંબની અનુમતી લઈ મનના મનોરથો પૂર્ણ કરવા કટીબદ્ધ બન્યા. તેઓશ્રી પૂ. સા.શ્રી પ્રવીણાશ્રીજીના સમુદાયમાં છે. તેઓશ્રીનું નામ શ્રી જિનયશાશ્રીજી રાખવામાં આવેલ છે. ધાર્મિક અભ્યાસ–પાંચ પ્રતિક્રમણ, ચાર પ્રકરણ, ત્રણ ભાષ્ય, પાંચ કર્મગ્રંથ, સંસ્કૃત બુક પહેલી ઈત્યાદિ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પૂજ્યપાદ આચાર્ય શ્રી વિજયપ્રતાપસૂરીશ્વરજી મહારાજનો માંગરોળ મુકામે કાળધર્મ

વર્તમાન સમયે વિદ્યમાન પૂજ્ય શ્રમણભગવંતોમાં સૌથી મોટા તેમજ દીક્ષા અને સૂરિપદ પર્યાયમાં પણ સૌથી મોટા શાંતમૂર્તિ પૂજ્યપાદ આચાર્યભગવંત શ્રી વિજયપ્રતાપસૂરીશ્વરજી મહારાજ સાહેબ ૧૦ દિવસની ટૂંકી માંદગીમાં, માંગરોળ મુકામે ફાગણ વદ ૭ ને શુક્રવાર તા. ૩૧-૩-૭૮ના સવારે ૭-૩૦ કલાકે નવકાર મહામંત્રનું શ્રવણ અને સ્મરણ કરતાં કરતાં, પરમ શાંતિ અને સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા છે.

ગત વર્ષે મુંબઇથી પાલીતાણાનો અને આ વર્ષે પાલીતાણાથી જુનાગઢનો ઐતિહાસિક પદયાત્રા સંઘ તેઓશ્રી અને તેમના શિષ્ય-પ્રશિષ્યો, શાસનપ્રભાવક પૂજ્ય આચાર્યશ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજ, સાહિત્ય-કલારત્ન પૂજ્ય મુનિપ્રવરશ્રી યશોવિજયજી મહારાજ, શતાવધાની ગણિવર્યશ્રી જયાનંદવિજયજી મહારાજ આદિ વિશાળ મુનિગણની નિશ્રામાં નીકળ્યો હતો. પદયાત્રા સંઘમાં તેઓશ્રીની તબિયત ઘણી સારી રહી હતી. ફાગણ સુદ ૪ રવિવારે સંઘપતિઓની તીર્થમાળ પ્રસંગે તેઓશ્રીએ ઘણા આનંદ-ઉલ્લાસથી શ્રી ગિરનારજી મહાતીર્થની યાત્રા કરી હતી. ત્યારબાદ જુનાગઢ શહેરમાં પાંચ દિવસ રહી માંગરોળ શ્રીસંઘ અને મુંબઇ વસતા માંગરોળવાસીઓના અતિ આગ્રહથી માંગરોળ પધારવાનો કાર્યક્રમ નક્કી થયા મુજબ ફાગણ સુદ ૯ ને શનિવાર તા. ૧૮-૩-૭૮ના વિહાર કરી વંથળી, તા. ૧૯મી માણેકવાડા તા. ૨૦મીએ અગતરાય પધાર્યા. ત્યાં સુધી તેઓશ્રીની તબિયત બરાબર સ્વસ્થ હતી.

તા. ૨૧મીએ કેશોદ પધાર્યા બાદ તબિયત થોડી અસ્વસ્થ થઇ. તા. ૨૩મીના ડોળીમાં જ પૂજ્યશ્રી માંગરોળ પધાર્યા. અહીંના શ્રીસંઘે ભવ્ય સામૈયા સાથે પ્રવેશ કરાવ્યો. વિહારમાં ડોકટરો સાથે જ હતા. આ દિવસે તબિયત કંઇક વધુ ચિંતાજનક લાગતા મુંબઈ, વડોદરા, ડભોઈ, અમદાવાદ, પાલીતાણા, વેરાવળ, પ્રભાસપાટણ, જૂનાગઢ, રાજકોટ વગેરે સ્થળોએ કોલ કરી ખબર આપવામાં આવ્યા. પૂજ્યશ્રીની નરમ તબિયતના સમાચાર જાણી આજુબાજુમાં વિચરતો પુજ્યશ્રીનો આજ્ઞાવર્તિ સાધ્વીસમુદાય તેમ જ નજીક અને દૂર-દૂરના સ્થળોએથી શ્રીસંઘના આગેવાનો, ગુરુભક્તો તથા ભાવિકજનો ઘણી મોટી સંખ્યામાં સુખશાતા પુછવા આવવા લાગ્યાં. અહીંના શ્રીસંઘ તરફથી બહારગામથી રોજરોજ આ મોટી સંખ્યામાં આવતાં ભાઇ-બહેનોની ભક્તિ ઘણી વ્યવસ્થિત અને સુંદર રીતે કરવામાં આવતી. ઉપરાંત શ્રીસંઘે પૂજ્ય ગુરુદેવોની નિશ્રામાં સિદ્ધચક્રપૂજન, શાંતિસ્નાત્ર સહિત પ્રભુભક્તિનો મહોત્સવ ઘણા ઉલ્લાસથી ધામધુમપૂર્વક ઉજવ્યો.

પુજ્યશ્રીની તબિયત દિન-પ્રતિદિન વધુ ને વધુ અસ્વસ્થ થવા લાગી. અહીંના સ્થાનિક ડોકટરો ઉપરાંત જુનાગઢથી મોટા ડોકટરોને બોલાવ્યા હતા. વિશાળ સાધુ-સાધ્વીગણે મંત્રોચ્ચાર વગેરેના ઉચ્ચારણથી વાતાવરણ આરાધનામય બનાવી દીધું. શ્રીસંઘના કાર્યકર્તાઓ અને નાના-મોટા ભાઇઓની તેમ જ મુંબઈથી મહોત્સવ પ્રસંગે આવેલા શ્રીયુત નવીનચંદ્રભાઈ કમ્પાણી તથા શેઠ શ્રી કાંતિલાલ છગનલાલ વગેરેની ચોવીસેય કલાક સેવાભક્તિ, વૈયાવચ્ચ, અખંડ ચાલુ રહી. પરંતુ....આયુષ્યબળ પુરું થવા આવ્યું હોય, નવકારમંત્રનું



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રવણુ અને સ્મરણુ કરતાં કરતાં ફાગણુ વદ ૭ને શુક્રવાર તા. ૩૧–૩–૭૮ના સવારે ૭–૩૦ વાગે પુજ્ય આચાર્ય શ્રી વિજય પ્રતાપસુરીશ્વરજી મહારાજશ્રીનો જીવનદીપ બુઝાઈ ગયો.

માંગરોળ નગરમાં આ સમાચાર પ્રસરતાં, જાણે દુઃખની ઘેરી છાયા ફરી વળી. સમસ્ત નગરજનો ટોળે ને ટોળે દર્શનાર્થે ઉમટવા લાગ્યાં. દેશભરમાં ફોન-તારના વાયુવેગે આ સમાચાર ફરી વળ્યા. માંગરોળની સમસ્ત પ્રજાએ ધંધા–રોજગાર બંધ રાખ્યા. આસપાસના ગામના જૈનો મળ્યું તે સાધન પકડી દોડી આવ્યા. બીજા દિવસે સવારે ૧૧–૩૦ વાગે અંતિમયાત્રા કાઢવાનો નિર્ણય લેવામાં આવેલ. આ સમયે પહોંચવા કોઈ ચાર્ટર પ્લેઈન કરીને તો કોઈ ઘરની મોટરમાં અને કોઈ ભાડુતી મોટરમાં કે પછી કોઈ બસ–ટ્રેઈનમાં નીકળી પડ્યા હતાં માંગરોળમાં જાણે માનવ-મહેરામણ ઉભરાયો હતો.

**ભવ્ય અંતિમ યાત્રા :** ફાગણુ વદ ૮ ને શનિવાર તા. ૧–૪–૭૮ના બરાબર વિજયમુહૂર્તે તેઓશ્રીની દબદબાભરી ભવ્ય અંતિમયાત્રાનો તપગચ્છ જૈન ઉપાશ્રયથી પ્રારંભ થયો હતો. જુનાગઢથી આવેલ સરકારી બેન્ડ તેમજ પોલીસ પાર્ટીએ સલામી આપી હતી. અ.સૌ. કંચનબેન પ્રાણલાલ દોશી તથા કનકબહેને પૂ. ગુરુદેવના પવિત્ર દેહને પાંચ શિખરવાળી જરીયાન પાલખીમાં પધરાવ્યા બાદ હજારોની માનવમેદનીના "જય જય નંદા, જય જય ભદ્દા"ના ગગનભેદી ઘોષારવ સાથે અંતિમયાત્રા આગળ વધી હતી. નગરના મુખ્ય મુખ્ય માર્ગોપર દર્શનાર્થે ભારે ભીડ જામી હતી. અંતિમયાત્રા વંડાના જિનાલય પાસે આવી પહોંચતાં ત્યાં જિનાલયની સામેની જગ્યામાં પૂજ્યશ્રીના નશ્વર દેહને પાલખીપૂર્વક બિરાજમાન કરી, તેની સંસ્કારવિધિ કરવામાં આવી હતી.

આ અંતિમયાત્રાના દિવસે પણ માંગરોળની સમસ્ત પ્રજાએ ધંધા–રોજગાર બંધ રાખી અણોજો પાળ્યો હતો. માંગરોળના ઇતિહાસમાં આવી સ્વયંભૂ સખત હડતાલ અગાઉ કયારે પણ પડી નથી. આ બે દિવસ ચા પાન કે ચવાણાની લારીઓ પણ કયાંય ખુલ્લી જોવા ન મળતી. કતલખાના તેમ જ આ વિસ્તારમાં મોટા પાયે ચાલતો મત્સ્યઉદ્યોગ પણ સ્વયંભૂ બંધ રહેલ. સૌથી આશ્ચર્ય પમાડે એવી ઘટના તો એ છે કે માંગરોળની ૩૫ હજાર વસ્તીમાં અડધા ઉપરની વસ્તી ધરાવતા મુસ્લીમ બિરાદરોએ અગ્નિસંસ્કારના દિવસે ઘરદીઠ રોજા પાળ્યા હતા.

આ અંતિમયાત્રામાં સ્થાનિક સમસ્ત પ્રજાજનો તેમ જ બહારગામથી મુંબઈ અને તેના લગભગ દરેક ઉપનગરો, ઉપરાંત સુરત, મીંયાગામ, કરજણુ, વડોદરા, ડભોઈ, છાણી, અમદાવાદ, સુરેન્દ્રનગર, વઢવાણુ શહેર, મોરબી, જામનગર, રાજકોટ, ધોરાજી, જેતપુર, જૂનાગઢ, વંથળી, અગતરાય, કેશોદ, ઉપલેટા, વેરાવળ, પ્રભાસપાટણુ, ઉના, મહુવા, ભાવનગર તેમ જ પાલીતાણા અને અનેક નાના મોટા શહેરો ગામોમાંના શ્રી સંઘોના આગેવાનો, ગુરુભક્તો સહિત હજારો શ્રાવક શ્રાવિકાઓ આવીને જોડાયાં હતાં.

અગ્નિસંસ્કારની બધી બોલીઓના ચઢાવાની કુલ રકમ રૂા. એક લાખ ૧૬ હજાર ઉપર થઇ હતી. જીવદયા માટે લગભગ રૂા. ૧૫ હજારનો ફાળો થયો હતો.

પૂજ્યશ્રીના સ્મારક અને શ્રેયસ માટેનું ફંડ રૂા. ૬૦ હજારનું લગભગ થયું છે; આ ઉપરાંત માંગરોળ સ્મારક રચવા માટે એક સદ્‌ગૃહસ્થ તરફથી રૂા. ૨૦ હજારનું વચન મળ્યું છે. માંગરોળમાં ઉપરાંત પૂજ્યશ્રીની જન્મભૂમિ આદરી (જે માંગરોળથી ફક્ત ૧૬–૧૭ કીલો મીટરે આવ્યું છે.) અને પાલીતાણામાં પણ સ્મારક રચવામાં આવનાર છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ला. द. भारतीय संस्कृति विद्यामंदिरना मूल्यवान प्रकाशनो

| | |
|---|---|
| लावण्यसमयकृत नेमिरंगरत्नाकर छंद | १० |
| जिनमाणिक्यगणिकृत रत्नाकरावतारिकाद्यश्लोकशतार्थी | १० |
| रत्नप्रभसूरिकृत रत्नाकरावतारिका भाग २–३ | १८ |
| अज्ञातकर्तृक कल्पलताविवेक | ३२ |
| आ० हरिभद्रसूरिकृत शास्त्रवार्तासमुच्चय (हिन्दी अनुवादसहित) | ३० |
| धनपालकृत तिलकमंजरीसार | २० |
| आ० हरिभद्रकृत नेमिनाहचरिउ भाग १–२ | १०० |
| प्रमाणवार्तिकभाष्यकारिकार्धपादसूचि | १० |
| प्राकृत जैन कथा साहित्य | २० |
| उपा० हर्षवर्धनकृत अध्यात्मबिंदु | २० |
| चक्रधरकृत न्यायमंजरीग्रन्थिभंग | ५० |
| जिनभद्रसूरिकृत मदनरेखा आख्यायिका | ४० |
| प्राचीन गुर्जर काव्यसंचय | १६ |
| जैन प्रकरण संग्रह | २० |
| सणतुकुमारचरिय | ८ |
| इसिभासियाइं | २० |
| हैमनाममालाशिलों | २० |
| न्यायमंजरी (प्रथम आह्निक) गुजराती अनुवाद सह | १६ |
| जिनेश्वरसूरिकृत गाहारयणकोष | २० |
| जयवंतसूरिकृतऋषिदत्तारास | १६ |
| इन्दहंसकृत भुवनभाणुकेवलिचरिय | १६ |
| शशधरकृत न्यायसिद्धान्तदीप (गुणरत्नसूरिकृत टिप्पण सहित) | ४५ |
| बौद्धधर्मदर्शननी पायानी विभावना (गुज.) | ८ |
| साधारणकृत विलासवईकहा | ४० |
| More Documents of Jaina Paintings and Gujarati Paintings by Dr. U. P. Shah | 76 |
| Aspects of Jaina Art and Architecture | 150 |
| Indian Phiosophy by. Pt. Sukhlalji | 30 |
| Vasudevahindi an authentic Jain version | 150 |
| Atonements in the Ancient Ritual of the Jaina monks | 50 |
| Jain Concept of Omniscience | 50 |
| Dictionary of Prakrit Proper Names Pt. I-II | 67 |
| Jaina Ontology | 50 |
| A Critical Study of the Mahapurana of Puspadanta | 50 |
| Akalanka's Criticism of Dharmakirti's Philosophy | 50 |
| The Natyadarpana–A Study | 50 |
| Catalogue of Mss. Pts. 1–4 | 160 |
| Catalogue of Mss. Jesalmar Collection | 50 |
| Early Jainism | 28 |

卐

प्राप्तिस्थान : लालभाई दलपतभाई भारतीय संस्कृति विद्यामंदिर
गुजरात युनिवर्सिटी, बस स्टेन्ड पासे, अमदावाद ३८०० ०९ फोन : ४२४६३




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## સ્વ. રમણલાલ શેઠને અપાયેલ ભાવનગર જૈન સંઘ તરફથી શોકાંજલિ

શ્રી ભાવનગર જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક તપા સંઘ તથા અન્ય અગીયાર સંસ્થાઓના ઉપક્રમે સ્વ, રમણલાલ અમૃતલાલ શેઠનું હૃદયરોગનાં હુમલાથી અચાનક નિધન થતાં તેમની શોક સભા તા. ૧૬–૨–૭૮ના રોજ રાત્રીના ૯–૦૦ કલાકે મોટા દેરાસરજીના સામાયિક-શાળાના હોલમાં શેઠશ્રી રમણિકભાઇ ભોગીલાલ શાહના પ્રમુખસ્થાને રાખવામાં આવેલ હતી. જેમાં વિશાળ સમુદાયની હાજરી હતી. જુદા જુદા બંધુઓ તરફથી તેમની સેવાના જુદા જુદા પાસાઓનો ગુણાનુવાદ થવા બાદ નીચેનો ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો.

શોક ઠરાવ—શ્રી ભાવનગર જૈન સંઘની વ્યવસ્થાપક સમિતિ તેમજ કાર્યવાહક સમિતિના સભ્ય, સંઘ અને સમાજની અનેકવિધ પ્રવૃત્તિઓ તેમજ સંસ્થાઓ સાથે સક્રિય રીતે સંકળાએલ, સંનિષ્ઠ કાર્યકર દશાશ્રીમાળી સુખડીયા જ્ઞાતિના આગેવાન, કૃષ્ણનગર જૈન સોસાયટીના પ્રણેતા ધર્મપ્રેમી શેઠશ્રી રમણલાલ અમૃતલાલના એકાએક અણચિંતવ્યા થયેલા નિધનથી આજની આ સભા ઊંડા દુઃખની લાગણી અનુભવે છે. તેમની ચીર વિદાયથી ભાવનગર જૈન સંઘ, શહેર તથા સમાજને ભારે ખોટ પડી છે.

તેમની દશાશ્રીમાળી સુખડીયા જ્ઞાતિને તો ન પૂરી શકાય તેવી ખોટ પડી છે. તેમના વિશાળ કુટુંબ ઉપર આવી પડેલી આ કાયમી આપત્તિ સહન કરવાનું પરમ કૃપાળુ બળ આપે તેવી પ્રાર્થના છે. તેમના પુણ્યશાળી ઉમદા આત્માને શાસનદેવ શાશ્વત શાંતિ અર્પે એ જ અભ્યર્થના.

આ ઠરાવની એક નકલ તેમના કુટુંબીજનો ઉપર મોકલવાનું ઠરાવવામાં આવે છે.

## કૃષ્ણનગર સોસાયટી તરફથી શોકજનક સભા

શેઠશ્રી રમણલાલ અમૃતલાલના અકાળ દુઃખદ અવસાન અંગે શોક વ્યક્ત કરવા તથા તેમને શ્રદ્ધાંજલી અર્પવા શ્રી કૃષ્ણનગર જૈન સોસાયટી દ્વારા એક શોકસભા શ્રી ગુલાબચંદ લલુભાઈના પ્રમુખસ્થાને શ્રીમતી સાંકળીબાઇ સભાગૃહમાં યોજાયેલ હતી.

શ્રી રમણભાઈની સેવા, નમ્રતા અને મિલનસાર સ્વભાવની સુવાસ દરેક વક્તાના વક્તવ્યમાં જણાઇ આવતી હતી.

શ્રી હઠીચંદ જીવણલાલે સદ્ગતના વિશિષ્ટ ગુણોને અંજલી આપતાં કહ્યું કે તેઓશ્રીનું જીવન એક ઉત્તમ અને અનુકરણ કરવા યોગ્ય હતું તેમ કહેલ.

શ્રી કૃષ્ણનગર સોસાયટીના મંત્રીશ્રી હિમતલાલ અનોપચંદ શાહે સદ્ગત સાથે કાર્ય કરવાના તેમના મીઠાં સંસ્મરણો વર્ણવી શ્રદ્ધાંજલી આપેલ.

કૃષ્ણનગરના અન્ય આગેવાન શ્રી બેચરલાલ નાનચંદ શાહે શ્રી રમણભાઈની કાર્યકુશળતા નિષ્ઠા અને મક્કમતા છતાં નમ્રતાના ગુણો અને બીજા માટે કંઈક કરી છૂટવાની ભાવના વિષે કહેતાં ભાવભીની અંજલી આપેલ. અગ્રગણ્ય વેપારી અને કાર્યકર શ્રી વિનયચંદ ઝુળચંદ શાહે તેમના અન્ય ગુણોની સાથે વ્યવહારિક અને વ્યાપારી કુનેહને બીરદાવેલ.



For Private And Personal Use Only

# શાપરીઆ

: બનાવનારા :

* બાર્જીસ
* લાઇફ બોટસ
* ટગ્ઝ
* ડ્રેજર્સ
* પોન્ટુન્સ
* મુરીંગ બોયઝ
* બોયન્ટ એપરેટસ

વિગેરે .....................

શીપ
બીલ્ડર્સ
અને
એન્જીનીયર્સ

: બનાવનારા :

* રોલીંગ શટર્સ
* ફાયરપ્રુફ ડોર્સ
* રોડ રોલર્સ
* વ્હીલ બેરોઝ
* રેફ્યુઝ હેન્ડ કાર્ટસ
* પેલ ફેન્સીંગ
* સ્ટીલ ટેન્કસ

વિગેરે .....................

## શાપરીઆ ડોક એન્ડ સ્ટીલ કું.
## પ્રાઇવેટ લીમીટેડ

ચેરમેન : શ્રી માણેકલાલ ચુનીલાલ શાહ

મેનેજીંગ ડીરેક્ટર : શ્રી અમૃતલાલ ભાણજીભાઇ શાપરીઆ

રજીસ્ટર્ડ ઓફિસ અને શીપયાર્ડ
શીવરી ફોર્ટ રોડ,
મુંબઇ–૧૫ (ડી. ડી.)
ફોન : ૪૪૮૩૬૧, ૪૪૮૩૬૨, ૪૪૩૧૩૩
ગ્રામ: 'શાપરીઆ' શીવરી–મુંબઇ

એન્જીનીયરીંગ વર્કસ અને ઓફિસ
પરેલ રોડ, ક્રોસ લેન,
મુંબઇ–૧૨ (ડી. ડી.)
ફોન : ૩૯૫૦૬૭, ૩૭૪૮૯૩
ગ્રામ : 'શાપરીઆ' પરેલ–મુંબઇ




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી લલિતસૂરીશ્વર જૈન સંગીત મંડળ અને કૃષ્ણનગરના યુવાનો વતી બોલતાં શ્રી જીતેન્દ્રભાઈ બેચરલાલ શાહે શ્રી રમણભાઈની યુવાનો અને બાળકો તરફની મમતા, પ્રેમ અને નમ્ર વ્યવહારના અનેક પ્રસંગો યાદ કરી નાના કે મોટા સૌ પ્રત્યેના તેમના સમાન અને વાત્સલ્યપૂર્ણ વ્યવહાર વિષેની યુવાનોની લાગણી વ્યક્ત કરેલ. નમ્રતામાં મહાનતાની પ્રત્યક્ષ મૂર્તિસમા શ્રી રમણભાઈને વંદન સાથે તેઓએ તેમનું વક્તવ્ય પૂર્ણ કરેલ.

ત્યારબાદ પ્રમુખસ્થાનેથી શાહ ગુલાબચંદ લલુભાઈએ જણાવ્યું કે રમણભાઈમાં અનેક દિવ્ય તત્ત્વો ભરેલા હોવાથી તેઓ એક પ્રતિભાશાળી વ્યક્તિ હતા. તેઓ સાચું જીવન જીવી ગયા છે. લક્ષ્મી, બુદ્ધિ અને કુટુંબની એકસંપીથી સમૃદ્ધિવંત હતા પણ તેઓ સદા નમ્ર, માયાળુ, સાદાઈ અને વિવેકશીલતાના ઉત્તમોત્તમ ગુણો ધરાવતા હતા. દરેક સાથે પોતાના બંધુ હોય તે રીતે વર્તી ધાર્મિક કે સામાજિક કાર્યમાં ઓતપ્રોત રહેતા. એક વખત બહાર ગામના એક અનુભવી અને સમજદાર મેમાનને લઈ કૃષ્ણનગર દેરાસરે હું દર્શન કરવા ગયો હતો. તેઓ દેરાસરને બહુજ બારીકાઈથી અવલોકન કરવા માંડ્યા. ટાઈમ ઘણો થયો મેં કહ્યું, કે ભગવાન મહાવીરની મનોહર મૂર્તિએ તમને એકધ્યાન કરી દીધા લાગે છે. તેમણે કહ્યું ભાઈ ! સાચુ કહું તો મંદિર અને આખા કંપાઉન્ડમાં આવેલ બધા મુકામોમાં કોઈ કલાધરનો આત્મા જળકી ઉઠ્યો હોય તેમ લાગે છે, તે વિચારમાં વખત પસાર થઈ જાય છે. તેવું આ સુંદર શાંતિદાયક સ્થાન છે તેથી હું વધારે પડતો અહીં થોભાઈ ગયો છું. મેં કહ્યું કે ભાઈ તમારૂં માનવું તદ્દન સત્ય છે. આ દરેક કાર્યપ્રદેશમાં આ સોસાયટિના આગેવાન રમણભાઈ શેઠ અને શ્રી ભોગીલાલભાઈ વેલચંદ બંને મિત્રો છે. તેઓની અનેક પ્રવૃત્તિ હોવા છતાં આ કામમાં તેઓએ પોતાનો આત્મા મુકયો છે વિગેરે. રમણભાઈ અને ભોગીભાઈના કામનો પરિચય આપ્યો. તેઓ ઘણા ખુશી થયા અને બંનેથી પ્રભાવિત થયા. રમણભાઈની ખોટ પુરાવી મુશ્કેલ છે. ભલે તેઓ સદેહે આપણા પાસે નથી પણ તેમણે જે જે શુભ કાર્યો કર્યા છે તે કાર્યો જ તેમની અમરતાનું આપને ભાન કરાવ્યા કરશે.

ત્યારબાદ શોક ઠરાવ વાંચી સંભળાવ્યો હતો જે નીચે મુજબ—

**શોક ઠરાવ**—શ્રી કૃષ્ણનગર જૈન સોસાયટીની આજરોજ તા. ૧૫–૨–૭૮ મહા શુદ ૮ બુધવારના રોજ મળેલ સભા–ભાવનગર શ્વે. મૂર્તિ. જૈન સંઘ તેમજ આપણી સોસાયટીના પ્રથમ પંક્તિના માનનીય આગેવાન શેઠશ્રી રમણલાલભાઇ અમૃતલાલભાઇના તા. ૧૪–૨–૭૮ની વહેલી સવારે થયેલ દુઃખદ નીધન પ્રત્યે ઘણી ઊંડા શોકની લાગણી પ્રદર્શિત કરે છે.

શેઠશ્રી રમણલાલભાઇ એક આદર્શ ગૃહસ્થ, નિષ્ઠાવાન સમાજ સેવક અને અનેકોના સાચા માર્ગદર્શક વાત્સલ્યમૂર્તિ હતા.

તેઓશ્રીએ ભાવનગરની તેમજ સૌરાષ્ટ્રના ઘણા ખરા શહેરોની ધાર્મિક, સામાજિક તથા કેળવણીની સંસ્થાઓમાં જવાબદારી ભરી રીતે જીવનના છેલ્લા શ્વાસ સુધી પોતાની સેવાઓ આપી છે.

તેઓશ્રી પ્રથમ પંક્તિના આગેવાન હોવા છતાં સદા સાદા, સરળ અને નિરાભીમાની હતા.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી મહાવીર જૈન વિદ્યાલયનાં ઉપયોગી પ્રકાશનો

## શ્રી મોતીચંદ કાપડીઆ ગ્રંથમાળા

(૧) અધ્યાત્મકલ્પદ્રુમ : રચયિતા : આચાર્યશ્રી મુનિસુંદરસૂરિજી મહારાજ
ભાષાંતર તથા વિવેચનકર્તા : શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડીયા
[ છઠ્ઠી આવૃત્તિ : કિંમત રૂા. ૮ ]

(૨) જૈન દૃષ્ટિએ યોગ : શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ
[ ત્રીજી આવૃત્તિ : કિંમત રૂા. ૪ ]

(૩) આનંદઘનજીના પદો : ભાગ પહેલો [અપ્રાપ્ય] વિવેચનકર્તા : શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ
સંપાદક : શ્રી રતિલાલ દીપચંદ દેસાઈ

(૪) આનંદઘનજીના પદો : [ભાગ બીજો] વિવેચનકર્તા : શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ
સંપાદક : શ્રી રતિલાલ દીપચંદ દેસાઈ [ કિંમત : રૂ. ૧૦ ]

(૫) આનંદઘન ચોવીશી : વિવેચક : શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ
સંપાદક : શ્રી રતિલાલ દીપચંદ દેસાઈ [ કિંમત રૂ. ૮ ]

(૬) શ્રી શાંતસુધારસ : રચયિતા : મહોપાધ્યાય વિનયવિજયજી મહારાજ
વિવેચનકર્તા : શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ
[ ચોથી આવૃત્તિ : કિંમત રૂા. ૧૫ ]

## જૈન આગમ-ગ્રંથમાળા

(૧) ग्रन्थांक १ : नंदिसुत्तं अणुओगद्दाराइं च [ પૃષ્ઠ સંખ્યા : ૭૬૨ : કિંમત રૂ૦ ૪૦ ]
(૨) ग्रन्थांक ९ : पण्णवणासुत्त भाग १ [ પૃષ્ઠ સંખ્યા : ૫૦૨ : કિંમત રૂ૦ ૩૦ ]
(૩) ग्रन्थांक ९ : पण्णवणासुत्त भाग २ [ પૃષ્ઠ સંખ્યા : ૬૩૨ : કિંમત રૂ૦ ૪૦ ]
(૪) ग्रन्थांक ४ : वियाहपण्णत्तिसुत्त भाग १ [ પૃષ્ઠ સંખ્યા : ૫૪૪ : કિંમત રૂ૦ ૪૦ ]
(૫) ग्रन्थांक २ : आचारांगसुत्त [ પૃષ્ઠ સંખ્યા : ૫૧૨ : કિંમત રૂ૦ ૪૦ ]
(૬) ग्रन्थांक १५ : दसवैयालियसुत्तं, उत्तरज्झयणाइ, आवस्सयसुत्तं
[ પૃષ્ઠ સંખ્યા : ૭૫૬ : કિંમત રૂ૦ ૫૦ ]

## અન્ય ઉપયોગી પ્રકાશનો

(૧) કાવ્યાનુશાસન : કલિકાલસર્વજ્ઞશ્રી હેમચંદ્રાચાર્ય મહારાજ ૦ કિંમત રૂ૦ ૧૫-૦૦
(૨) યોગશાસ્ત્ર : કલિકાલસર્વજ્ઞશ્રી હેમચંદ્રાચાર્ય મહારાજ ૦ કિંમત રૂ૦ ૧-૨૫
(૩) અષ્ટક પ્રકરણ : આચાર્ય શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ ૦ કિંમત રૂ૦ ૦-૨૫
(૪) The Systems of Indian Philosophy :
Late Shri V. R. Gandhi ૦ કિંમત રૂ૦ ૫-૦૦
(૫) સુવર્ણ મહોત્સવ ગ્રન્થ : ( ભાગ ૧-૨ ) ૦ કિંમત રૂ૦ ૫૦-૦૦
સભ્યો અને સંસ્થાઓ માટે ૦ કિંમત રૂ૦ ૨૫-૦૦
(૬) New Documents of Jaina Painting :
Dr. Moti Chandra & Dr. U. P. Shah ૦ કિંમત રૂ૦ ૧૨૫-૦૦

પ્રાપ્તિ સ્થાન : શ્રી મહાવીર જૈન વિદ્યાલય, ઓગષ્ટ ક્રાંતિમાર્ગ : મુંબઈ-૩૬
શ્રી મહાવીર જૈન વિદ્યાલય, પાલડી બસ સ્ટેન્ડ પાસે, અમદાવાદ-૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સરદારનગરનું જિનાલય, દાદા સાહેબના પટાંગણમાં આવેલ ઉપાશ્રય આદિ મકાનો, નૂતન ઉપાશ્રય તથા આપણી સોસાયટીના જિનાલય, સભાગૃહ, આયંબીલ ભુવન વગેરેની જે સુંદરતા છે તે દરેકમાં તેઓશ્રીએ પ્રાણ પુરેલ છે. આવા ઉમદા આગેવાન ગુમાવવાથી આપણી સોસાયટીને તેમના કુટુંબીજનો કરતાં જરા પણ ઓછી નહીં એવી ભારે ખોટ પડી છે.

તેઓશ્રી તેમની પાછળ બહોળું વિશાળ કુટુંબ, સગા-સંબંધી અને વિશાળ મિત્ર-સમુદાયને વિલાપ કરતાં છોડી ગયા છે.

તેઓશ્રીના કુટુંબ ઉપર આવી પડેલ આ દુઃખમાં આજની સભા ઊંડી સમવેદના જાહેર કરે છે.

શાસનદેવ તેમના પવિત્ર આત્માને શાન્તી આપે તેવી પ્રાર્થના.

ત્યારબાદ સાત નવકારમંત્રના સ્મરણ પછી સદ્‌ગતના આત્માની શાંતિ ઇચ્છી સભા વિસર્જન થઇ.

## ભાવનગર શ્રી જૈન આત્માનંદ સભા તરફથી શોકાંજલિ

દિવંગત શેઠ રમણલાલ અમૃતલાલના આત્માને અંજલી આપવા એક શોકસભા આત્માનંદ સભામાં શ્રીમાન ગુલાબચંદ લલુભાઈ શાહના પ્રમુખપણા નીચે તા. ૧૯-૨-૭૮ના રોજ રાખવામાં આવી હતી.

સદ્‌ગતના આત્માને અંજલી આપતા શ્રી કાંતિલાલ જગજીવન દોશીએ તેમની અનેકવિધ પ્રવૃત્તિઓનો સંપૂર્ણ ઉલ્લેખ કર્યો હતો. તેમની સાદગી અને કુદરતી સૂઝ માટે ભૂરિ ભૂરિ પ્રશંસા કરી હતી, નાની વયની તેમજ મોટી વયની વ્યક્તિઓ સાથે એકરૂપ બની વિચારોની આપલે કરતા. તેમજ ભાવનગરને આંગણે બંધાયેલ નૂતન ઉપાશ્રયમાં તેમની સેવા અનેરી હતી. ધાર્મિક કાર્યોમાં તેમનો ફાળો સારો રહેતો. ગુંચના ઉકેલ માટે તેમની ઝીણવટભરી સૂઝ અને સચોટ પ્રતીતિ પુરી પાડવાની શક્તિ યશસ્વીપણાની મહોર મારતા જૈન સમાજને તેમના અવસાનથી મોટી ખોટ પડી છે. આવા ભાગ્યશાળી અને જસરેખાવાળા ઉદાર વિભુતિના જેટલા ગુણગાન ગાઈએ તેટલા ઓછા. સદ્‌ગતના આત્માને પ્રભુ શાંતિ અર્પે તેવી પ્રાર્થના સાથે તેમણે વક્તવ્ય પુરૂં કર્યું હતું.

ત્યાર બાદ શ્રી પોપટલાલ રવજીભાઈ સલોતે જીવન સાર્થકતા કરનાર શેઠશ્રી રમણભાઈને અંજલી અર્પી હતી. જીવન જીવી જાણનારમાં તેમનું સ્થાન અગ્ર છે. જૈન શાસનના કાર્યમાં, તેની પ્રભાવના અને તેની મહત્ત્વ દર્શાવતા કાર્યમાં શેઠશ્રી રમણલાલની હાજરી હોય જ. જીવન પુષ્પની ખુશબો ચોમેર ફેલાવી, દરેકને હૈયે પોતાનું નામ રમતું રાખી એમણે જીવન સાફલ્ય સાધ્યું, એ કાંઇ નાની સુની વાત નથી. ગોડીજી પાર્શ્વનાથ મંદિર પાસેના ઉપાશ્રયમાં તેમનું માર્ગદર્શન અને સેવા સહુના મનને આકર્ષણ રૂપ હતાં. જુની અને નવી પેઢીની સોનેરી શ્રૃંખલા સમા તેઓ ધાર્મિક કાર્યમાં સહેજે સહુનો સહારો ને સાથ સંપાદન કરવામાં અજોડ શક્તિ ધરાવતા છતાં માનની આછી રેખા ચહેરા પર પડછાયારૂપ પણ ન દેખાતી. સમાજસેવકનું સાચું બિરુદ ધરાવવામાં ભાગ્યશાળી બન્યા હતા. દિવંગત આત્માને પરમેશ્વર ચીર શાંતિ અર્પે તેવી અભ્યર્થના સાથે તેમણે વિરામ ચિહ્ન મુક્યું હતું.

પ્રમુખ સ્થાનેથી શેઠશ્રી ગુલાબચંદભાઈ પોતાનું વક્તવ્ય રજુ કરતાં તેમનુ હૈયું ભરાઇ આવ્યું હતું અને સહકાર્યકરની ખોટ તેમના દિલને હચમચાવતી હોય તેમ લાગતું હતું. તેઓએ ગદ્‌ગદ્ કંઠે જણાવ્યું કે, "માણસ (બાળક) જન્મે છે ત્યારે રડે છે અને સગાં-સંબંધી-સ્નેહીઓ ખુબ આનંદપૂર્વક હસે છે. જયારે એ વ્યક્તિએ જીવનભર શુભ કાર્યો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કર્યાં હોય તો તે મૃત્યુ સમયે હસે છે અને સગાં-સંબંધી અને સમાજ રડે છે તેનો પ્રત્યક્ષ દાખલો આપણા રમણભાઈ છે, તેમના માટે આટલું જ કહેવું બસ થશે કે તેઓ સાચું જીવન જીવી ગયા. આદર્શ જીવન જીવવાની કળા કુદરતે તેમને બક્ષી હતી.

જીવન નાવના સર્વે સઢ મુક્ત રાખી અનેક ક્ષેત્રે વિહાર કરનાર શેઠશ્રી રમણભાઈ સહુને રડતાં મૂકી પોતાનો પંથ ઉજ્જવળ બનાવી ગયા છે. તેમની સેવાએ અનેકને પ્રેરણાના પાન કરાવ્યા અને ધાર્મિક કાર્યમાં રસ લેતા કર્યા હતા. વાસણો ભેગા મળે અને ખખડાટ સંભવે જ ત્યારે શાંતિ અને સુમેળના સૂરની વિજયી બંસી તેઓજ બજાવી શકતા. તેમના કાર્યો જ ભાવનગરને આંગણે તેમની પ્રશસ્તિ ગાઈ રહ્યા છે

તેઓ એક પ્રતિભાશાળી વ્યક્તિ હતા અને તેમની સલાહ સૂચના બહુ ઉપયોગી થતાં. તેમની ખોટ સભાને બહુ જ લાગશે. જીભની મીઠાશ અને સત્યના પ્રખર વક્તવ્ય માટે તેઓ જરૂર મહાન વિભુતિ હતા. સેવાના નીર નિર્મળ અને વહેતાં રાખવામાં તેમનું વ્યક્તિત્વ ભાવના ને સિદ્ધાંતો અનેરી અસર કરી જતાં. પરમાત્મા તેમના આત્માને પરમ શાંતિ અર્પે એ જ પ્રાર્થના. ત્યાર બાદ પ્રમુખસ્થાનેથી શોક ઠરાવ રજુ થયો હતો.

**શોક ઠરાવ**—શ્રી જૈન સમાજના આગેવાન તેમજ કુશળ સેવાભાવી ઉદ્યોગપતિ તથા દાનવીર શ્રી રમણભાઈ અમૃતલાલ શેઠના તા. ૧૪-૨-૭૮ મંગળવારના રોજ થયેલ દુઃખદ અવસાન અંગે તા. ૧૯-૨-૭૮ ને રવીવારના રોજ મળેલી શ્રી જૈન આત્માનંદ સભાની વ્યવસ્થાપક સમિતિની આ સભા ખુબજ ઊંડા દુઃખની લાગણી વ્યક્ત કરે છે.

સ્વ. શ્રી રમણભાઈએ આ સભાને વર્ષો સુધી એક આગેવાન તેમજ કુશળ કોશાધ્યક્ષ તરીકે દોરવણી આપી છે. આત્માનંદ સભાની ઉન્નતિ માટે તેઓ સદા પ્રયત્નશીલ રહેતા. તે ઉપરાંત જૈન સમાજની અનેક સંસ્થાને માટે તેમની દોરવણી ખુબજ ઉપયોગી ને મહામૂલી હતી. તેઓશ્રી સ્વભાવે શાન્ત અને સરળ હતા તેમજ સાદાઈ તેમના જીવનમાં વણાયેલી હતી. ગરીબોનો પ્રશ્નોમાં તેઓ હંમેશા સહાનુભુતિ ને સહકાર આપતા. તેમનું માર્ગદર્શન ખૂબજ ઉપયોગી હતુ. તેમના સ્વર્ગવાસથી શ્રી જૈન આત્માનંદ સભાને ન પૂરાય એવી ખોટ પડી છે. અન્ય સંસ્થાઓને પણ એક સાચા માર્ગદર્શકની ખોટ પડી છે.

તેમના કુટુંબીજનો પર આવી પડેલ દુઃખમાં આ સભા સમવેદના પ્રગટ કરે છે અને સ્વર્ગસ્થના આત્માને પરમ શાન્તિ મળે એવી પ્રાર્થના કરે છે.

ત્યાર બાદ સદ્ગતના માનમાં સર્વે ઊભા થઈને બે મિનિટ મૌન પ્રાર્થના નવકારમંત્ર દ્વારા અંજલી અર્પી સભા વિસર્જન થઈ હતી.

## પરમ પૂજ્ય શ્રી આત્મારામજી મહારાજની જન્મ જયંતિ

પરમ પૂજ્ય ગુરુદેવ **શ્રી** આત્મારામજી ( આચાર્ય શ્રી વિજયાનંદસૂરીશ્વરજી ) મહારાજ સાહેબનો ૧૪૨મો જન્મદિન આ સભા તરફથી સંવત ૨૦૩૪ ચૈત્ર સુદી ૧ ને શનીવાર તા. ૮-૪-૭૮ ના રોજ રાધપુર નિવાસી સ્વ. શેઠશ્રી સકરચંદ મોતીલાલભાઇના સહકારથી આ સભા તરફથી ઉજવવામાં આવ્યો હતો. શ્રી શત્રુંજય ગિરીરાજ ઉપર આદિશ્વર ભગવાનની મોટી ટુંકમાં જ્યાં પૂજ્ય આત્મારામજી મહારાજની પ્રતિમા બિરાજમાન છે ત્યાં નવાણું પ્રકારી પૂજા ભણાવી અંગ રચના કરવામાં આવી હતી. આ પ્રસંગે ભાવનગરથી સારી સંખ્યામાં સભાસદો આવ્યા હતા. આ સભા તરફથી સભાસદોનું બપોરના સ્વામીવાત્સલ્ય કરવામાં આવ્યું હતું અને સાધુ-સાધ્વીજી મહારાજની ભક્તિનો પણ સારો લાભ લીધો હતો.

તંત્રી : શ્રી ગુલાબચંદ લલ્લુભાઈ શાહ, શ્રી આત્માનંદ પ્રકાશ તંત્રી મંડળ વતી;
પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર
મુદ્રક : શ્રી ગિરધરલાલ ફૂલચંદ શાહ. સાધના મુદ્રણાલય, દાણાપીઠ : ભાવનગર

For Private And Personal Use Only